بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

## અહલે સુન્નત વ જમાઅત

# માસિક બરકાતે ખ્વાજા

યા'ની મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર

બફ્ય્ઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ
બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ


**બરકાતે ખ્વાજા** (માસિક)

**૧-ઓકટોબર-૨૦૦૭**

રમઝાનુલ મુબારક-શવ્વાલુલ મુકર્રમ
હિજરી સન : ૧૪૨૮

વર્ષ : ૦૪, અંક : ૧૦, સળંગ અંક : ૪૬



★ સ્થાપક અને પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪૬૪૪૧૧

Email : anjuman2006@hotmail.com


### ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫-૦૦ |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦-૦૦ |
| વિદેશ માટે | £ | 15-00 |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૩૦૦-૦૦ |
| આજીવન | રૂા. | ૩૦૦૦-૦૦ |
| વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| વિદેશ માટે આજીવન | £ | 250-00 |


★ માનદ તંત્રી ★

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc)


## નઅતે પાક

અઝ : હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા મુસ્તફાખાં રઝાખાં બરેલ્વી رحمۃ اللہ علیہ

તૂ શમ્એ રિસાલત હૈ આલમ તેરા પરવાના
તૂ માહે નબુવ્વત હૈ અય જલ્વએ જાના ના

જો સાકીએ કૌષર કે ચેહરેસે નક઼ાબ ઉઠે
હર દિલ બને મયખાના હર આંખ હો પયમાના

મૈં શાહ નશીં ટૂટે દિલ કો ન કહૂં કૈસે
હૈ ટૂટા હુવા દિલ હી મૌલા તેરા કાશાના

ઈસ દર કી હુઝૂરી ભી ઈસ્યાં કી દવા ઠહરી
હૈ ઝહરે મઆસ઼ી કા તયબહ હી શિફ઼ા ખાના

હર ફૂલમેં બૂ તેરી હર શમ્અમેં ઝ઼વ તેરી
બુલબુલ હૈ તેરા બુલબુલ પરવાના હૈ પરવાના

સંગે દરે જાનાં પર કરતા હૂં જબીં સાઈ
સજદા ન સમઝ નજ્દી સર દેતા હૂં નઝરાના

ગિર પળ કે યહાં પહૂંચા મર મરકે ઈસે પાયા
છૂટે ન ઈલાહી અબ સંગે દરે જાના ના

આબાદ ઈસે ફ઼ર્મા વિરાં હૈ દિલે 'નૂરી'
જલ્વે તેરે બસ જાએં આબાદ હો વીરાના

**નોંધ** આ સાથેના વર્તુળમાં લાલ ચોકડી હોય તો સમજવું કે તમારું લવાજમ પૂરું થયું છે. તો જલ્દીથી મોકલાવી દેવું.

# બરકાતે ખ્વાજા (માસિક) ઓકટોબર-૨૦૦૭

**વર્ષ : ૦૪** **અંક : ૧૦** **સળંગ અંક :૪૬**



| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **જગતને જુલ્મથી નજાત અપાવનાર કોણ ?!....** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી લેખ)* | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૧૦ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફ્તી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૨ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૪ |
| ૦૫. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૧૭ |
| ૦૬. | ગુનાહોનો ઈલાજ | **લેખક** : મૌલાના હકીમ મુહમ્મદ અસ્લમ શાહીન કાદરી<br>**અનુ.** : મૌલાના મુહમ્મદ શાકિર મિસ્બાહી દયાદરવી | ૨૦ |
| ૦૭. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૨૨ |
| ૦૮. | આપ ﷺના શરીર મુબારકના કમાલો ! છે કોઈ જગતમાં આવો ખુશ્બુદાર ! | મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી સેગવાવાળા<br>ચિકાગો, યુ.એસ.એ. (ખલીફા તાજુશ્શરીઅહ) | ૨૩ |
| ૦૯. | **ગીત-સંગીતનાં ભયાનક બુરાં પરિણામો** | **અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી**<br>**અનુ.** : મૌલાના મુહમ્મદ શાકિર મિસ્બાહી દયાદરવી | ૨૭ |
| ૧૦. | **અમેરિકી પોલીસીઓ જ આતંકવાદને ઉત્તોજન આપે છે !** | **રજૂ.** મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી | ૩૪ |
| ૧૧. | માહોલની ખરાબીના સબબો અને તેના ઈલાજ | **રજૂ.** મુહમ્મદ અનીસ રિફાકતી<br>*(મુતઅલ્લિમ દારુલ ઉલૂમ ગૌષે સમદાની)* | ૩૭ |
| ૧૨. | **માનવી આદમની ઔલાદ છે વાનરની નહીં !** | **રજૂ.** મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી | ૪૦ |
| ૧૩. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૫ |
| ૧૪. | બરકાતે ખ્વાજા માસિક થકી ચાલતી લેખ હરીફાઈનું પરિણામ.... | **કાર્યાલય** | ૪૮ |

મુસલમાનો ! 'ગુજરાત સમાચાર' દૈનિક પત્રનો બહિષ્કાર કરો !

# જગતને જુલ્મથી નજાત અપાવનાર કોણ ?!
# બેશક ! આપણા જ નબી મુહમ્મદ મુસ્તફા ! صلی اللہ علیہ وسلم

સારે અચ્છોંમેં અચ્છા સમઝીએ જિસે
હૈ ઉસ અચ્છેસે અચ્છા હમારા નબી !

જિસ્કી તસ્કીંસે રોતે હુએ હંસ પળેં
ઉસ તબસ્સુમ કી આદત પે લાખોં સલામ

**તંત્રી લેખ**

મીડીયા અને પત્રકારત્વની જવાબદારી તો એ છે કે તે કોઈ પણ જાતના પક્ષપાત તથા અન્યાય અને પૂર્વગ્રહને વશ થયા વિના સત્યને સત્ય અને અસત્યને અસત્ય જાહેર કરે, જૂઠથી પરહેઝ કરે અને કોઈ જાતિ કે કૌમ અથવા કોઈ ખ્યાતનામ વ્યક્તિને વિના કારણે ટીકાઓનું નિશાન બનાવી તેના ચાહકોની લાગણીઓને ન દુભાવે, સમાજની શાંતિને ન દહોળે, સામાજિક ક્ષેત્રે, ધર્મના નામે કે સમાજ સેવાના નામે લોકોને છેતરનારાઓની પોલને સચોટ દલીલબદ્ધ અંદાજમાં જાહેર કરે અને સમાજના લોકો પર થતા અન્યાય, જુલ્મ તથા ધોકા પ્રપંચોનો સફાયો થાય અને સર્વ પબ્લિકના ભાઈ બહેનો ખુશ્નુમા માહોલમાં જીવે, આપસમાં ભાઈચારાની ભાવના વધે એવા ન્યૂઝ તથા એવા લેખો પ્રગટ કરે.

## ઈસ્લામથી પૂર્વગ્રહ રાખનારાઓના હાથા કોણ ?!

પણ બુરુ થાય શૈતાનનું કે તેણે કેટલાક થર્ડ કક્ષાના લેખકોના દિમાગોમાં ભરાઈને તેમનું દિમાગ એવું શૈતાની બનાવી આપ્યું કે તેઓ રાતો રાત ખ્યાતનામ થવાની તથા દુનિયાના હીરો બની જવાની તથા નાણાની લાલચમાં લપસી પડે છે અને શૈતાની વૃત્તિવાળા તેમજ દુનિયામાં અશાંતિના ચાહક તથા ઈસ્લામ ધર્મ તથા જાતિના લોકો પ્રત્યે પૂર્વગ્રહથી પીડાતા એવા વિકૃત માનસના લોકોના હાથા બની જાય છે અને ન કરવાનાં કામો અને ન લખવાના લેખો લખી મારે છે, પછી એ નથી જોતા કે એમના આડેધડ લખાયેલા કટુ શબ્દોની પાછળ કોનું માનભંગ થઈ રહ્યું છે અને કેટલા કરોડ માનવોના દિલને એનાથી ઠેસ પહોંચી રહી છે અને કેવા ભયાનક હંગામા એનાથી ખડા થઈ શકે છે.

એવા થર્ડ ડિગ્રીના લેખકો જેમનો કોઈ ભાવ પૂછતુ ન હતું તેઓ ઈસ્લામ તથા મુસલમાનથી પૂર્વગ્રહ સેવનારી મંડળીઓના હાથા બની ગયા. તેમનામાંના એક અતિ કુખ્યાત મનહૂસ લેખક 'સલમાન રશદી' છે કે જે પ્રપંચી ઈસાઈ તથા યહૂદીઓનો હાથો બન્યો અને તેણે ઈસ્લામ તથા પયગંબરે ઈસ્લામનું અપમાન કરતી કિતાબ "સેતાનિક વર્સિસ" લખી અને રાતોરાત જગતભરના ઈસ્લામ વિરોધી તત્વોનો હીરો બની ગયો. આ કેવળ નામના મુસલમાને એવું કરીને પોતાની જહન્નમને રજીસ્ટર્ડ તો કરાવી લીધી ઉપરાંત એનો વિરોધ કરવામાં વિશ્વભરમાં જે હંગામા થયા અને અગણિત મુસલમાનો શહીદ થઈ ગયા એ અલગ, કેમ કે મુસલમાન ગમે તેવો બેઅમલ હશે પણ પોતાના નબીનું અપમાન સહી નથી શકતો. એ જ બદ્બખ્ત મરદૂદ 'સલ્માન રશદી' આવું કરીને કેટલાકની આંખોનો તારો તથા કેટલાકની આંખોની ઠંડક બની ચૂક્યો છે જેમ કે બ્રિટિશ ગવર્નમેન્ટ તથા રાણી એલિઝાબેથનો કે આ કુખ્યાત લેખકને તેમણે 'સર'નો ઉચ્ચ સન્માનનીય ખિતાબ આપ્યો. અને જ્યારે નબીની તૌહીનની શિક્ષામાં અગાઉ એના માથે

ઈરાને મૃત્યુદંડનો ફત્વો જાહેર કર્યો અને તેમ કરનારને ઈનામની જાહેરાત કરી હતી ત્યારે પણ તેને સિક્યૂરિટી પૂરી પાડનારા આ જ લોકો હતા બ્રિટન, ફ્રાંસ, અમેરિકા.... વગેરે. તેમજ એવી જ એક બદ્‌બખ્ત બંગલાદેશની રદ્દી નિર્લજ્જ સ્ત્રી લેખિકા તસ્લીમા નસ્રીને 'લજ્જા' નામની વાર્તામાં કુર્આન તથા ઈસ્લામ અને ઈસ્લામી કાનૂનોની વિરુધ્ધ લખ્યું તો તેનો પણ એ જ અંજામ થયો અને તેને બંગલાદેશથી તડીપાર કરવામાં આવી, તેને પણ સિક્યૂરીટી પૂરી પાડનાર ફ્રાંસ પેરિસના તેના એ જ વહાલા દવલાઓ હતા. અને આશ્ચર્યની વાત કે જગતના કરોડો મુસ્લિમોના પવિત્ર ગ્રંથ કુર્આન શરીફ તથા ઈસ્લામી કાનૂનોની ઠેકડી ઉડાવનાર નામ માત્રની કહેવાતી મુસ્લિમ તસ્લીમા નસ્રીનને હાલ હિંદુસ્તાનમાં પ. બંગાળ ખાતે શરણ અપાયું છે ! અને હિંદુસ્તાનમાં ઠેકઠેકાણે તેણી દેખા દઈ રહી છે, જેમ કે થોડા સમય પર તેણીએ બેંગ્લોરમાં કાંઈક બકવાસ કર્યો હતો અને હમણા થોડા સમય પર જ હૈદરાબાદથી હડધૂત થઈને તેણીને ભાગવું પડયું હતું, તો અમુક મુસલમાનો પ્રતિ પૂર્વગ્રહથી પીડાતા અખ્બારોએ તેણીને સુધારાવાદી દર્શાવી તેણીના હડધૂત થવા પર રંજ વ્યક્ત કર્યો હતો.

એ બ્રિટન, ફ્રાંસ કે અમેરિકા હોય કે અન્ય કોઈ પણ જેઓ ઈસ્લામી જગતમાં અંજપાની લહેર દોડાવનારને, તેમના નબી તથા કુર્આને પાકની બેઅદબી કરનારને, મુસ્લિમોના ચૈનને હણનારાઓને ઉચ્ચ કોટીના 'સર'ના ખિતાબ આપે કે તેવી વ્યક્તિઓને શરણ તથા રક્ષણ આપે તો તેઓ પોતાની અસલિયત જાહેર કરી રહેલ છે અને પોતાની ઈસ્લામ દુશ્મનીને છતી કરી રહેલ છે. એવા લેખકોને 'સર'ના ખિતાબ કે ઈનામ તથા શરણ આપીને તેઓ તેમના હેતુને સિદ્ધ કરતાં કરતૂતોનું વળતર તેમને ચૂકવી રહેલ છે એ પુરવાર થાય છે.

## શું ત્રાસવાદી અન્ય કૌમોમાં નથી ?!

મૂળ વાત પર આવીએ કે વર્તમાનકાળમાં મીડીયા તથા પત્રકારત્વનું એકદમ નૈતિક અધઃપતન થઈ ચૂક્યું છે, પશ્ચિમી ઈસાઈ તથા યહૂદી તથા ઈઝરાઈલની ચાલે ચાલીને આજના કેટલાક આપણે ત્યાંના વર્તમાનપત્રો ઈસ્લામ તથા મુસલમાનોને આડે હાથે લેવાનો કોઈ મોકો જતો કરતાં નથી. કુર્આન તથા ઈસ્લામના સ્થાપક મુહમ્મદ મુસ્તફા ﷺના જીવનનો નિષ્પક્ષપણે ન્યાયપૂર્વક અભ્યાસ કરનારાઓ ખૂદ સ્વીકારે છે કે **ઈસ્લામ તો જુલ્મ તથા ત્રાસવાદનો સફાયો કરવા આવ્યો છે,** છતાં ક્યાંક કોઈ નામનો મુસલમાન 'કહેવાતો' ત્રાસવાદી પકડાય કે ક્યાંક બોમ્બ ગમે તે ફોડી જાય તો શંકાની સોય મુસલમાનો તરફ તાકીને તે બનાવને **આપણા અખ્બારો 'ઈસ્લામી ત્રાસવાદ'નું નામ આપીને ખુશી અનુભવે છે !** આ કેટલો જુલ્મ તથા અન્યાય છે કે જે ધર્મ જુલ્મનો તથા ત્રાસવાદનો વિરોધી છે તેના જ માટે આવા શબ્દો ઉચ્ચારવામાં આવે ! અને આ અજબની લોકશાહીમાં એમને કોઈ પૂછનાર પણ નથી !

અમારો પ્રશ્ન છે કે શું જગતમાં કેવળ મુસ્લિમ નામધારીઓ જ ત્રાસવાદી છે કે અન્ય કોઈ જાતિના લોકો છે ? અને નિર્દોષોની લાશોના ઢગલા ખડકનારા કોઈ અન્ય જાતિના પણ લોકો હિંદુસ્તાનમાં તથા જગતભરમાં શ્વાસ લઈ રહ્યા છે કે નહીં ? નકસલવાદીઓ, માઓવાદીઓ, ખાલીસ્તાનવાદીઓ, તામીલ ટાઈગર્સ વગેરે ઉગ્રવાદી ત્રાસવાદી સંગઠનોના સમાચારો અવારનવાર પોલીસ ચોકીઓ ઉડાવી દેવાના, સંખ્યાબંધ પોલીસો તથા નિર્દોષ નાગરિકોના ખૂનો કરવાના સમાચારો એ જ અખ્બારો આપે છે પણ તેને **"હિંદુત્વ ત્રાસવાદ"** કે **"શીખ ત્રાસવાદ"** કે **"ઈસાઈ ત્રાસવાદ"** કે **"યહૂદી ત્રાસવાદ"** કહેવામાં નથી આવતો, તો પછી કોઈ મુસ્લિમ નામી કાંઈ અડપલુ કરે અથવા ક્યાંક ધમાકો થાય તો સીધો આક્ષેપ

ચોંટાડી તેને **"ઈસ્લામી ત્રાસવાદ"** એવા શબ્દોથી શા માટે નવાજવામાં આવે છે ?! શું આમાં ઈસ્લામને બદનામ કરવાની તેમની મેલી મુરાદ જાહેર નથી થતી ?

## ગુજરાત સમાચાર દૈનિકની ઉદ્ધતાઈ !

એવા જ એક વર્તમાન પત્ર 'ગુજરાત સમાચાર' દૈનિકમાં તા. ૪–૯–૨૦૦૭ના વર્તમાનપત્રના પેજ નં. ૧૦ ઉપર ગુણવંત છો. શાહ નામના લેખકે ક્ષત્રિયો, રાજપૂતોની ઉચ્ચતા વિશેના લેખમાં લખતાં લખતાં અંતિમ પેરેગ્રાફમાં ન ચીતરવાનું ચીતરી કાઢયું અને અખ્બારનાં પાનાં સાથો સાથ પોતાના કરમને પણ કાળુ કર્યું કે, **"ત્યારે નબી મુહમ્મદ જુલ્મથી ઈસ્લામનો ફેલાવો કરતો હતો."** ત્યારબાદ લખે છે કે, "નબી અહમદે પોતાની બહેન ફરીદાબાનુનાં લગ્ન "અસપત" સાથે કરી આપતાં તેણે ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યો અને તેના બાકીના ત્રણ ભાઈઓ ત્યાંથી નીકળી વેરાવળ બંદરે ઉતર્યા અને સૌરાષ્ટ્રમાં જતા રહ્યા." આમ તાલમેલ વિનાનો ઈતિહાસ રજૂ કર્યો છે.

ઉપરોક્ત લખાણમાં "નબી મુહમ્મદ" તથા 'નબી અહમદ" નામો એ ઈસ્લામના પયગંબર સિવાય કોણ છે ? એટલે આ લેખકે ઈસ્લામના પયગંબરને "જુલ્મથી ઈસ્લામનો ફેલાવો કરનાર" લખીને આપનું જબરદસ્ત અપમાન કરીને મુસલમાનોના જિગર પર નસ્તર ચલાવ્યો છે. કોઈપણ લેખક હોય તે પોતાની માન્યતા તથા ધર્મ વિશે, પોતાની જાતિની, પોતાના ધર્મની પ્રશંસામાં એ પોતે ગમે તે લખતો રહે એને એ જાણે, એના અધિકારમાં છે કે લખે, પણ અન્ય ધર્મના પયગંબર વિશે તદ્દન વિરોધાભાસી તથા જૂઠા આક્ષેપ કરતું લખાણ લખવાનો તેને શું હક્ક છે ? માટે **સર્વ મુસલમાનોને અમારી વિનંતિ છે કે આ "ગુજરાત સમાચાર" દૈનિકના તંત્રી તથા લેખક ગુણવંત છો. શાહ સામે લોકશાહી માર્ગે પોતાના શહેરના કલેક્ટર, મામલતદાર, કમિશ્નરને અમુક જ વ્યક્તિઓનાં પ્રતિનિધિમંડળો જઈને શાંતિપૂર્ણ રીતે આવેદન પત્ર, ચીફ મિનિસ્ટર ગુજરાત તથા પ્રાઈમ મિનિસ્ટર ઈન્ડિયાને સંબોધીને ગુજરાતી તથા અંગ્રેજીમાં આપે, ઉપરાંત અન્ય જે કાંઈ કોર્ટ રાહે લિગલ કાર્યવાહી થઈ શકતી હોય તે અવશ્ય કરે અને આવાં અખ્બારોનો બહિષ્કાર કરે, અને એની સામે અહિંસક રાહે વિરોધ પ્રદર્શિત કરે એવી હાલના સંજોગોમાં દરેક નબી ﷺ પર ઈમાન રાખવાવાળાની ફરજ બને છે.**

ભરૂચ જિલ્લાના મુસ્લિમો વતી એક આવેદનપત્ર ભરૂચ જિલ્લા કલેકટર સાહબને તા. ૧૦–૯–૨૦૦૭ના રોજ આપવામાં આવ્યું તેમજ આ લખાય છે ત્યારે કોર્ટ રાહે કાર્યવાહી કરવા પણ ચક્રો ગતિમાન થયેલાં છે. ખૈર, જેણે જે નિય્યતે જે કર્યું તેનો બદલો તે અહીં પણ અને આખેરતમાં પણ ભલો બુરો જરૂર પામશે, જેનું જેવું નસીબ ! પણ આવા લખાણોમાં આ ઈસ્લામ પ્રતિના પૂર્વગ્રહથી પીડાતા અધૂરીયા લેખકે જે લખ્યું છે તેની એમની પાસે કોઈ દલીલ પણ છે કે ઈસ્લામી ઈતિહાસમાં ક્યાંય જુલ્મને સ્થાન મળ્યું હોય ? આવો ! આપણા નબી મુહમ્મદ મુસ્તફા ﷺના જીવન પ્રસંગોનું સંક્ષિપ્તમાં નિરીક્ષણ કરી લઈએ કે આપ જુલ્મ કરનાર હતા કે ખૂદ જુલ્મ પીડીત (મઝલૂમ) હતા ?!

## નબી મુહમ્મદ ﷺ પર જુલ્મનો વરસાદ !

ઈસ્લામની દા'વતના પ્રથમ દૌરમાં રબનો હુકમ થતાં આપ પ્રારંભમાં ત્રણ વરસ સુધી અત્યંત ગુપ્તપણે ઈસ્લામના પ્રચારની ફરજ અદા કરતા રહ્યા. આ દરમ્યાન મહિલાઓમાં સૌ પ્રથમ હઝરત

બીબી ખદીજા رضی اللہ عنہا અને આઝાદ પુરૂષોમાં સૌ પ્રથમ હઝરત અબૂબક્ર رضی اللہ عنہ અને બાળકોમાંથી સૌ પ્રથમ હઝરત અલી کرم اللہ وجہہ الکریم અને ગુલામોમાંથી સૌ પ્રથમ ઝૈદ બિન હારિષા رضی اللہ عنہ ઈમાન લાવ્યા. પછી ક્રમે ક્રમે લોકો ઉમેરાતા ગયા આ રીતે મુસલમાનોની એક જમાઅત તૈયાર થઈ ગઈ.

ત્યારબાદ બીજા દૌરમાં રબના હુકમથી આપે આપના ખાનદાનવાળાઓ કુરૈશ કબીલાના લોકોને જમા કરી પહાડની ટોચ પરથી અલ્લાહનો ડર સંભળાવી ઈસ્લામમાં દાખલ થવા અને એક અલ્લાહની ઈબાદત કરવા સમજાવ્યા. આ તે લોકો હતા જેઓ આપને સાચા તથા અમીન હોવામાં અતૂટ વિશ્વાસ ધરાવતા હતા છતાં નારાજ થઈ સૌ જતા રહ્યા.

ત્રીજા દૌરમાં નબુવ્વતના એલાનના ચોથા વરસે રબના હુકમથી આપે જાહેરમાં ઈસ્લામની તબ્લીગ શરૂ કરી અને અનેક મઅબૂદોના બદલે એક અલ્લાહની ઈબાદત માટે પબ્લિકને સમજાવવું શરૂ કર્યું તો જુલ્મો સિતમનો દૌર શરૂ થઈ ગયો. સૌ પ્રથમ તો આપને ભવિષ્યવેત્તા, જાદૂગર, કવિ, પાગલ કહેવામાં આવ્યા અને તેનો શેરીએ શેરીએ તથા બજારમાં જોરદાર પ્રચાર કરવામાં આવ્યો, આપની પાછળ તોફાની છોકરાઓની ટોળીઓ લગાડવામાં આવી જેઓ આપને ગાળો આપતા, ભલુ બુરુ કહેતા, પાગલ, દીવાનો કહી બૂમો પાડતા, આપના ઉપર પથ્થરો ફેંકતા હતા. મક્કાના કાફિરો આપના માર્ગમાં ક્યારેક કાંટા પાથરતા, શરીર મુબારક પર ગંદકી ફેંકતા, ધક્કે ચઢાવતા, ક્યારેક આપની પવિત્ર તથા નાઝુક ગરદનમાં ચાદરનો ફાંસો આપી ગળુ ટૂંપી દેવા પ્રયાસ કરતા, આપનો સામજિક બહિષ્કાર પણ થયો અને આપના પર અનાજ પાણીના પ્રતિબંધો પણ લદાયા.

એકવાર કા'બાના હરમમાં નમાઝ પઢી રહ્યા હતા એવામાં એકાએક પથ્થર દિલ કાફિર ઉકબા બિન અબી મુઈતે આપના ગળામાં ચાદરનો ફાંસો નાખીને એટલા જોરથી ખેંચ્યો કે આપનો શ્વાસ રૂંધાવા લાગ્યો. હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ એનો વિરોધ કર્યો તો આપને પણ કાફિરોએ ખૂબ માર માર્યો અને લોહીલુહાણ કરી આપ્યા.

આપ ઈસ્લામ પ્રતિ લોકોને નિમંત્રણ આપતા તો અબૂ જહલ આપના પર ધૂળ ઉડાડતો. એકવાર કા'બાના હરમમાં આપ નમાઝ પઢી રહ્યા હતા તો અબૂ જહલની ચઢામણીથી ઉકબા બિન અબી મુઈતે ઊંટની હોજરી લાવીને આપના ખભા મુબારક પર મૂકી દીધી, આપ સજદામાં જ રહ્યા અને એ કાફિરો અટ્ટહાસ્ય કરતા રહ્યા. આપની જીવન ઝરમર જોતાં જણાય છે કે કાફિરોએ નબુવ્વતના એલાનથી લઈને આપના દુનિયાથી પર્દો કરતાં સુધી આપને ચૈનનો શ્વાસ લેવા નથી દીધો.

## મુસલમાનો પર જુલ્મોની વણઝાર

મક્કાના કાફિરોએ ગરીબ મુસલમાનો પર જે ભયાનક જુલ્મો સિતમના પહાડો તોડયા તેનાથી આત્મા કાંપી ઉઠે, અરબના ધગધગતા તાપમાં જ્યારે ત્યાં રેતીનાં કણો ભટ્ટીની જેમ ગરમ થઈ જાય ત્યારે એ મુસલમાનોની પીઠ ઉપર કોરડા મારીને તેમને ઘાયલ કરીને એ તપતી રેતી પર સૂવડાવી દેવામાં આવતા, તેમની છાતી પર એવા ભારે પથ્થરો મૂકી દેવામાં આવતા કે તેઓ પાસુ પણ ન ફરી શકે, લોખંડને આગમાં તપાવીને શરીર પર તેનાથી ડામ દેવામાં આવતા, પાણીમાં તેમને એટલી બધી ડૂબકીઓ દેવામાં આવતી કે તેમનો શ્વાસ રૂંધાવા લાગતો, ચટાઈઓમાં લપેટીને તેમના નાકે ધૂમાડો કરવામાં આવતો, હઝરત ખબ્બાબને કોલસાના અંગારાઓ પર ચત્તા સૂવડાવવામાં આવતા અને એક માણસ છાતી પર પગ મૂકી ઉભો રહેતો, એટલે સુધી કે પીઠની ચરબી અને શરીરમાંથી થતા સ્ત્રાવથી

કોલસા ઓલવાઈ જતા. હઝરત બિલાલને ગરદનમાં દોરડુ બાંધીને શેરીએ શેરી તથા બજારોમાં ઘસેડવામાં આવતા, પીઠ પર લાઠીઓનો માર મારવામાં આવતો. હઝરત અમ્માર બિન યાસરને ગરમા ગરમ રેતી પર ચત્તા સૂવડાવી કુરૈશના કાફિરો એટલા મારતા કે આપ બેભાન થઈ જતા. તેમનાં માતાને ઈસ્લામ સ્વીકારવાના કારણે ડૂંટીમાં ભાલો માર્યો જેનાથી તેણી શહીદ થઈ ગયાં. અમ્મારના પિતા પણ તેમનો માર ખાતા ખાતાં શહીદ થઈ ગયા. સુહૈબ રૂમીને એટલી ઈજાઓ કરતા કે કલાકો સુધી આપ બેભાન રહેતા. આવાં તો અસંખ્ય દૃષ્ટાંતો મુસલમાન થનારાઓ પર જુલ્મના ઈતિહાસમાં જોવા મળે છે.

આ જુલ્મો અસહ્ય થતાં નબી કરીમ ﷺ એ કેટલાક સહાબાને હબ્શા હિજરત કરી જવાની રજા આપી તો ત્યાં પણ આ મક્કાના કાફિરો પહોંચી ગયા. છેવટે આપના પર તથા મુસલમાનો પર જુલ્મોની પરંપરા સતત ચાલુ રહી તો અલ્લાહનો હુકમ આવતાં આપ પોતાના માદરે વતન મક્કાથી હિજરત કરી મદીના શરીફ જવા નીકળ્યા જ્યારે કે આપને શહીદ કરવાનો પ્લાન તૈયાર થઈ ચૂક્યો હતો. મદીના શરીફમાં આપના હુસ્ને અખ્લાક અને ઈસ્લામની ખૂબીઓથી આકર્ષાઈને ઘણા લોકો મુસલમાન થઈ ગયા અને મુસલમાનોની સંખ્યામાં ખાસ્સો વધારો થઈ ગયો. ત્યાં પણ મદીનાના કાફિરો, યહૂદીઓ આપની વિરુધ્ધ પ્રવૃત્તિઓ કરતા રહ્યા અને મક્કાના કાફિરો ત્યાં સુધી આપનો પીછો કરતા જંગ માટે આવતા રહ્યા, અને મુસલમાનો તેમના પ્રતિકારમાં લડાઈમાં ઉતરતા રહ્યા. મક્કાવાસીઓ ઈસ્લામના પયગંબર નબી મુહમ્મદ મુસ્તફા અહમદ મુજતબા ﷺને તથા ઈસ્લામને ખતમ કરવા વારંવાર હુમ્લા કરી લડાઈની ચેલેંજો આપતા રહ્યા જેમાં જંગે બંદર, જંગે ઓહદ, જંગે ખંદક, જંગે ખૈબર, જંગે મૌતા વગેરે મશહૂર જંગો કાફિરોની ચેલેંજમાં પોતાનો સામનો કરવા મુસલમાનોએ લડવી પડી. છેવટે મુસલમાનોને મક્કા પર અલ્લાહ તઆલાએ વિજય આપ્યો.

## છે ઈતિહાસમાં કોઈ આવો કૃપાવાન વિજયી ?

આજે તો સહેજ સત્તા હાથમાં આવતાં સામે પાર્ટીના ટેકેદાર પર જુલ્મ કરવામાં આવે છે, તથા ખોટા બહાનાં બનાવીને અમેરિકા–બ્રિટને અફઘાન તથા ઈરાક પર કબ્જો કરી ત્યાં લૂંટમાર, ખૂના મરકી, સ્ત્રીઓ પર બળાત્કાર અને શું શું જુલ્મો નથી કર્યા, છતાં તેને કોઈ જુલ્મ નથી કહેતું !! જ્યારે વરસો સુધી ઈસ્લામના પયગંબર તથા મુસલમાનો પર જુલ્મની વર્ષા કરનારાઓ સાથે નબી કરીમ ﷺએ શો વર્તાવ કર્યો તે જોઈ લો ! આંખ પરથી ઈસ્લામથી પૂર્વગ્રહના ચશ્મા હટાવીને નિખાલસપણે જુઓ કે મક્કાના કાફિરોના જુલ્મો સિતમથી ત્રાસી જઈને મુસલમાનોને હિજરત કરવી પડી છતાં મદીના શરીફ સુધી આવીને જંગો કરનારા, આપ ﷺને તથા મુસલમાનોને સતાવનારા અતિ ખુંખાર કાફિરો મુસલમાનોને અલ્લાહ તરફથી મળેલી ફતહના કારણે ઢીલા પડી ઘરોમાં સંતાઈ ગયા, વરસો સુધી જુલ્મ કરનારાઓથી આજે વેર વાળવાનો અવસર હતો પણ સમગ્ર જગત માટે કૃપા બનીને આવનાર નબી કરીમ ﷺએ શું એલાન ફર્માવ્યું તે સાંભળો ! વેરને બદલે રહમતોનો દરિયો આજે કેવો જોશમાં છે તે જોઈ લો ! ઈસ્લામના પયગંબરે ફર્માવ્યું :–

★ જે વ્યક્તિ હથિયાર નાખી દેશે એના માટે અમાન છે.

★ જે વ્યક્તિ પોતાનો દરવાજો બંધ કરી લેશે તેના માટે અમાન છે.

★ જે કા'બામાં દાખલ થઈ જશે તેના માટે અમાન છે.

★ જે અબૂ સુફિયાનના ઘરમાં દાખલ થઈ જાય તેના માટે અમાન છે.

આ તે અબૂ સુફયાન છે જેમણે બધી જ જંગોમાં મુસલમાનો વિરુધ્ધ સરદારી નિભાવી કાફિરોને ઉશ્કેરીને કેટલાય મુસલમાનોને શહીદ કર્યા હતા. (જે મક્કાના વિજય પછી કેટલાક સમય બાદ ઈમાન લાવ્યા હતા.) છતાં અતિ કૃપાળુ નબીએ તેમને પણ અને તેમના ઘરમાં જનારને પણ અમાન બખ્શી દીધી ! આપ નમ્રતાથી નીચી ગરદને ઊંટણી પર સવાર મક્કામાં પ્રવેશ્યા, ન કોઈ ઘમંડ ન કોઈ જુલ્મ, વરસોના ખતરનાક દુશ્મનોને માફ કરી આપ્યા અને એક ટીપુ લોહીનું વહાવ્યા વિના મક્કામાં પ્રવેશ કર્યો.

હે ! ઈસ્લામ પ્રતિ પૂર્વગ્રહથી પીડાનારાઓ ! **દુનિયાના ઈતિહાસમાં આ છોડીને કોઈ બીજા વિજયીનું આવું દષ્ટાંત હોય તો લાવો !** અને કદાપિ નથી લાવી શકતા ! તો શરમાવ ! ખોટો વિરોધ કરવાનું અને ખોટી રીતે ઈસ્લામના પયગંબર પર જુલ્મના આક્ષેપો કરવાનું ત્યજી દો ! અને સત્યનો સ્વીકાર કરી લો ! અને હા ! ન્યાયપ્રિય ગૈર મુસ્લિમ લેખકોએ પણ જ્યારે નિષ્પક્ષ બની ઈસ્લામનો અભ્યાસ કર્યો તો સત્યનો સ્વીકાર કર્યો છે અને ઈસ્લામના પયગંબરનાં ભરપૂર વખાણો કર્યા છે.

## નબી મુહમ્મદ ﷺની ખૂબીઓ પશ્ચિમી લેખકોની દષ્ટિએ

ઉપરોક્ત જ મક્કાના વિજય પ્રસંગને અનુલક્ષીને પશ્ચિમી લેખક સ્ટેનલે લેન પોલ પોતાના પુસ્તક **The Speeches & Table Talk of The Prophet Mohammad**માં લખે છે : "મક્કાના વિજયના પ્રસંગે હઝરત મુહમ્મદ ﷺનો પોતાના શત્રુઓ પર મહાનતમ વિજયનો દિવસ તેમના માટે મહાનતમ આત્મસંયમનો પણ દિવસ હતો. કુરૈશે વર્ષો સુધી તેમને વિવિધ આઘાતો તથા નફરત તેમજ તિરસ્કારના નિશાન બનાવ્યા હતા છતાં તેમણે કુરૈશને માફ કરી દીધા અને મક્કાની તમામ વસ્તીને પણ આમ સર્વ સાધારણ માફી આપી. તેમનું અનુસરણ કરતાં તેમની ફોજ પણ મક્કા શહેરમાં બહું જ મૌનપૂર્વક અને શાંતિ સાથે દાખલ થઈ. તે દિવસે ન તો કોઈ ઘરને લૂંટવામાં આવ્યું અને ન તો કોઈ સ્ત્રીની આબરૂથી ખેલવામાં આવ્યું....." *(પયગંબરે ઈસ્લામ રસૂલે અકરમ ﷺ પશ્ચિમી લેખકોની નજરમાં)*

ઈસ્લામ વિરુધ્ધ ગલત પ્રોપેગન્ડાના ઘણા લોકો શિકાર બનેલા છે પણ જેઓ ઈસ્લામનો નજીકથી અભ્યાસ કરે છે, નબી કરીમ ﷺના જીવનનો નિષ્પક્ષપણે અભ્યાસ કરે છે ત્યારે પશ્ચિમી લેખક બિશપ બોઈડ કારપેન્ટરની જેમ પોકારી ઉઠે છે કે, "કેટલાક લોકો હઝરત મુહમ્મદ ﷺને ધુમ્મસમાં થઈને નિરખે છે જે ભય તથા અજ્ઞાનતાએ તેમની આસપાસ ફેલાવી રાખેલ છે. એવા લોકોની દષ્ટિમાં તેઓ એક ભયાનક વ્યક્તિ છે કે જેમના વિરુધ્ધ દરેક પ્રકારની ભૂંડાઈ વર્ણન કરી શકાય છે. પરંતુ હવે ઈર્ષાનું ધુમ્મસ વિખેરાઈ ગયું છે એટલા માટે અમે ઈસ્લામના સ્થાપકને અધિક પ્રકાશમાં જોઈ શકીએ છીએ. *(પુસ્તક : **The Permenent Element in Religion**, પેજ–૩૦, બહવાલા : પયગંબરે ઈસ્લામ રસૂલે અકરમ ﷺ પશ્ચિમી લેખકોની દષ્ટિમાં)*

પણ જેઓ આટલી સ્પષ્ટ વાતોનેય નથી સમજી શકતા તો એમના માટે તો શેખ સઅદીનું કથન જ યોગ્ય છે કે, **"જો ચામાચીડીયુ સૂરજના પ્રકાશમાં દિવસે કાંઈ ન જુએ તો તેમાં સૂરજના પ્રકાશનો શું વાંક ?!"**

પશ્ચિમી લેખક જોન જોઝફ લેક જણાવે છે કે, "એ વાત નિશ્ચિત છે કે હઝરત મુહમ્મદ ﷺના

શત્રુઓએ તેમને પોતાના બચાવ ખાતર હથિયાર ઉપાડવા માટે મજબૂર કર્યા હતા અને એવા પ્રસંગે પણ તેમણે પોતાના અનુયાયીઓને સાવચેત કર્યા હતા કે તેઓ આક્રમણમાં પહેલ કરે નહીં.'' *(પુસ્તક : Islam It's origin Genius & Mission, હવાલો ઉપર મુજબ)*

સ્ત્રી વર્ગ પર સૌથી વધુ મહેરબાની કરનાર નબી ﷺની વિરુધ્ધ પૂર્વગ્રહીઓ ગલત આક્ષેપ લગાડે છે કે ઈસ્લામમાં સ્ત્રીઓ પર જુલ્મ કરવામાં આવ્યો છે, તેણીઓને હક્કો નથી આપ્યા, પણ પોતે જે ધર્મના અનુયાયી છે તેઓ પોતાના જ ધર્મનો અભ્યાસ કરી વિગતો રજૂ કરે કે તેમાં વિધવાની શાદી પર પાબંદી, સ્ત્રીને વારસામાંથી બાકાત, મૃત પતિની ચિતા પર સ્ત્રીનું સતિ થવું, તેમજ દેવ દાસી પ્રથા વગેરે શું ઈસ્લામમાં છે ?! નથી અને નથી જ ! તો પછી સત્યનો સ્વીકાર કરે અને જુલ્મની નિસ્બત ઈસ્લામ પ્રતિ કરવાથી શરમ અનુભવે !

લેખક રોબર્ટ એલ ગુલીક **Mohammad The Educator** પુસ્તકમાં લખે છે : **''તેરસો વરસ થયાં હઝરત મુહમ્મદ ﷺએ સ્ત્રીઓને એ હક્ક આપ્યો હતો કે તેઓ મિલ્કતની માલિક બની શકે.** આ તે હક્ક હતો જે **ઇંગ્લેન્ડે ઈ.સ. ૧૮૫૭થી પહેલાં સ્ત્રીઓને આપ્યો ન હતો.''** *(હવાલો ઉપર મુજબ)*

લેખક સેમ્યુઅલ એમ. ઝવેમર (એફ.આર.જી.એસ. કેરો) પોતાના પુસ્તક The Muslim worldમાં લખે છે : ''અમે હઝરત મુહમ્મદ ﷺ સંબંધે કોઈ બીજી વાતનો ઈન્કાર કરી શકીએ છીએ, પરંતુ અમે ક્યારેય એ વાત જૂઠલાવી શક્તા નથી કે તેઓ મહાન યોગ્યતાઓ અને દક્ષતાઓના વાહક હતા.'' *(હવાલો ઉપર મુજબ)*

પશ્ચિમી લેખક હેમિલ્ટન એ. આર. ગિબ પોતાના પુસ્તક **Mohammadanism**માં લખે છે : ''એ વાત સર્વ વ્યાપક રીતે સ્વીકાર્ય છે કે હઝરત મુહમ્મદ ﷺની સુધારણાઓએ સ્ત્રીઓના પદને સામાન્ય રીતે ઉચ્ચ કરી દીધું હતું. *(હવાલો ઉપર મુજબ)*

આપ ﷺની નબુવ્વતના એલાન પહેલાં અરબસ્તાન શું અન્ય દેશોમાં પણ સ્ત્રીઓની કોઈ સામાજિક, રાજકીય અને મઝહબી હૈસિયત ન હતી. સ્ત્રીઓને તિરસ્કૃત અને નીચ સમજવામાં આવતી. અરબસ્તાનમાં કેટલાય લોકો પોતાની પુત્રીઓને જીવતી દાટી દેતા હતા, વારસામાં કોઈ હક્ક ન હતો, ભારતમાં સતિના રિવાજે વિધવા સ્ત્રીની જિંદગી અજીર્ણ બનાવી દીધી હતી. રસૂલે કરીમ ﷺએ માનવ જાતિનો આદર કરતાં સ્ત્રીઓને પણ આદરણીય ઠેરવી. માંનો મર્તબો એ દર્શાવ્યો કે, ''માંના કદમો નીચે જન્નત છે.'' ઈસ્લામે તેણીઓને વારસાની હક્કદાર બનાવી. જગતમાં સ્ત્રી કલ્યાણ તથા ભલાઈનો ખયાલ એ ઈસ્લામી તા'લીમથી બોધ લઈને જ લગભગ છેલ્લા ૧૫૦ વરસથી અન્ય જાતિઓમાં અમલમાં આવ્યો છે, નહીં તો તેઓ ખૂદ પોતાના પૂર્વજોના ઈતિહાસને જોઈ લે કે સ્ત્રીઓ પર શું જુલ્મો થતા હતા ! એ તો આપ ﷺની જ કૃપા કે તેમણે દરેકને તેના હક્કો અપાવ્યા તથા સમાજમાં માન મોભો અપર્ણ કર્યો.

સારાંશ કે આપ ﷺની મહાનતાઓની પ્રશંસા કર્યા વિના એ લોકો નથી રહી શક્યા જેમણે ઈન્સાફથી નિષ્પક્ષ બની આપના જીવન ચરિત્રનો અભ્યાસ કર્યો છે. ગુણવંત શાહ તથા 'ગુજરાત સમાચાર'ના તંત્રી આ વાતોનો આંખ ઉઠાવી અભ્યાસ કરે અને પોતાની ભૂલની માફી જાહેર કરે એમાં જ એમની ભલાઈ છે.

# તફસીરે ઝિયાઉલ કુરઆન

ضیاء القرآن

-કાર્યાલય

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

عَلِمَ اللّٰهُ

اَنَّكُمْ كُنْتُمْ تَخْتَانُوْنَ اَنْفُسَكُمْ فَتَابَ عَلَيْكُمْ وَعَفَا عَنْكُمْ ۚ
فَالْـٰٔنَ بَاشِرُوْهُنَّ وَابْتَغُوْا مَا كَتَبَ اللّٰهُ لَكُمْ ۠ وَكُلُوْا وَاشْرَبُوْا
حَتّٰى يَتَبَيَّنَ لَكُمُ الْخَيْطُ الْاَبْيَضُ مِنَ الْخَيْطِ الْاَسْوَدِ مِنَ
الْفَجْرِ ۠ ثُمَّ اَتِمُّوا الصِّيَامَ اِلَى الَّيْلِ ۚ وَلَا تُبَاشِرُوْهُنَّ وَاَنْتُمْ
عٰكِفُوْنَ فِى الْمَسٰجِدِ ؕ تِلْكَ حُدُوْدُ اللّٰهِ فَلَا تَقْرَبُوْهَا ؕ كَذٰلِكَ
يُبَيِّنُ اللّٰهُ اٰيٰتِهٖ لِلنَّاسِ لَعَلَّهُمْ يَتَّقُوْنَ ﴿۱۸۷﴾ وَلَا تَاْكُلُوْٓا اَمْوَالَكُمْ
بَيْنَكُمْ بِالْبَاطِلِ وَتُدْلُوْا بِهَآ اِلَى الْحُكَّامِ لِتَاْكُلُوْا فَرِيْقًا مِّنْ
اَمْوَالِ النَّاسِ بِالْاِثْمِ وَاَنْتُمْ تَعْلَمُوْنَ ﴿۱۸۸﴾ ع

**તર્જુમો** : જાણે છે અલ્લાહ તઆલા કે તમે ખયાનત કર્યા કરતા હતા પોતાની સાથે પછી તેણે નઝરે કરમ ફર્માવી તમારા પર અને માફ કરી આપ્યું તમને, જેથી હવે તમો તેમનાથી મળો મિલાવો અને તલબ કરો જે (કિસ્મતમાં) લખી આપ્યું છે અલ્લાહે તમારા માટે, અને ખાવ અને પીઓ ત્યાં સુધી કે જાહેર થઈ જાય તમારા માટે સફેદ ડોરા કાળા ડોરાથી[૨૨૩] સવારના સમયે. પછી પૂરો કરો[૨૨૪] રોઝાને રાત સુધી અને ન સંભોગ કરો તેણીઓથી[૨૨૫] જ્યારે કે તમો એ'તેકાફ બેઠા હોય મસ્જિદોમાં. આ અલ્લાહની હદો (મર્યાદાઓ) છે એની (તોડવાની)[૨૨૬] નજીક પણ ન જશો. એ જ પ્રમાણે બયાન ફર્માવે છે અલ્લાહ તઆલા પોતાની આયતો લોકોના માટે જેથી તેઓ તક્‌વો (ખૌફે ખુદા) અપનાવી લે. અને ન ખાવ એકબીજાનો માલ આપસમાં[૨૨૭] નાજાઈઝ તરીકાથી અને ન[૨૨૮] પહોંચ મેળવો એ માલ વડે (લાંચ આપીને) હાકિમો સુધી. જેથી આ પ્રમાણે ખાવ કાંઈ હિસ્સો[૨૨૯] લોકોના માલનો જુલ્મ વડે, જ્યારે કે તમે જાણો છો (કે અલ્લાહે એને હરામ કરેલ છે.)

**તફસીર..............**

**૨૨૩.** એનાથી મુરાદ સુબ્હ સાદિકનો તુલૂઅ છે એટલે તે રોશની જે ખૂદ જમણે ડાબે ફેલાય છે. **قال الجمهور ذالك الفجر المعترض فى الافق يمنةً ويسرةً** (કુર્તબી)

સહીહ બુખારીમાં છે કે હઝરત અદી ઈબ્ને હાતિમે હુઝૂર નબી કરીમ ﷺને પૂછયું, યા રસૂલલ્લાહ ! શું "ખયતે અબયઝ" તથા "ખયતે અસ્વદ"થી સફેદ અને કાળા બે ડોરા મુરાદ છે ? હુઝૂરે ફર્માવ્યું, "નહીં ! બલ્કે એનાથી મુરાદ રાતનો અંધકાર અને દિવસની રોશની છે." અને અરબી ડિક્ષનરીમાં "ખયત"નો શબ્દ "લોન" (રંગ)ના અર્થમાં પણ વપરાય છે."

**والخيط فى كلامهم عبارة عن اللون** (કુર્તબી)

**૨૨૪.** પ્રથમ રોઝાની શરૂઆતનો સમય બતાવ્યો, હવે તેના અંતનો સમય દર્શાવવામાં આવી રહ્યો છે. સુબ્હ સાદિકથી લઈને રાત આવતા સુધી

રોઝો રાખો. હુઝૂર ﷺએ પોતાના આ ઈર્શાદથી સ્પષ્ટતા કરી આપી : ''જયારે આ તરફ (પશ્ચિમ)થી દિવસ પીઠ ફેરવી આપે અને પેલી બાજુ (પૂર્વ)થી રાત આવી જાય તે સમય ઈફતાર (રોઝો છોડવાનો) છે. કેટલાક લોકો રોઝાના ઈફતારમાં એટલી જલ્દી કરવા લાગે છે કે સૂરજ પણ સંપૂર્ણપણે ડૂબતો નથી કે એટલામાં ઈફતારનું એલાન કરી આપે છે.

**૨૨૫.** જો કોઈ મોઅતકિફ (એ'તેકાફવાળો) હોય તો તેણે રાત્રે પણ પત્ની સાથે નઝદીકી જાઈઝ નથી.

**૨૨૬.** એટલે કે અલ્લાહ તઆલાની નિશ્ચિત કરેલી હદો (મર્યાદાઓ)ને તોડીને આગળ નીકળી જવાનો તો વિચાર જ ન કરો. તમારી સલામતી તથા ભલાઈ એમાં જ છે કે તેની નજીક સુદ્ધાં પણ ન જાવ. એવું ન બને કે ઉશ્કેરાયેલ લાગણીઓનો પ્રવાહ તમારા કદમોને મર્યાદાઓ (હદો) પાસે અટકવા જ ન દે અને તમે વિવશ અને બેકાબૂ બનીને વહેતા હદો બહાર ચાલ્યા ન જાવ. એટલા માટે તમારી ભલાઈ જ એમાં છે કે જે ચીજોથી અલ્લાહ તઆલાએ મના કર્યું છે તેમની પાસે પણ ન ફરકો.

**૨૨૭.** ઈસ્લામી અર્થકરણના બંધારણનો એક અધિક કાયદો વર્ણન થઈ રહ્યો છે. એટલે કે **નાજાઈઝ તરીકાથી લોકોના માલ ન ખાવ.** અલ્લામા કુર્તબી ફર્માવે છે : **તે શખ્સ જેણે એવા તરીકાથી માલ હાંસલ કર્યો જેની શરીઅતે ઈજાઝત નથી આપી તો તેણે બાતિલ (ગલત) ઝરીયાથી ખાધું.** એમાં જૂગાર, છેતરપિંડી, જબરદસ્તી છીનવી લેવું, કોઈના હક્કનો ઈન્કાર કરવો, અને તે માલ જેને તેના માલિકે ખુશીથી નથી આપ્યો, સૌ હરામ ખોરાકમાં સામેલ છે. અલ્લામા કુર્તબીએ એ સ્પષ્ટતા પણ કરી છે કે જો કોઈ શખ્સ લાંચ આપીને અથવા જૂઠી કસમ ખાઈને અથવા જૂઠી ગવાહી અપાવીને પોતાની તરફેણમાં ફેંસલો કરાવી લે તો કાઝીનો ફેંસલો હરામને હલાલ નથી કરી શક્તો. હુઝૂરે અકરમ ﷺનો ઈર્શાદ પણ સાંભળી લો ! **તર્જુમો** : તમે મારી પાસે ઝઘડા પતાવવા આવો છો, શક્ય છે કે તમારામાં એક પક્ષ અધિક જીભનો ચાલાક હોય અને હું (ધારો કે) એના હક્કમાં ફેંસલો આપી દઉં. **જો હું કોઈને તેના ભાઈનો હક્ક આપી દઉં તો તે હરગિઝ ન લે, બેશક ! તે તેના હક્કમાં આગનો એક ટુકડો છે.** *(કુર્તબી)* જો આપણી આપસમાં લેણદેણ કુર્આનના આ હુકમ તથા હુઝૂર ﷺના આ સ્પષ્ટ ઈર્શાદ પ્રમાણે થઈ જાય તો કેટલાય કોર્ટનાં લફરાં ખત્મ થઈ જાય. અને તેની પાછળ જે પુષ્કળ રૂપિયા તથા સમયનો વ્યય થાય છે તે બચી જાય. એ સામ સામે કેસબાજીઓનું એક ઘણુ જ મહાન નુકસાન એ પણ છે કે નજીકના સંબંધો તૂટી જાય છે, આપસમાં મહોબ્બત તથા નિખાલસતાની જગાએ નફરત તથા દુશ્મની થઈ જાય છે. જો આપણે કુર્આનના આ હુકમને સાચા દિલથી માની લઈએ તો ઈસ્લામી સમાજ આ સર્વ ખરાબીઓથી પવિત્ર થઈ જશે, અને એનો માહોલ એટલો પાકીઝા અને ખુશગવાર બની જશે જેની આપણે અત્યારે કલ્પના પણ નથી કરી શક્તા. **કાશ ! કુર્આનને સીનાથી લગાડનાર મુસલમાન એના પર અમલ કરવાના મહત્વનો પણ એહસાસ કરે.**

**૨૨૮.** અન્યોના માલોને નાજાઈઝ તરીકાથી ખાવાનો આ પણ એક રિવાજ પામેલ તરીકો હતો જે હજી પણ છે કે હાકિમો (અધિકારીઓ)ને લાંચ આપીને તેમના થકી પોતાના હક્કમાં ફેંસલો કરાવી લેવામાં આવે. આ નાપાક તરીકાની મનાઈને આગળથી વર્ણન કરી. શબ્દ تدلوا એ ادلاءથી નીકળ્યો છે. એનો અર્થ છે રસ્સીને કૂવામાં પાણી કાઢવા માટે લટકાવવી. એનાથી મુરાદ છે કોઈ ચીજ સુધી પહોંચવાનો ઝરીયો બનાવવો. *(મુફરદાત)*

**૨૨૯.** فريقનો અર્થ ગિરોહ (ટોળી) પણ છે, અને કોઈ ચીજના હિસ્સા તથા અંશને પણ فريق કહે છે. અહીં એ જ અર્થ મુરાદ છે. فريقا ای قطعة وجُزأ *(કુર્તબી)*

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

કાર્યાલય

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

### ★ હદીષ : ૫૪ ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર ﷺ અમારી પાસે તશરીફ લાવ્યા જ્યારે કે અમે તક઼દીરના મસ્અલા બાબતે ઝઘડી રહ્યા હતા[૧]. તો આપ નારાજ થયા એટલે સુધી કે ચહેરાએ અન્વર લાલ થઈ ગયો જાણે કે ચહેરા પર દાડમના દાણા નીચોવી દેવામાં આવ્યા છે[૨]. અને ફર્માવ્યું, શું તમને એનો હુકમ આપવામાં આવ્યો છે અથવા હું એની સાથે તમારા તરફ મોકલવામાં આવ્યો છું ?[૩] તમારાથી આગલા લોકોએ જ્યારે આ મસ્અલામાં ઝઘડા કર્યા તો હલાક જ થઈ ગયા[૪]. હું તમારા પર લાઝિમ કરું છું, લાઝિમ કરું છું, લાઝિમ કરું છું કે આ મસ્અલામાં ન ઝઘડો ![૫] *(તિર્મિઝી)* એના જેમ ઈબ્ને માજહએ અમ્ર ઈબ્ને શોએબથી, તેમણે પોતાના પિતાથી, તેમણે તેમના દાદાથી રિવાયત કરી[૬].

અબૂ મૂસાથી રિવાયત છે, ફર્માવે છે કે મેં નબી કરીમ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે અલ્લાહ તઆલાએ આદમ علیہ السلام ને એક મુટ્ઠીથી પેદા કર્યા[૭] જે તમામ પૃથ્વીના પટ પરથી લેવામાં આવી[૮]. જેથી આદમની ઔલાદ જમીનમાં અદાજા પ્રમાણે આવી[૯]. એમાં લાલ, સફેદ, કાળા અને મધ્યમ કક્ષાના[૧૦] અને નરમ તથા સખ્ત, ગંદા તથા પવિત્ર છે. એને અહમદ તથા તિર્મિઝી અને અબૂ દાઊદે રિવાયત કરી. અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે, ફર્માવે છે કે મેં હુઝૂર ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે અલ્લાહે પોતાની મખ્લૂક અંધારામાં પેદા કરી[૧૧] પછી એના પર પોતાના નૂરનું કિરણ નાખ્યું[૧૨], તો જેને એ નૂરમાંથી કાંઈક પહોંચ્યું તે હિદાયત પામી ગયો[૧૩] અને જે એનાથી (વંચિત) રહી ગયો તે ગુમરાહ થઈ ગયો[૧૪]. એટલા માટે હું કહું છું કે ક઼લમ અલ્લાહના ઈલ્મ પર સૂકાઈ ચૂક્યો છે[૧૫]. *(અહમદ તથા તિર્મિઝી)*

### સમજૂતી

**૧.** કે, "જ્યારે જે કાંઈ આપણે કરીએ છીએ તે અલ્લાહના ઈરાદાથી કરીએ છીએ જેથી આપણે મજબૂર ઠર્યા, પછી એના પર સવાબ તથા અઝાબ કેવો ?!" વગેરે જેવી કે વર્તમાનકાળની સામાન્ય ચર્ચાઓ છે.

**૨.** એટલે કે ગુસ્સાના ભાવો ચહેરા પર પ્રદર્શિત થયા. હુઝૂર ﷺ નો આ ગુસ્સો નફ્સના માટે ન હતો બલ્કે અલ્લાહ તઆલાના માટે અને સહાબાને તા'લીમ આપવાના હેતુથી હતો. આ ગુસ્સો ઈબાદત છે જેના પર સવાબ છે. એનાથી જાણવા મળ્યું કે ઉસ્તાદ શાગિર્દો પર અને પીર મુરીદો પર નરાજ થઈ શકે છે.

**૩.** એટલે કે જે ચીજોની તમને જરૂરત છે અને જેનો સવાલ તમને ક઼બ્ર તથા હશ્રમાં થશે તેમને પ્રાપ્ત કરવાની કોશિશ કરો. તક઼દીરના મસ્અલામાં ચર્ચા કરવા તમે બંધાયેલા નથી, ન તમને એના વિશે સવાલ થશે.

**૪.** યહૂદ તથા નસારાની અમુક જમાઅતો

અથવા અન્ય અંબિયાની ઉમ્મતો જેઓ કઝા તથા કદર (તકદીર)ના મસ્અલામાં બહષો કરીને ઈમાન ખોઈ બેઠી અને અલ્લાહનો અઝાબ આવી ગયો.

**૫.** એનાથી જાણવા મળ્યું કે તકદીરના મસ્અલામાં જાણ્યા સમજ્યા વિના કચ કચ કરવી અને પબ્લિકના દિલમાં એના વિશે શંકા કુશંકાઓ પેદા કરવી હરામ છે. એ જ પ્રમાણે નાસમજ લોકોનું એમાં અધિક ચિંતન મનન કરવું પણ મના છે. પરંતુ આ મસ્અલાની હક્કાનિયત (સત્યતા) પર દલીલો રજૂ કરવી, વાંધો ઉઠાવનારાઓની શંકાઓ દૂર કરવી ઝઘડો કરવું નથી, બલ્કે તબ્લીગ છે. પણ એ આલિમોનું કામ છે પબ્લિકનું નથી. જેથી ઈલ્મે કલામમાં તકદીરના મસ્અલાની ચર્ચા એના (હુકમ) હેઠળ નથી આવતી.

**૬.** યાદ રાખશો કે તેમની અસ્નાદમાં اِرْسَال છે, કેમ કે એમનો નસબ (વંશવેલો) આ છે : અમ્ર ઈબ્ને શોએબ ઈબ્ને મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ. અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર સહાબી છે. શોએબે તેમનાથી મુલાકાત નથી કરી جَدِّهٖની ઝમીર શોએબની પ્રતિ વળે છે. અમુકે ફર્માવ્યું કે એમાં اِرْسَال નથી અને શોએબે પોતાના દાદા અમ્ર ઈબ્ને આસથી મુલાકાત કરી છે.

**૭.** એ રીતે કે હઝરત ઈઝરાઈલ علیہ السلام એ દરેક પ્રકારની જમીનથી થોડી થોડી માટી પ્રાપ્ત કરી અને તેને એક પ્રકારના પાણીમાં ગુંદી. કેમ કે હઝરત ઈઝરાઈલે જ એ માટી ઉઠાવી હતી એટલા માટે જાન કાઢવાનું કામ પણ એમને જ સોંપવામાં આવ્યું જેથી જમીનની અમાનત એ જ પરત કરી આપે. એનાથી જાણવા મળ્યું કે રબ તઆલાના બંદાઓનાં કામ રબની તરફ સંબંધિત થાય છે. જુઓ માટી એકત્ર કરનાર હઝરત મલકુલ મૌત છે પણ ફર્માવવામાં આવ્યું કે રબ તઆલાએ એકત્ર કરી. એની સંપૂર્ણ તેહકીક અમારી 'તફસીરે નઈમી'માં જુઓ.

**૮.** એટલે કેમ કે માટીઓ વિવિધ હતી જેથી માણસોની સૂરતો તથા સીરતો પણ વિવિધ બની. અંબિયાએ કિરામના અસલી અંશો નૂરાની હતા, અન્યોના અંધકારમય. હુઝૂર ﷺને "નૂરુલ્લાહ" એટલા માટે કહેવામાં આવે છે કે આપની રૂહ પણ નૂર છે અને શરીર પણ નૂરાની, નહીં તો કેવળ રૂહ તો સૌની નૂર છે.

**૯.** એટલી શ્યામ, સફેદી તથા રતાશથી મિક્સ. એટલે કે જેના સર્જનમાં સફેદ રંગના અંશો અધિક્તા પામી ગયાં તે સફેદ થઈ ગયા, કાળી માટીના અંશો જેમનામાં અધિક થઈ ગયા તેઓ કાળા અને જ્યાં બંને સરખા છે તેઓ ઘંઉવર્ણા અથવા લાલ સફેદ થયા.

**૧૦.** એટલે કે જેવી રીતે માણસોની વિવિધ સૂરતો વિવિધ માટીઓના લીધે છે એવી જ રીતે તેમની સીરતો (જીવન શૈલી) પણ વિવિધ માટીઓની અસરોથી વિવિધ છે, કે જેમનામાં નરમ માટીના અંશો અધિક રહ્યા તેમની પ્રકૃતિ નરમ છે અને સખત માટીવાળાઓની પ્રકૃતિ પણ સખત છે. જેઓ ગંદી માટીથી બન્યા તેઓ પ્રકૃતિના ગંદા છે અને જેઓ પાક માટીથી બન્યા તેઓ પાક સાફ ખયાલવાળા રહ્યા. કે જેવી રીતે શરીરનો મૂળ રંગ નથી બદલાતો એવી જ રીતે માનવીની મૂળ પ્રકૃતિ નથી બદલાતી. અને જેવી રીતે પાવડર તથા શાહીનો ટેમ્પરરી રંગ ઉડી જાય છે એવી જ રીતે પ્રકૃતિની ટેમ્પરરી હાલતો બદલાય જાય છે. અબૂ જહલનું કુફ્ર અસલી હતું જે ન બદલાઈ શક્યું અને ઉમર ફારૂકનું ટેમ્પરરી હતું જે એક નિગાહે મુસ્તફાએ ધોઈને ફેંકી આપ્યું.

**૧૧.** એટલે કે જિન તથા માનવી, નહીં કે ફરિશ્તા. આ બંને ગૃપો પેદાઈશના સમયે નફસાની તથા શહવાની અંધારાઓમાં હતાં.

**૧૨.** એટલે કે ઈમાન તથા મઅરેફતની રોશની.

વધુ પેજ નં. ૩૯ પર....

# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

## રસૂલુલ્લાહ ﷺના ઝોહદ એટલે દુનિયાથી અરૂચિનું બયાન

યાદ રાખશો કે, રસૂલુલ્લાહ ﷺની મુકદ્દસ સીરતના હેઠળ આ પહેલા એટલી ખબરો અને હદીષો આવી ગઈ છે કે, હકીકતના ઈચ્છુકના માટે પૂરતી છે. હકીકતના ઈચ્છુકના માટે આ સિલસિલામાં આ વાત જ પૂરતી છે કે, આપે દુનિયાની માલમત્તાને અને તેણે શણગારવાથી આવી હાલતમાં પણ ઉપેક્ષા કરી છે જ્યારે કે તે આપના કદમોમાં વેરાયેલી પડી હતી અને એક પછી એક જીત થતી રહેતી હતી. પરંતુ તેની અરૂચિના કારણે જ્યારે આપે દુનિયાને છેલ્લી સલામ કરી ત્યારે તે જ વખતે ખાનગી ખર્ચાઓના કારણે આપનું બખ્તર એક યહૂદીના પાસે ગીરવી રાખેલું હતું. આપ આ દુઆ ફર્માવતા હતા :–

(અર્થ) : "અય અલ્લાહ ! આલે મુહમ્મદ ﷺને કેવળ એટલી રોજી દે જેનાથી તેઓ પોતાની જિંદગીઓ બાકી રાખી શકે.

કાઝી અયાઝ માલિકી رضی اللہ عنہ ફર્માવે છે કે, આપને હદીષ બયાન કરી સુફયાન બિન આસી હાફિઝ હુસૈન બિન મુહમ્મદ અને કાઝી અબૂ અબ્દુલ્લાહ તમીમી رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ તેમણે ફર્માવ્યું કે, અમને હદીષ બયાન કરી અહમદ બિન ઉમરે, તેમનાથી અબુલ અબ્બાસ રાઝીએ, તેમનાથી અબૂ અહમદ જલૂદીએ, તેમનાથી અબુલ હુસૈન ઈમામ મુસ્લિમ બિન હજ્જાજે, તેમનાથી ઈમામ અબૂબક્ર બિન અબી શયબાએ, તેમનાથી અબૂ મુઆવિયાએ, તેમણે અઅમશથી, તેમણે ઈબ્રાહીમથી, તેમણે અસવદથી અને તેમણે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત કરી છે. આપ ફર્માવે છે કે, **રસૂલુલ્લાહ ﷺએ વિસાલ સુધી ક્યારેય પણ પેટ ભરીને લગાતાર ત્રણ દિવસ ખોરાક લીધો નથી.** બીજી રિવાયતમાં છે કે, **ક્યારેય પણ લગાતાર બે દિવસ પેટ ભરીને જવની રોટી ખાધી નથી.** જો કે આપ ઈચ્છતા તો અલ્લાહ તઆલા એટલું અર્પણ કરતા જેનો અંદાજો લગાડી શકાય નહીં. એક રિવાયતમાં એ પણ છે કે, **રસૂલુલ્લાહ ﷺની આલે (ઔલાદે) ઘઉંની રોટી આખરી સમય સુધી પેટ ભરીને ખાધી નથી.**

હઝરત ઉમ્મુલ મુ'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત છે કે, રસૂલે કરીમ ﷺએ વારસામાં દીનાર અને દિરહમ અને ઘેટાં, ઊંટ વગેરે છોડયાં ન હતાં. હઝરત અમ્ર બિન હારિષ رضی اللہ عنہની રિવાયત છે કે, રસૂલલ્લાહ ﷺએ પોતાના જંગી હથિયાર, એક ખચ્ચર અને થોડી સરખી જમીન સિવાય બીજું કાંઈ વારસામાં છોડયું ન હતું. આ વસ્તુઓ પણ સદકાની રીતે લોકોમાં વહેંચી દેવામાં આવી હતી. હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا જ ફર્માવે છે કે, આપના વિસાલના સમયે મારા ઘરમાં થોડા જવ હતા જેને મેં કોઠીમાં નાખેલા હતા તેના સિવાય કોઈ પણ વસ્તુ એવી ન હતી જેને કોઈ જાનદાર ખાઈ શકે, કેમ કે રસૂલુલ્લાહ ﷺએ મને ફર્માવ્યું હતું :–

"બેશક ! મને આ પ્રસ્તાવ આપવામાં આવ્યો કે, મારા માટે મક્કા મુકર્રમાની ઘાટી સોનાની બનાવી દેવામાં આવે, ત્યારે મેં અર્ઝ કરી કે, અય

રબ ! એમ નહીં પરંતુ મને એક દિવસ ભૂખ્યો રાખ અને બીજા દિવસે પેટ ભરી આપ. જેથી જ્યારે હું ભૂખ્યો રહું ત્યારે તે દિવસે તારી સમક્ષ રડુ ને ગદગદ થાઉં અને તને પુકારું, અને જે દિવસે પેટ ભરાઈ જાય ત્યારે હમ્દો ષના બયાન કરું.'' *(પેજ–૧૦૯)*

બીજી હદીષોમાં છે કે, હઝરત જિબ્રઈલ علیہ السلام બારગાહે રિસાલત મઆબમાં હાજર થઈ અર્ઝ કરવા લાગ્યા કે,

''બેશક ! અલ્લાહ તઆલાએ આપના માટે સલામ મોકલ્યા છે અને ફર્માવ્યું છે કે, **જો આપ ઈચ્છો તો આ પહાડને સોનાનો બનાવી દેવામાં આવે અને આપ જ્યાં પણ તશરીફ લઈ જાવ ત્યારે તે આપના સાથે રહે.** આપે થોડા સમય માટે માથુ ઝુકાવી રાખ્યું પછી ફર્માવ્યું કે, જિબ્રઈલ ! બેશક ! દુનિયા તેનું ઘર છે જેનું કોઈ ઠેકાણું ન હોય, અને તેનો માલ છે જેના પલડામાં આખિરતની સામગ્રી ન હોય, અને તે તેને જમા કરે છે જેના પાસે અક્કલ ન હોય. હઝરત જિબ્રઈલ અર્ઝ કરતા હતા કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم અલ્લાહ તઆલાએ આપને હકીકત આશ્નાઈ (વાસ્તવિક્તાને પીછાણવ)ના મક઼ામ પર બિરાજમાન રાખ્યા છે. *(પેજ–૧૦૯, ૧૧૦)*

હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہا એ ફર્માવ્યું છે કે, **અમે એવા અહલે બયત છીએ કે કેટલીક વખતે પૂરો મહિનો પસાર થઈ જાય છે પરંતુ અમારા ઘરોમાં આગ સળગાવવાનો સમય જ આવતો નથી, બલ્કે ખજૂરો અને પાણી પર જ સમય પસાર થઈ જાય છે.** હઝરત અબ્દુર્રહમાન બિન અવફ رضی اللہ عنہ થી રિવાયત છે કે, **વિસાલના સમય સુધી રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ક્યારેય પેટ ભરીને જવની રોટલી પણ ખાધી નથી.** આ જ હાલત આપના અહલે બયતની રહી હતી. હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہا હઝરત અબી અમામહ અને હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી પણ આવી જ રિવાયત છે.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم અને આપના અહલે બયત કેટલાક વખતે કેટલીય રાતો લગાતાર ભૂખ્યા રહેતા હતા અને રાતનું ખાવાનું જ મળતું ન હતું. હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم દસ્તરખાન (ખાવા માટે બિછાવેલું કપડું) પર ખાતા ન હતા અને અમીરોની રીતે નાની નાની પ્યાલીઓમાં ખાતા ન હતા અને બકરીનું ભુનેલું ગોશ્ત પણ ખાતા ન હતા.

હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે કે, **જે બિછોના પર રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم આરામ કરતા હતા તે ચામડાનું હતું અને તેમાં ખજૂરોના રેસા ભરેલા હતા.**

હઝરત હફ્સા رضی اللہ عنہا નું બયાન છે કે, સરવરે કોનો મકાં صلی اللہ علیہ وسلم નું બિસ્તર વાળથી બનેલી એક ચાદર હતી, જેને અમે બેવડું કરી બિછાવી દેતા અને આપ તેના પર આરામ કરતા હતા. એ પણ ફર્માવ્યું છે કે, એક વખતે અમે ચાદર બિછાવતા સમયે તેને ચાર ગડી કરી દીધું. સવાર થતાં આપે પૂછયું કે, રાતે મારા માટે કઈ વસ્તુ બિછાવી હતી ? અમે અર્ઝ કરી, અમે તે ચાદરને ચાર ગડી કરી દીધી. ફર્માવ્યું કે, પહેલાંના જેમ બિછાવ્યા કરો, કેમ કે આજે બિસ્તરની નરમાશે મને નમાઝ પઢવાથી રોકવાના પ્રયત્નો કર્યા હતા. જ્યારે ક્યારેય આપ ખાટલા પર આરામ કરતા જે ખજૂરના પત્તાની રસ્સીથી બનેલો હતો ત્યારે તેનાં આપની કરવટ (પાસા)માં નિશાન પડી જતાં.

ઉમ્મુલ મુ'મિનીન આઈશા સિદીક઼ા رضی اللہ عنہا નું બયાન છે કે, નબી કરીમ صلی اللہ علیہ وسلم એ ક્યારેય પણ

પેટ ભરીને ખાવાનું ખાધું ન હતું અને આ બાબતનો ઉલ્લેખ સુદ્ધાં ક્યારેય પણ કરતા ન હતા. કેમ કે આપને પેટ ભરવા કરતાં ભૂખ્યા રહેવાનું વધુ પસંદ હતું. જ્યારે આપ કોઈ વખતે રાત્રે ભૂખ્યા સૂતા અને આખી રાત ભૂખના કારણે બેચેન રહેતા ત્યારે આ હાલત પણ દિવસના રોઝો રાખવામાં અડચણરૂપ બનતી ન હતી. જો કે આપ ઈચ્છતા અને પોતાના રબ્બે કરીમથી સવાલ કરતા ત્યારે તે સાચી ભેટ આપનારા આપને અઢળક ખજાના અને પુષ્કળ ફળ અર્પણ કરતો રહેતો જેના કારણે આપની જિંદગી આરામના સાથે પસાર થઈ જાત. આપની આ ભૂખની હાલત જોઈને કેટલીક વખત હું રડી પડતી હતી. તે તરફ આંખોથી એક ધારા આંસૂ વહી રહ્યા હોતાં અને આ તરફ મુબારક પેટ પર હાથ ફેરવતી જતી હતી અને અર્ઝ કરતી કે, કુર્બાન જાઉં ! આ દુનિયામાંથી આપ ઓછામાં ઓછો એટલો ભાગ તો કબૂલ કરી લો જેથી ભૂખનું કષ્ટ ઉઠાવવું ન પડે. આ સાંભળી સત્ય બોલનાર ઝબાનથી ફર્માવતા કે, આઈશા ! મને દુનિયાથી શું મતલબ છે ? મારા ભાઈ મહાન પયગંબરોએ આનાથી પણ સખ્ત હાલતમાં ધૈર્ય (સબર)ના હાથ છોડયા ન હતા. જો કે તેઓ દુનિયાથી તશરીફ લઈ ગયા અને જ્યારે બારગાહે ખુદાવંદીમાં હાજર થયા ત્યારે ધૈર્યના કારણે તેઓને ઈજ્જતથી નવાઝવામાં આવ્યા અને તેમણે મહાન બદલો મેળવ્યો. હું અનુભવું છું કે, જો દુનિયાની જિંદગી આરામ અને રાહતથી પસાર કરવા લાગું તો કાલે મને તેનાથી ઓછો બદલો મળશે, જે મારા માટે યક઼ીનન શરમનું કારણ બનશે. મને ખુદાના તે દોસ્તોની જેવી સ્થિતિથી વધીને કોઈ વસ્તુની ઈચ્છા નથી. હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا એ ફર્માવ્યું છે કે, તેના પછી આપ કેવળ એક માસ ફાની દુનિયામાં જલ્વા અફરોઝ (જાહેરી હયાતમાં) રહ્યા અને પછી માલિકે હક઼ીક઼ીને જઈ મળ્યા. (صلی اللہ علیہ وسلم)

પેજ નં. ૧૯ નું ચાલુ....

આજ રીતથી નાપાક તેલ પાક કરી લેવું. તેલ પાક કરવાની બીજી એક રીત આ પણ છે કે જેટલું તેલ હોય એટલું જ પાણી એમાં ભેળવી ખૂબ હલાવવું. પછી ઉપરથી તેલ કાઢી લેવું. અને પાણી એમાં ભેળવી ખૂબ હલાવવું પછી ઉપરથી તેલ કાઢી લેવું. પાણી ફેંકી દેવું, આ પ્રમાણે ત્રણ વખત કરવાથી તેલ પાક થઈ જશે. *(મુનિયા, આલમગીરી)*

**મસ્અલો** : જો ઘી નાપાક થઈ જાય તો ઉપરની (મધ, તેલ માટેની) બે રીતમાંથી ગમે તે રીતે પાક કરી લેવું.

**મસ્અલો** : ડબલ કપડું હોય એમાંનું એક નાપાક થઈ ગયું તો તે જો બંનેવ ભેગા કરી સિલાઈ વડે સીવી લીધેલાં હોય તો બીજા ઉપર નમાઝ નહીં થાય. જો બંનેવ સીવેલાં ન હોય તો બીજું પાક ગણાશે અને તેના ઉપર નમાઝ જાઈઝ છે.

**મસ્અલો** : લાકડાનું પાટિયું એક બાજુથી નાપાક થઈ ગયું તો જો તે એટલું જાડું હોય કે વચ્ચેથી ચીરી શકાય તો તેને ઉલ્ટાવીને તેના ઉપર નમાઝ પઢી શકાય છે. *(મુનિયા)*

**મસ્અલો** : જે જમીન છાણ ગોબરથી લીપવામાં આવી, ભલે તે સુકાઈ ગઈ હોય પરંતુ તેના ઉપર નમાઝ જાઈઝ નથી, હા જો તે સુકાઈ ગઈ અને એના ઉપર કોઈક જાડુ કપડું પાથરી લેવામાં આવે તો તેના ઉપર નમાઝ પઢી શકાય છે.

**મસ્અલો** : ઝાડ, ઘાસ અને દિવાલ અને એવી ઈંટો જે જમીનમાં જડેલી (લગાડેલી) છે. આ બધું સુકાવાથી પાક થઈ જશે. પરંતુ ઈંટો જો જમીન સાથે જડેલ ચોંટાડેલ ન હોય તો તે પાક થશે નહીં, પરંતુ તેને ધોવું જરૂરી છે. એવી જ રીતે ઝાડ અને ઘાસ સુકાવા પહેલાં કાપી લેવાયું તો તેને ધોવું જરૂરી છે. *(આલમગીરી, મુનિયા વગેરે)*

# દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ
## એટલે
# કાનૂને શરીઅત

**લેખક :** અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક :** જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી

❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖❖

## નાપાક ચીજોને પાક કરવાની રીત

નાપાક ચીજોના બે પ્રકાર છે :–

**પહેલો પ્રકાર :** એવી ચીજો કે જે પોતે જ નાપાક છે. જેને નાપાકી કે ગંદકી કહે છે. જેમ કે દારૂ, મળમૂત્ર, છાણ–લીંડ, વગેરે આવી ચીજો જ્યાં સુધી પોતાની અસલિયતને છોડીને બીજી ચીજમાં રૂપાંતર ન કરી લે પાક થઈ શક્તી નથી. શરાબ–દારૂ જ્યાં સુધી એ શરાબ–દારૂ છે ત્યાં સુધી એ નાપાક જ રહેશે પરંતુ જો તેનું સરકામાં રૂપાંતર થઈ જાય તો હવે પાક છે. એ રીતે ગોબર–છાણ જ્યાં સુધી બળીને રાખ ન બની જાય, નાપાક છે. જ્યારે તે રાખ ધુળ બની ગયું તો તે પાક છે. *(મુનિયા વગેરે)*

**બીજો પ્રકાર** એવી ચીજો કે જે પોતે તો નાપાક નથી પરંતુ નાપાકી લાગવાથી તે નાપાક થઈ ગઈ. જેવી રીતે કે કપડા પર દારૂ લાગી ગયો તો કપડુ નાપાક થઈ ગયું. આવી ચીજોને પાક કરવા માટેની ઘણી રીતો છે. કેટલીક ચીજો ધોવાથી પાક થશે, કેટલીક સૂકાવાથી, કેટલીક રગડવાથી કે લુંછવાથી, કેટલીક સુકાવાથી, કેટલીક બળવાથી, કેટલીક દબાગત (નીચોવવાથી) અને હલાલ કરવાથી પાક થશે.

**મસ્અલો :** પાક પાણી અને દરેક પાક પાતળી વહેવાવાળી ચીજો કે જેનાથી નાપાકી દૂર થઈ શકે એના વડે નાપાક ચીજોને પાક કરી શકાય છે. જેમ કે સરકો, ગુલાબ, ચા, કેળાનું પાણી વગેરે.

**મસ્અલો :** મુસ્તઅમલ પાણી એટલે વુઝૂ અને ગુસલમાં વપરાએલ પાક ધોવાણથી પણ સાફ કરી શકાય છે.

**મસ્અલો :** થૂંકથી જો નાપાકી દૂર થઈ જતી હોય તો તેનાથી પણ ચીજ પાક થઈ જશે જેમ કે બાળકે માની છાતીમાંથી દૂધ પીને (સ્તન) છાતી પર જ ઉલ્ટી કરી, પછી કેટલીય વખત દૂધ પીધું ત્યાં સુધી કે (સ્તન) છાતી ઉપરથી ઉલ્ટીની અસર દૂર થઈ ગઈ તો છાતી પાક થઈ ગઈ. *(કાઝીખાન વગેરે)*

**મસ્અલો :** લાવણ, શાકનો રસો, દૂધ, તેલથી ધોવાથી પાક થશે નહીં. એટલા માટે કે એ બધાથી નાપાકી દૂર થશે નહીં.

**મસ્અલો :** જો નાપાકી દળદાર છે જેમ કે મળ, ગોબર, છાણ, લોહી વગેરે તો ધોવામાં ગણત્રીની કોઈ શરત નક્કી નથી. બલ્કે એને દૂર કરવી જરૂરી છે. જો એક જ વખત ધોવાથી દૂર થઈ જાય તો એક જ વખતે પાક થઈ જશે અને જો ચાર–પાંચ વખત ધોવાથી દૂર થાય તો ચાર–પાંચ વખત ધોવું પડશે, હા જો ત્રણ વખતથી ઓછામાં નાપાકી દૂર થઈ જાય તો પણ ત્રણ વખત ધોવું મુસ્તહબ છે.

**મસ્અલો :** નાપાકી દૂર થઈ ગઈ પરંતુ તેનો રંગ, ગંધ કે કંઈક અસર બાકી જણાય તો તેને દૂર કરવું પણ જરૂરી છે. પરંતુ હા જો તેની અસર ઘણી મુશ્કેલીથી જાય તો તેમ કરવું જરૂરી નથી, ત્રણ વખત ધોઈ લીધું પાક થઈ ગયું. સાબુ, સોડા કે ગરમ પાણીથી ધોવું જરૂરી નથી. *(આલમગીરી, મુનિયા વગેરે)*

**મસ્અલો :** કપડાં કે હાથ પર નાપાક રંગ લગાડયો કે નાપાક મહેંદી લગાડી તો એટલી વખત ધોવું કે પાણી સાફ–ચોખ્ખું પડવા લાગે તો પાક થઈ જશે પછી ભલે કપડાં કે હાથ ઉપર રંગ બાકી

રહે. *(આલમગીરી વગેરે)*

**મસ્અલો** : કેસર અથવા કોઈક કપડાં રંગવાનો રંગ કપડાં રંગવા માટે ધોળેલો હતો એમાં કોઈ બાળકે પેશાબ કરી દીધો અથવા બીજી કોઈ નાપાકી પડી ગઈ એનાથી કપડું રંગી લીધું તો ત્રણવાર ધોઈ નાખવાથી પાક થઈ જશે. કપડા કે શરીર ઉપર નાપાક તેલ લાગ્યું હોય તો તેને ત્રણ વખત ધોઈ લેવાથી પાક થઈ જશે, ભલે તેલની ચીકાશ બાકી રહે. એને સાબુ કે ગરમ પાણી વડે ધોવું જરૂરી નથી. પરંતુ મુરદારની ચરબી લાગી હોય તો જ્યાં સુધી ચીકાશ જાય નહીં ત્યાં સુધી પાક થશે નહીં. *(મુનિયા બહાર)*

**મસ્અલો** : છરી–ચપ્પુમાં લોહી લાગી ગયું અથવા માથામાં લોહી ભરાઈ ગયું અને તેને આગમાં નાંખી દીધું ત્યાં સુધી કે લોહી બળી ગયું તો છરી અને માથું પાક થઈ ગયું. *(બઝાઝિયા વગેરે)*

**મસ્અલો** : નાપાકી જો પાતળી હોય તો તેને ત્રણ વખત ધોવા અને ત્રણ વખત સારી રીતે નીચોવવાથી પાક થઈ જશે. સારી રીતે નીચોવવાનો મતલબ એ કે દરેક માણસ પોતાની તાકાત પ્રમાણે એટલું નીચોવે કે ફરીથી તેને નીચોવવાથી કોઈ ટીપાં પણ ન પડે. જો કપડાંને બગડવાનો વિચાર કરીને બરાબર નીચોવ્યું નહીં તો પાક થશે નહીં. *(આલમગીરી, કાઝીખાન વગેરે)*

**મસ્અલો** : ધોનારે સારી રીતે નીચોવ્યું પરંતુ જો તેનાથી વધુ તાકાતવાળો માણસ નીચોવે તો કંઈક એકાદ બે ટીપાં ટપકી શકે છે તો તે ધોનારના માટે પાક છે પણ એ બીજી વ્યક્તિ કે જેના નીચોવવાથી પાણી ટપકે છે તેને માટે નાપાક છે. પહેલી વ્યક્તિ માટે બીજી તાકાતવાન વ્યક્તિની તાકતને માન્ય ગણાશે નહીં. હા એ બીજી વ્યક્તિ ધોતી અને એટલું જ નીચોવતી તો પાક ન થાત.

**મસ્અલો** : પહેલી અને બીજીવાર નીચોવ્યા પછી હાથ પાક કરી લેવા બેહતર છે. અને ત્રીજીવાર નીચોવવાથી કપડું પણ પાક થઈ ગયું અને હાથ પણ. અને જો કપડામાં એટલી ભીનાશ રહી ગઈ હોય કે નીચોવવાથી એકાદ બે ટીપાં પણ નીકળશે એટલી ભીનાશ છે તો કપડું અને હાથ બંનેવ નાપાક છે.

**મસ્અલો** : પહેલી અને બીજીવાર હાથ પાક કર્યા નહીં અને એની ભીનાશથી કપડાનો પાક ભાગ પણ ભીંગી ગયો તો એ પણ નાપાક છે. જો પહેલી વખત નીચોવ્યા પછી ભીંગી ગયો છે તો તેને બે વાર ધોવું પડશે અને નીચોવતાં હાથની ભીનાશથી ભીનો થયો તો એક વખત ધોવું જોઈશે, એવી જ રીતે કપડાને એક વખત ધોઈ નીચોવ્યા પછીથી તેના વડે બીજું પાક કપડું ભીનું થઈ ગયું તો તેને બે વખત ધોવાથી પાક થશે અને બે વખત ધોઈ નીચોવેલા કપડાથી ભીનું થયું છે તો એક વખત ધોવાથી પાક થઈ જશે.

**મસ્અલો** : કપડાને ત્રણ વખત ધોઈ બરાબર નીચોવ્યું ત્યાં સુધી કે હવે નીચોવવાથી બિલકુલ પાણી ટપકતું નથી. પછી તેને લટકાવી દીધું તો એની અંદરથી હવે જે પાણી ટપકે છે તે પાક છે. અને જો બરાબર નીચોવ્યું ન હતું તો એ ટપકતું પાણી નાપાક છે.

**મસ્અલો** : દૂધ પીતા બાળક–બાળકીનો એક જ હુકમ છે એટલે કે એનો પેશાબ કપડાં કે શરીર ઉપર લાગ્યો છે તો ત્રણ વખત ધોવું અને નીચોવવું પડશે, ત્યારે જ પાક થશે. *(આલમગીરી વગેરે)*

**મસ્અલો** : જે ચીજો નીચોવી શકાય તેવી નથી હોતી જેમ કે સાદડી, જોડા, વાસણો વગેરે એને ધોઈને છોડી દેવી ત્યાં સુધી કે પાણી ટપકવું બંધ થઈ જાય. એ જ રીતે બીજી વખત, અને ત્રીજી વખત કરવું, જ્યારે ત્રીજીવાર ધોવા પછીથી પાણી ટપકવું બંધ થઈ જશે એટલે ચીજ પાક થઈ ગઈ. એવી જ રીતે કપડાને નાઝુક હોવાને કારણે નીચોવી શકાતું ન હોય તેને પણ એવું જ કરી પાક કરવામાં આવે.

**મસ્અલો** : જો કોઈ એવી ચીજ હોય કે જેમાં નાપાકી ભળી જઈ શકતી ન હોય જેમ કે કાચના પ્યાલાં, રકાબી, વાસણો અથવા માટીનાં જૂના વપરાતાં ચીકણા વાસણો, કે લોઢા, તાંબા, પિત્તળ વગેરે ધાતુઓની વસ્તુઓ તો તેમને ફક્ત ત્રણ વખત ધોવું જ બસ છે. ધોઈને ટપકતાં સુધી છોડવાની જરૂરત નથી.

**મસ્અલો** : નાપાક વાસણને મટોડીથી અજવાળવું બહેતર છે.

**મસ્અલો** : પકાવેલું ચામડું નાપાક થઈ ગયું તેને ધોઈને નીચોવી શક્તા હોય તો નીચોવવું, નહીં તો ત્રણ વખત ધોવું અને દરેક વખત ધોઈને એટલીવાર રહેવા દેવું કે પાણી ટપકવું બંધ થઈ જાય. *(આલમગીરી, કાઝીખાન વગેરે)*

**મસ્અલો** : લોઢાની ચીજો જેમ કે છરી ચપ્પુ, તલવાર વગેરે જેમાં ન તો કાટ લાગ્યો હોય કે ન તો નક્શીકામ હોય તે જો નાપાક થઈ જાય તો સારી રીતે લુછી નાખવાથી પાક થઈ જશે. આ સંજોગોમાં નાપાકીનું જાડુ કે પાતળું હોવામાં કઈ ફરક નથી. (બંને માટે એક જ હુકમ છે.) એવી જ રીતે સોના, ચાંદી, પિતળ, ગીલીટ અને દરેક પ્રકારની ધાતુની ચીજો લુછવાથી પાક થઈ જાય છે, શરત એ કે એમાં નક્શીકામ કોતરકામ ન હોવું જોઈએ. જો નક્શીકામ કોતરકામ હોય કે લોઢા ઉપર કાટ હોય તો તેને ધોવું જરૂરી છે. લુછવાથી પાક થશે નહીં.

**મસ્અલો** : અરીસા તેમજ કાચની બધીય ચીજો અને કાચ–ચીની વાસણો અને માટીનાં ચીકણા વાસણો અથવા પોલીશ કરેલી લાકડી મતલબ કે બધીય વસ્તુઓ કે જેમાં ખરબચડાપણું તેમજ ચૂસી લેવા કે ભળવાનો ગુણ ન હોય તેને કપડા કે પટીથી એટલી લુછી નાખવામાં આવે કે અસર બિલકુલ રહેવા ન પામે તો પાક થઈ જશે.

**મસ્અલો** : નાપાક જમીન સુકાય જાય અને નાપાકીની અસર રંગ, ગંધ બિલકુલ જતી રહે તો પાક થઈ ગઈ. પરંતુ એના વડે તયમ્મુમ કરવું જાઈઝ નથી. એના ઉપર નમાજ પઢી શકાય છે. *(આલમગીરી વગેરે)*

**મસ્અલો** : જે વસ્તુ સુકાવા કે રગડવાથી પાક થઈ ગઈ તે પછી તે ભીંગવાથી નાપાક ગણાશે નહીં. *(બઝાઝિયહ)*

**મસ્અલો** : **સુવ્વરના સિવાય** દરેક મુરદાર જાનવરનું ચામડું પકવવાથી પાક થઈ જાય છે પછી તેને મીઠું વગેરે કોઈક દવાથી પકવી લેવાઈ હોય અથવા તડકા, હવા કે ધૂળમાં સુકવી લેવાયું એની ભીનાશ બિલકુલ નષ્ટ થઈને એની ગંધ જતી રહી હોય તો બંને રીતોથી એ પાક થઈ જશે. એના ઉપર નમાઝ પઢી શકાય છે. *(હિન્દયા, શર્હે વકાયા, આલમગીરી વગેરે)*

**મસ્અલો** : **સુવ્વર સિવાય** દરેક જાનવર પછી તે હલાલ હોય કે હરામ જ્યારે કે તે ઝુબ્હના લાયક હોય તેને બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર કહી ઝુબ્હ કરવામાં આવ્યું હોય તો તેનું માંસ અને ચામડુ પાક છે તે માંસ જો નમાઝી પાસે હોય અથવા તેના ચામડા પર નમાઝ પઢી હોય તો નમાઝ થઈ જશે. પરંતુ યાદ રાખવું કે હરામ જાનવર ઝુબ્હ (હલાલ) કરવાથી હલાલ થઈ જશે નહીં બલ્કે હરામ જ રહેશે. એટલે તેને ખાવાનું હલાલ નહીં થાય હરામ જ રહેશે. પાક થવું અલગ વાત છે અને હલાલ થવું અલગ વાત છે. જુઓ માટી પાક છે બલ્કે પાક કરનાર છે પરંતુ નુકસાન થાય તેટલી ખાવી હરામ છે. *(મુનિયા, હિદાયહ)*

**મસ્અલો** : રંગ, શીશુ ઓગળવાથી પાક થઈ જાય છે. *(આલમગીરી)*

**મસ્અલો** : મધ નાપાક થઈ જાય તો એને પાક કરવાની રીત એ છે કે એનાથી વધુ પ્રમાણમાં પાણી મેળવી તેને ઉકાળવું કે જેથી બધું પાણી બળી જાય અને ફક્ત જેટલું મધ હતું તેટલું જ રહી જાય. ત્રણ વખતે એવી રીતે ઉકાળવાથી મધ પાક થઈ જશે.

વધુ પેજ નં. ૧૬ પર....

# ગુનાહોનો ઈલાજ


**લેખક** :હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી

**અનુવાદક** :મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી

*[મુતઅલ્લિમ દારુલ ઉલૂમ કાદરિય્યહ ગરીબનવાઝ–લેડી સ્મીથ, આફ્રિકા]*


## શૈતાનથી બચવાની તદબીર (ઉપાય)

શૈતાન રબ તઆલાથી દૂર, દરેક ભલાઈ તથા જન્નતથી દૂર અને જહન્નમથી ઘણો જ નજીક છે. શૈતાન માણસનો હંમેશા માટે દુશ્મન છે માટે અલ્લાહ તઆલાએ આપણને તેનાથી પનાહ માંગવાનો હુકમ કર્યો છે. શૈતાન ખરેખર બુરાઈની જડ તથા એક સિફ્લી શક્તિ છે. જે રીતે રહમાની તાકાત દુનિયામાં દરેક જગાએ મૌજૂદ છે એ જ રીતે શૈતાની તાકાત પણ દુનિયામાં દરેક જગાએ મૌજૂદ છે અને આ તાકાત ઈન્સાનને ગુમરાહ કરવામાં લાગેલી છે. હમેશાં ઈન્સાનિયત પર પોતાની શૈતાનિયતની જાળ નાખે છે કારણ કે તે ઈચ્છે છે કે ખુદાની મખ્લૂક પોતાના રબની તાબેદારી તથા આજ્ઞાપાલન ન કરે. ઈન્સાનના ઈમાનને બેકાર તથા બરાબાદ કરવું તેનો મૂળ હેતુ છે.

જે કલમા તથા શબ્દોથી શૈતાન સાથે જંગ કરી શકાય છે તે અલ્લાહ તઆલાનું ઝિક્ર છે.

હદીષે કુદ્સીમાં અલ્લાહના પ્યારા રસૂલ ﷺનું ફર્માન છે કે, **"લાઈલાહ ઈલ્લલ્લાહ મારો કિલ્લો છે જે માણસ આ કલમો કહેશે તે મારા કિલ્લામાં દાખલ થઈ જશે અને જે મારા કિલ્લામાં દાખલ થશે તે અઝાબથી બચી જશે."**

"અઊઝુબિલ્લાહ" પઢવાથી પણ પાંચ ફાયદા થાય છે : (૧) દીન પર મજબૂતી (૨) શૈતાનના ધોકાથી બચાવ (૩) અલ્લાહની પનાહનો મજબૂત કિલ્લો તથા અલ્લાહનો કુર્બ. (૪) સિદ્દીક઼ો, શહીદો, સાલિહીન તથા અંબિયા સાથે સલામતીના મક઼ામ સુધી પહોંચ (૫) જમીન તથા આસમાનના માલિકની મદદ મળે છે. *(ગુન્યતુત્તાલિબીન)*

અમુક કિતાબોમાં આવ્યું છે કે જ્યારે શૈતાન લઈને અલ્લાહની બારગાહમાં અર્ઝ કરી કે હું તારા બંદાઓને આગળ, પાછળ, અને ડાબે, જમણેથી આવી બેહકાવીશ, તો અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો કે મને મારી ઈજ્જત તથા જલાલની કસમ ! મારા બંદાઓને હુકમ આપીશ કે તારા પંજાથી બચાવ માટે મારી પનાહની દરખાસ્ત કરે તો હું મારી હિદાયત વડે જમણી બાજુથી, મારી ઈનાયત વડે ડાબી બાજુથી, મારી હિફાઝત વડે તેમની પાછળથી અને મારી મદદ વડે તેમની સામેથી તેઓની હિફાઝત કરીશ. હે મલઊન ! તારું બેહકાવવું તેઓને કોઈ જ નુકસાન નહીં પહોંચાડી શકે.

અમુક હદીષોમાં આવ્યું છે કે જે માણસ એકવાર અલ્લાહની પનાહ માંગે છે તો અલ્લાહ તઆલા દિવસભર તેની હિફાઝત ફર્માવે છે અને એ પણ ફર્માવ્યું કે અલ્લાહની પનાહ માંગી ગુનાહોના દરવાજાને તાળુ લગાડી દો અને બિસ્મિલ્લાહ પઢી ફર્માંબરદારી તથા બંદગીના દરવાજા ખોલી કાઢો.

રિવાયતમાં આવ્યું છે કે **મો'મિનને ગુમરાહ કરવા માટે ઈબ્લીસ દરરોજ ૩૬૦ લશ્કર મોકલે છે. જ્યારે મો'મિન અલ્લાહની પનાહ માંગે છે તો રબ તઆલા ૩૬૦ વાર તેના તરફ પોતાની રહમતવાળી નજર ફર્માવે છે અને દરેક નજરમાં શૈતાનનું એક લશ્કર તબાહ થઈ જાય છે.**

ટૂંકમાં એ કે જે વસ્તુની શૈતાનને બીક છે અને તે દૂર ભાગે છે એ (અલ્લાહની પનાહ !) માંગવી છે

એટલે કે **"અઊઝુબિલ્લાહિ મિનશ્શયતાનિર્રજીમ"** વધુમાં વધુ વિર્દ કરતા રહેવું.

બિસ્મિલ્લાહ શરીફ પણ વધુમાં વધુ પઢતા રહેવું જોઈએ જેના કારણે શૈતાન નાનો થઈ જાય છે એટલે સુધી કે તે કીડી જેટલો થઈ જાય છે. **બિસ્મિલ્લાહ શરીફ પઢવાથી શૈતાન સીસા જેમ પીગળે છે.**

તાજદારે રિસાલત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે જેણે સૂરએ ઈખ્લાસને ફજરની નમાઝ બાદ દસ વાર પઢી તો તે દિવસે તેનાથી કોઈ પણ ગુનાહ નહીં થાય ભલે શૈતાન કેટલીયે કોશિશ કરે. શૈતાનથી બચવાનો એક ઉપાય આ પણ છે કે દુનિયાની મહોબ્બતથી પોતાને દૂર રાખે કારણ કે જે માણસ માલો દૌલતની લાલચમાં રહે છે તેને શૈતાન આસાનીથી ગુનાહોની જાળમાં ફસાવી લે છે. હરામ તથા શકમંદ વસ્તુઓથી પણ બચતો રહે કારણ કે **જે માણસને પરવા નથી હોતી કે તેનું ખાવા ક્યાંથી આવે છે ? હરામ છે કે હલાલ ? તો રબ તઆલા પણ પરવા નથી કરતો કે જહન્નમના કયા દરવાજેથી તેને જહન્નમમાં નાખવામાં આવે.**

માટે એક મુસલમાને જોઈએ કે ઉપરોક્ત બધી જ વસ્તુનો ખયાલ રાખે જેનાથી કુર્આન તથા હદીષમાં બચવાનો હુકમ આવ્યો છે જેથી શૈતાન તેનાથી નાઉમ્મીદ થઈ જાય.

વધુમાં દરેક સમયે ઈમાનની હિફાઝતની ફિક્ર કરવી પણ જરૂરી છે. ઉલમા ફર્માવે છે કે જે માણસને દુનિયામાં પોતાના ઈમાન બરબાદ થવાની ફિક્ર નથી હોતી, સકરાતના સમયે તેનું ઈમાન બરબાદ થવાનો સખત ખતરો રહે છે. ઈમાનની સલામતી સાથે મૌતની દુઆ માંગતા રહેવું જોઈએ.

હે પરવરદિગાર ! સકરાતના સમયે અમારી પાસે શૈતાન ન આવે અને તારા પ્યારા હબીબ ﷺની રહમત ઘેરી લે. આમીન

**નઝઅ કે વક્ત મુઝે જલ્વએ મહબૂબ દિખા**
**તેરા ક્યા જાએગા મૈં શાદ મરુંગા યા રબ !**
**કબ્રમેં ગર ન મુહમ્મદ ﷺ કે નઝારેં હોંગે!**
**હશ્ર તક કૈસે મૈં ફિર તન્હા રહુંગા યા રબ !**

---

**ખુશખબર ! ખુશખબર ! ખુશખબર ! ફક્ત રૂા. ૧૨૦/ ભરીને**

## "બરકાતે ખ્વાજા" માસિકના ગ્રાહક બનો અને
## રૂા. ૨૦૦ની કિતાબો ફ્રીમાં મેળવો

**તા. ૧-૧૦-૨૦૦૭થી ૧-૧૨-૨૦૦૭** સુધીમાં **"બરકાતે ખ્વાજા"** માસિકનું લવાજમ ભરનારને તોહફા રૂપે નીચેની કિતાબો ફ્રીમાં આપવામાં આવશે.

**કિતાબનું નામ**

**સીરતે સૈયદુલ મુરસલીન ﷺ (ભાગ-૧)**
**સીરતે સૈયદુલ મુરસલીન ﷺ (ભાગ-૨)**
**સીરતે સૈયદુલ મુરસલીન ﷺ (ભાગ-૩)**

**સંપાદક : જનાબ ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી પાટડીવાળા**

સરકારે દો જહાં ﷺની સીરતે પાક પર ખૂબ જ વિસ્તૃત વર્ણન આ કિતાબમાં દર્શાવ્યું છે. આપના દુનિયામાં તશરીફ લાવ્યા પહેલાંથી આપના દુનિયાથી પર્દો ફર્માવ્યા બાદ સુધીના પ્રસંગો, આપના મુકદ્દસ મો'જિઝાઓ, ઈસ્લામી જંગો... વગેરેનું શાનદાર ઈમાન અફરોઝ વર્ણન આ કિતાબમાં રજૂ થયેલું છે, તેને વાંચો અને ઈશ્કે નબી ﷺમાં વધારો કરો. *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**કિંમત લગભગ રૂા. ૨૦૦ (કુલ) પણ "બરકાતે ખ્વાજા" માસિકના ગ્રાહક થનારને ફ્રીમાં આપવામાં આવશે.**

## ફતવા વિભાગ

### કાર્યાલય

### ફિરઅત દરમ્યાન સુબ્હાનલ્લાહ ! કહેવું કેવું ?!........

**સવાલ** : અમારા ત્યાં જલસા વગેરેમાં કુર્આનના કારી તિલાવત કરે છે અને જ્યારે દરમ્યાનમાં અટકે છે તો એ દરમ્યાન કેટલાક લોકો **સુબ્હાનલ્લાહ ! માશાઅલ્લાહ !** મોટા અવાજમાં બોલે છે. તો આવું બોલવું શરીઅતની રૂએ જાઈઝ છે કે નહીં ?

**જવાબ** : જલસા વગેરેમાં કુર્આનની તિલાવત દરમ્યાન જ્યારે કારી વકફ઼ા કરે (અટકે) છે તો તે વખતે મોટા અવાજથી **સુબ્હાનલ્લાહ ! માશાઅલ્લાહ ! અલ્લાહુ અકબર !** કહીને દાદ આપવી **નાજાઈઝ** તથા **ગુનોહ** છે, કેમ કે એ તિલાવત દરમ્યાન બોલવાના હુકમમાં છે. બલ્કે કુર્આનની તિલાવત સંપૂર્ણપણે એક ચિત્ત બની સાંભળે. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : **(અર્થ)** : "જ્યારે કુર્આન પઢવામાં આવે તો તેને કાન લગાડીને સાંભળો અને ખામોશ રહો જેથી તમારા પર રહમ થાય." *(કન્ઝુલ ઈમાન, આયત–૨૦૪, અલ અઅ્રાફ–૭)* ખઝાઈનુલ ઈર્ફાનમાં આ જ આયતના હેઠળ છે : "આ આયતથી સાબિત થયું કે જે વખતે કુર્આન પઢવામાં આવે ચાહે નમાઝમાં હોય કે નમાઝ બહાર, તે વખતે ખામોશ રહેવું **વાજિબ** છે."

ફતાવા હિંદિયહ્‌માં છે :–

رفع الصوت عند سماع القرآن والوعظ مكروه۔۔

*(કિતાબુલ કરાહિયહ્‌, ભાગ–૫, પેજ–૩૧૯)*

જેથી સાંભળનારાઓએ જોઈએ કે સંપૂર્ણપણે એક ચિત્ત બનીને કુર્આને પાકની તિલાવત સાંભળે અને કોઈ એવી હરકત ન કરે, જે તિલાવતના આદાબની વિરુધ્ધ હોય. વલ્લાહુ તઆલા અઅ્‌લમ.

**લખનાર** : (મુફ્તી) મુહમ્મદ અબૂબક્ર મિસ્બાહી (૧૮–રબીઉલ ગૌષ, હિ.સ. ૧૪૨૮)

**અલ્‌જવાબ સહીહ** : (મુફ્તી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી

**અલ્જવાબ** : (મુફ્તી) અબરાર અહમદ અજમદી બરકાતી *(હવાલો : ફતાવા મર્કઝે તર્બિયતે ઈફ્તા–૧૨, પેજ–૧૮)*

### હાથે (કાંડા પાસે) દરગાહથી લાવેલ દોરી બાંધવી નાજાઈઝ !

**સવાલ** : મઝાર પર જનારા દોરીઓ (લાલ લીલી, પીળી) લાવીને હાથે બાંધે છે ખાસ કરીને અજમેર શરીફના દોરા હાથે બાંધવામાં આવે છે. તો આ રીતે મઝારના દોરા બાંધવા જાઈઝ છે ?

**જવાબ** : અજમેર શરીફ કે કોઈ પણ જગ્યાના દોરા હાથમાં બાંધવા જાઈઝ નથી, કેમ કે એમાં મુશ્રિકોથી મળતાપણુ (મુશાબેહત) છે, તેઓ પણ પોતાના તીર્થધામોએથી આ જ પ્રકારના દોરા લાવીને બાંધે છે. તેમજ તેમનો તહેવાર રક્ષાબંધન કે જેમાં એ જ પ્રકારના દોરા બાંધવામાં આવે છે, અને ગૈરોનું મળતાપણુ (મુશાબેહત) નાજાઈઝ તથા ગુનોહ છે. હુઝૂર શારેહે બુખારી મુફ્તી મુહમ્મદ શરીફુલ હક્ક્ સાહબ અમજદી ફર્માવે છે કે, "મુસલમાનો માટે અ જાઈઝ નથી કે હાથમાં દોરો બાંધે, કેમ કે એમાં મુશ્રિકો સાથે સરખાપણુ છે, અને હદીષમાં છે : (અર્થ) : "જે જેની મુશાબેહત (મળતાપણુ) કરે તે તેઓમાંથી છે." *(માહનામા અશ્રફિયહ્‌, એપ્રિલ–૧૯૯૮)* વલ્લાહુ તઆલા અઅ્‌લમ.

**લખનાર** : (મુફ્તી) મુહમ્મદ અબૂબક્ર મિસ્બાહી (૨૮–શવ્વાલુલ મુકર્રમ, હિ.સ. ૧૪૨૭)

**અલ્જવાબ સહીહ** : (મુફ્તી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી

**અલ્જવાબ સહીહ** : (મુફ્તી) મુહમ્મદ અબરાર અહમદ અમજદી બરકાતી

*–(હવાલો : ફતાવા મર્કઝે તર્બિયતે ઈફ્તા–૧૨, મુા. ઓઝાગંજ, તા. મઉ, યુ.પી.)*

# છે કોઈ જગતમાં આવો ખુશ્બુદાર !

## આપ صلی اللہ علیہ وسلمના શરીર મુબારકના કમાલો !

રજૂકર્તા...........

મૌલાના મોહસિન મક્ક઼ી મિસ્બાહી સેગવાવાળા–ચિકાગો, યુ.એસ.એ. (ખલીફ઼ા તાજુશ્શરીઅહ)

અલ્લાહ તઆલાએ પોતાના નબીઓ રસૂલોને જુદા જુદા પ્રકારના મો'જિઝાઓ અતા ફ઼ર્માવ્યા પરંતુ પોતાના હબીબ રહમતે દો આલમ صلی اللہ علیہ وسلمને સરાપા મો'જિઝા બનાવીને મબ્અુષ કર્યા (મોકલ્યા) જેમ કે કુર્આન શરીફમાં ઈર્શાદ છે :–

قَدْ جَآئَکُمْ بُرْهَانٌ مِّنْ رَّبِّکُمْ وَ اَنْزَلْنَا اِلَیْکُمْ نُوْرًا مُّبِیْنًا

**મો'જિઝે અંબિયા કો ખુદાને અતા કીએ**
**મો'જિઝા બનકે આયા હમારા નબી**

જ્યારે અલ્લાહના રસૂલ માથાથી પગ સુધી (સરાપા) મો'જિઝા છે તો આપ صلی اللہ علیہ وسلمના શરીર મુબારકનો દરેક ભાગ મો'જિઝો છે. વાળ મુબારક, ઝબાન મુબારક, આંખ મુબારક, કાન મુબારક, માથુ મુબારક, હાથ મુબારક, પગ મુબારક, નામ મુબારક મો'જિઝો છે. બલ્કે દરેક ભાગની એટલી બરકતો અને એટલા કમાલો છે કે ગણત્રીની બહાર છે.

એટલે હું યથાશક્તિ અલ્લાહ તઆલાની તૌફિક઼થી આપ صلی اللہ علیہ وسلمના જુદા જુદા મો'જિઝાઓ તથા બરકતો લખવાની સઆદત હાંસલ કરી રહ્યો છે.

مَـا اِنْ مَدَحْـتُ مُحَـمَّدًا بِمَقَالَتِی
لَاکِنْ مَدَحْـتُ مَقَـالَتِـی بِمُحَمَّد

આ શેઅરના અનુસાર કે જેણે આપની પ્રશંસા કરી તેણે પોતાની જ જોલી ભરી, નહીં તો કોણ છે જે મહબૂબે ખુદા صلی اللہ علیہ وسلمની હક઼ીક઼તમાં પૂરેપૂરી પ્રસંશા કરી શકે છે.

### રસૂલે અકરમ صلی اللہ علیہ وسلمના શરીર મુબારકના કમાલો

નબીએ મુકર્રમ صلی اللہ علیہ وسلمનું બદન મુબારક બધી જ મખ્લૂકથી અજોડ છે. દુનિયામાં કોઈનું પણ બદન (શરીર) આપના બદન જેવું નથી. બલ્કે બધા જ વલીઓ, કુતુબો, ગૌષોની રૂહાનિયતથી આપનું શરીર મુબારક લતીફ઼ છે એટલે શેરે રબ્બાની મિયાં શેરે મુહમ્મદ શરકપૂરી رحمۃ اللہ علیہ ફ઼ર્માવે છે કે, દુનિયામાં એક મુબારક જમાઅત છે જે ત્રણસો છે, એક ચાલીસ છે, એક ત્રણ છે, અને એક એક હોય છે. અને તે એકની રૂહાનિયતથી નબી صلی اللہ علیہ وسلمનું બદન મુબારક સિત્તેર દરજ્જા લતીફ઼ છે એટલે કે ગૌષની રૂહાનિયતથી આપનું શરીર મુબારક ૭૦ દરજ્જા લતીફ઼ છે. *(ઈન્કેલાબે હક઼ીક઼ત, ૭૦)*

સુબ્હાનલ્લાહ ! જ્યારે સરકાર صلی اللہ علیہ وسلمના બદન મુબારકની આ શાન છે તો આપની રૂહાનિયતનો અંદાઝો કોણ લગાડી શકે છે. એટલે જ્યારે આપનું બદન મુબારક બધી જ મખ્લૂકથી આ'લા તથા અફ઼ઝલ છે, તો હબીબે ખુદા صلی اللہ علیہ وسلمના બદન મુબારકના કમાલાત પણ બધી જ મખ્લૂકથી આ'લા અને અફ઼ઝલ છે. એ જ કારણે આપના બદન મુબારકથી એવી ખુશ્બુ આવતી કે વિશ્વની કોઈ ખુશ્બુ એનો મુકાબલો કરી ન શકે.

નીચે અમુક હદીષો અને બુઝુર્ગોનાં કથનો લખવામાં આવે છે જેથી દરેક મુસલમાન અંદાઝો લગાડી લેશે કે આપના બદન મુબારકની શું શાન છે.

## કસ્તૂરીથી વધુ ખુશ્બોદાર !

''સૈયદુના અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺનો રંગ મુબારક બિલકુલ સાફ અને ચમકદાર હતો તથા આપનો પસીનો મુબારક મોતી જેમ હતો, અને જ્યારે આકા ﷺ ચાલતા તો પૂરી તાકાતથી ચાલતા અને મેં કોઈ જાડુ રેશમ કે બારીક રેશમ નથી જોયું કે તે આપની હથેલી મુબારકથી વધારે નરમ હોય, અને મેં કોઈ કસ્તૂરી અથવા અંબર એવું નથી જોયું જે આપની ખુશ્બુ મુબારકથી વધારે ખુશ્બુદાર હોય.'' *(બુખારી–૨૬૪/૧, મુસ્લિમ–૨૫૮/૨, મિસ્બાહુસ્સુન્નહ, ૪૮/૪, મિશ્કાત–૫૧૭)*

## દરેક ખુશ્બુથી બેહતર ખુશ્બુ !

''હઝરત ઉમ્મે સુલૈમ رضی اللہ عنہاથી રિવાયત છે કે બપોરના સમયે હુઝૂર ﷺ અમારે ઘેર તશરીફ લાવતા અને આરામ ફર્માવતા. હું સરકાર ﷺ માટે બિસ્તર લગાડતી. આપને પસીનો વધારે આવતો હતો તો હું પસીનો મુબારક ભેગો કરતી રહેતી. એક દિવસ સરકાર ﷺએ ફર્માવ્યું કે હે ઉમ્મે જમીલ ! શું કરો છો ?! અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમો આ પસીના મુબારકથી બરકત હાંસલ કરીશું અને આ પસીનો મુબારક દરેક ખુશ્બુથી બેહતર ખુશ્બુ છે. આ સાંભળી સરકાર ﷺએ ફર્માવ્યું કે, ''તમોએ સાચુ કહ્યું છે !'' *(મુસ્લિમ–૨૫૭/૨, મિશ્કાત–૫૧૭, મવાહિબ, ૩૧૨/૨, મિસ્બાહુસ્સુન્નહ)*

## હાથ મુબારકની ખુશ્બુનો કમાલ !

''સૈયદુના જાબિર ઈબ્ને સમુરહ رضی اللہ عنہ રિવાયત કરે છે કે એક દિવસ હું સરકાર ﷺની પાછળ ફજરની નમાઝ પઢીને ફારિગ થયો. આપ ﷺ પોતાના ઘર તરફ રવાના થયા તો હું પણ આપની પાછળ ચાલવા લાગ્યો. રસ્તામાં અચાનક નાના છોકરાઓ આવી ગયા તો આપ ﷺ દરેક બાળકના ચેહરા ઉપર હાથ મૂકતા જતા. હઝરત જાબિર رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂરે મારા ચહેરા પર હાથ મુબારક રાખ્યા તો એવી ઠંડક અને એવી ખુશ્બુ મેહસૂસ થઈ કે જાણે આપે હમણા જ અત્તરની શીશીમાંથી હાથ બહાર કાઢયા છે.'' *(મુસ્લિમ, ૨૫૬/૨, મિશ્કાત–૫૧૭, મિસ્બાહ–૪૯/૪)*

સુબ્હાનલ્લાહ ! બલ્કે આપના મુબારક બદનથી એવી ખુશ્બુ આવતી રહેતી કે આખો રસ્તો ખુશ્બુદાર થઈ જતો.

## આપની ખુશ્બુથી રસ્તા મહેકી ઉઠતા !

''જો કોઈકે સરકાર ﷺને તલાશ કરવા હોય તો (પૂછવાની જરૂરત ન પડતી), જે ગલીથી તાજી તાજી ખુશ્બુ આવતી રહેતી તે તરફ જતા તો આપની મુલાકાત થઈ જતી. આપ ﷺની ખુશ્બુના કારણે ગલી ખુશ્બુદાર રહેતી. *(મિશ્કાત શરીફ–૫૧૭, દારમી–૪૬/૧, મસાબિહુસ્સુન્નહ–૫૧/૪)*

## હુઝૂર ﷺના ખુશ્બોદાર હાથ મુબારકનો કમાલ !

''હઝરત ઉત્બા ઈબ્ને ફરકદ સલમી رضی اللہ عنہના બદનથી દરેક સમયે બેહતરીન ખુશ્બુ મહેકતી હતી, જ્યારે કે તે ખુશ્બુ લગાડતા ન હતા. આપની ચાર બીબીઓ હતી. તેણીઓ કોશિશ કરતી કે મારી ખુશ્બુ ફલાણીની ખુશ્બુથી સારી રહે, પરંતુ જ્યારે હઝરત ઉત્બા ઘરમાં તશરીફ લાવતા તો તેણીઓની ખુશ્બુ આપની ખુશ્બુના મુકાબલામાં હલકી પડી જતી ! એક દિવસ ચારેવ બીબીઓ ભેગી મળીને આપથી સવાલ અર્ઝ કરે છે, હે અમારા સરતાજ ! અમો સારામાં સારી ખુશ્બુ લગાડીએ છીએ પણ જ્યારે તમો આવો છો તો બધી જ ખુશ્બુઓ બેકાર બની જાય છે ! આપે ફર્માવ્યું કે મેં કદી પણ કોઈ ખુશ્બુ લગાડી નથી, પણ કારણ એ છે કે હું બીમાર થયો હતો અને મારા બદન ઉપર ફોલ્લા થઈ ગયા

હતા. તો હું આપ ﷺની ખિદમતમાં હાજર થયો અને બીમારીની શિકાયત કરી, તો આપ ﷺએ ફર્માવ્યું કે ઉત્બા કમીઝ ઉતારો અને બેસી જાવ ! હું કમીઝ ઉતારી આપની સામે બેસી ગયો. આપ ﷺએ પોતાના હાથ મુબારક પર ફૂંક મારી પછી બંનેવ હાથ મિલાવીને બંનેવ હાથ મારા પેટ અને પીઠ પર ફેરવી આપ્યા, તે દિવસથી મારા બદનથી આવી ખુશ્બુ આવી રહી છે. *(ઝુર્કાની-૨૨૪/૪ મદારિજુન્નબુવ્વહ-૨૪/૧, સિરતે હલબિય્યહ-૪૦૩/૨, ખસાઈસુલ કુબ્રા-૮૪/૨)*

**નોંધ :** આ ખુશ્બુ જે સરકારના બદન મુબારકથી આવતી હતી તે કંઈક થોડા દિવસો માટે ન હતી, બલ્કે પૈદાઈશી ખુશ્બુ હતી. જેમ કે આપના વાલિદા સૈયદા આમિના رضی اللہ عنہا ફર્માવે છે :-

## આપ પેદાઈશી ખુશ્બુવાળા હતા !

''જ્યારે મારા નૂરે નઝર ﷺની પૈદાઈશ થઈ તો મેં જોયું કે હુસ્નો જમાલ (ખૂબસૂરતી) એવી હતી જેમ કે ૧૪મીનો ચાંદ અને આપના બદન મુબારકથી એવી ખુશ્બુ આવી રહી હતી, જેમ કે કસ્તૂરીની ખુશ્બુ હોય છે. *(મવાહિબ-૧૨૬/૧, ઝુર્કાની-૧૧૫/૨, અન્વારે મુહમ્મદિયહ-૨૪)*

આથી માલૂમ થયું કે આપના બદન મુબારકમાં પૈદાઈશથી જ બધા જ કમાલો રાખી દેવામાં આવ્યા હતા.

## આવી ખુશ્બુ કદી ન જોયી ન સાંભળી !

''ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہاએ ફર્માવ્યું કે જે દિવસે આપ ﷺનો વિસાલ થયો તો મેં મારા હાથથી આપના હાથને પકડયા તો કેટલાંય અઠવાડિયાં સુધી મારો હાથોએથી વુઝૂ કરતી વખતે અને ખાણુ ખાતી વખતે અત્તરની ખુશ્બુ આવતી હતી.'' *(શવાહિદુન્નબુવ્વહ ૧૮૭, ખસાઈસુલ કુબ્રા-૨૭૪/૨)*

''ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે જ્યારે રસૂલુલ્લાહ ﷺનો વિસાલ શરીફ થયો તો હુઝૂર મારી ગોદમાં હતા. તો જ્યારે રૂહ મુબારકે પરવાઝ કરી તો એવી ખુશ્બુ આવી કે મેં કદી એવી ખુશ્બુ જોઈ કે સાંભળી નથી. *(ખસાઈસુલ કુબ્રા-૨૭૪/૨)*

''મૌલા અલી શેરે ખુદા کرم اللہ تعالیٰ وجہہ الکریم એ આપ ﷺને ગુસલ આપતાં આ પ્રમાણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારાં મા બાપ આપ પર કુર્બાન ! આપે જિંદગી પણ પાકીઝા પસાર કરી અને આપનો વિસાલ પણ પાકીઝા છે. હઝરત અલી ફર્માવે છે, ગુસલ આપતાં એવી પાકીઝા ખુશ્બુની મહક આવી કે એવી ખુશ્બુ કોઈએ પણ કદી જોઈ નહીં હોય.''

## ખુશ્બુવાળાઓનું ઘર !

''શૈખુલ મુહદ્દિષીન શૈખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ લખ્યું છે કે એક શખ્સે પોતાની છોકરીને તેણીના પતિ પાસે મોકલવા ખુશ્બુ તલાશ કરી, પરંતુ ન મળી. તો તે બારગાહે રિસાલતમાં થઈ હાજત પેશ કરી કે હુઝૂર ! આપ કોઈ ખુશ્બુ અતા ફર્માવી દો ! આપ ﷺએ શીશી મંગાવી અને તેમાં પોતાના શરીર મુબારકનો પસીનો નાખી આપ્યો. અને ફર્માવ્યું કે જઈને આ છોકરીના બદન પર લગાડી આપજો ! જ્યારે તેને લગાડવામાં આવ્યો તો આખુ મદીના પાક ખુશ્બુથી મેહકી ઉઠયું. ત્યાર બાદથી જ તે ઘરનું નામ 'બયતુલ મુતય્યેબીન' (ખુશ્બુવાળાઓનું ઘર) રાખી દેવામાં આવ્યું. *(મદારિજુન્નબુવ્વહ, ઉર્દૂ, ૪૭/૧, ફારસી-૨૪/૧)*

## ઔલાદમાં વારસાગત ખુશ્બુ !

''આશિક઼ે રસૂલ હઝરત અલ્લામા સૈયદ અહમદ સઈદ કાઝમી رحمۃ اللہ علیہએ જામિઆ રઝવિય્યહ (પાકિસ્તાન)ના જલ્સામાં આ વાકિઓ બયાન કરી ફર્માવ્યું કે તે છોકરીને પૂરી જિંદગી

ખુશ્બુ લગાડવાની જરૂરત પડી નથી. બલ્કે તેણીની અવલાદ દર અવલાદ માં જે કોઈ બાળક પૈદા થતું તો તેના બદનથી પણ ખુશ્બુ આવતી."

"સૈયદુના વાઈલ ઈબ્ને હજર رحمۃ اللہ علیہ રિવાયત કરે છે કે હું આપ ﷺ સાથે મુસાફહ કરતો હતો એના કારણે મારા હાથથી ત્રણ ત્રણ દિવસ સુધી કસ્તૂરીની ખુશ્બુ આવતી રહેતી.

*(અલ મવાહિબ–૨૮૧/૨, ઝુર્કાની–૧૮૩/૪, હુજ્જતુલ્લાહ અલલ આલમીન, ૪૩૮)*

## નામે પાકમાં પણ ખુશ્બુનો કમાલ !

બલ્કે આપ ﷺના નામ મુબારકમાં પણ ખુશ્બુ છે. જે મજલિસમાં પણ આપ ﷺપર દુરૂદે પાક પઢવામાં આવે તો તે મજલિસથી એક પાકીઝા ખુશ્બુ ઉઠે છે જે આકાશની ઊંચાઈ સુધી પહોંચે છે. આ ખુશ્બુ મેહસૂસ કરી આકાશના ફરિશ્તાઓ કહે છે કે કોઈ એવી મેહફિલથી ખુશ્બુ આવી છે જેમાં આપ ﷺપર દુરૂદ શરીફ પઢવામાં આવ્યું હોય.

"એક નેક સાલેહ પરહેઝગાર માણસ હતો જ્યારે પણ તે અલ્લાહ તઆલા અથવા આપ ﷺનો ઝિક્ર કરતો તો એના સીનામાંથી એવી ખુશ્બુ આવવા લાગતી જેમ કે કસ્તૂરી અને અંબરની હોય છે." *(સઆદતુદ્દારૈન, ૧૪૩)*

## ક઼બરથી કસ્તૂરીની મહેક

"હઝરત શૈખ મુહમ્મદ ઈબ્ને સુલયમાન જઝૂલી رحمۃ اللہ علیہ જેઓ પુષ્કળ સંખ્યામાં દુરૂદે પાક પઢતા હતા. એમણે દુરૂદ શરીફની ફઝીલતોમાં એક કિતાબ લખી છે જે ચારવે સિલસિલામાં પઢવામાં આવે છે જેનું નામ 'દલાઈલુલ ખયરાત' છે.

હઝરત શૈખ ફાસી ફર્માવે છે : આપની એટલે 'દલાઈલુલ ખયરાત'ના લેખકની ક઼બ્ર મિરાકશમાં છે. પુષ્કળ સંખ્યામાં લોકો એમની ક઼બ્ર મુબારક પર હાજરી આપે છે અને ત્યાં 'દલાઈલુલ ખયરાત' પઢે છે અને આ વાત સચોટ છે કે વધારે દુરૂદે પાકની બરકતના કારણે આપની ક઼બ્રથી કસ્તૂરીની મહક આવે છે. *(મતાલિઅુલ મુસર્રાત–૪)*

## ઘર ખુશ્બુથી મહેકી ઉઠયું !

એક નેક મર્દ હઝરત મુહમ્મદ ઈબ્ને સઈદ ફર્માવે છે કે મેં મારી ઉપર લાઝિમ કરેલું હતું કે આટલું આટલું દુરૂદે પાક પઢીને સૂઈશ. આપ પોતાના નિયમ પ્રમાણે દુરૂદે પાક પઢયા કરતા હતા. તે ફર્માવે છે કે એક દિવસ હું ઉપરના માલે સૂતેલો હતો. શું જોઉં છું કે આપ ﷺ મારા ઘરમાં તશરીફ લાવી રહ્યા છે. આપના નૂરે પાકથી મારુ ઘર રોશનીમાં ઝગમગી રહ્યું છે, આપ ﷺ મારા નજીક આવ્યા અને ઈર્શાદ ફર્માવ્યું કે હે મારા પ્યારા ઉમ્મતી ! જે મોઢાથી તું મને દુરૂદે પાક પઢી પેશ કરે છે, લાવ ! હું તેને બોસો આપું ! આ સાંભળીને મને શર્મ આવી કે હું ક્યાં અને ક્યાં સરકાર ....! છતાં મેં મારું મોઢું ફેરવ્યું તો આપ ﷺએ મારા ગાલ પર બોસો આપ્યો, તો એનાથી એવી ખુશ્બુ આવી કે એના મુકાબલામાં બધી જ ખુશ્બુઓ બેકાર છે. આ ખુશ્બુની મહેકથી મારી સૂઈ રહેલી પત્ની ઉઠી પડી અને અમોએ જોયું કે આખુ ઘર ખુશ્બુથી મહેકી રહ્યું છે બલ્કે મારા ગાલથી આઠ દિવસ સુધી ખુશ્બુ આવતી રહી. *(અલ્ કવલુલ બદીઅ–૧૩૫, સઆદતુદ્દારૈન–૧૨૩, જઝબુલ કુલૂબ (ઉર્દૂ), ૨૬૫)*

**નોંધ** : અમુક લોકો નબીએ અકરમ ﷺને મુર્દા માને છે. (મઆઝલ્લાહ !) તે લોકોની ક઼િસ્મત જાગતી હોય અને તેઓ જુએ, ગોરો ફિક્ર કરે કે જે જાતના ખ્વાબમાં આવવાથી આખુ ઘર ખુશ્બુથી મહેકી ઉઠે તેમના માટે આ બદ્નસીબ લોકો આવી વાતો કહે છે ?! યા અલ્લાહ તઆલા ! આવા લોકોને તું હિદાયત અતા ફર્માવ અથવા એમની ઝબાનો બંધ કરી દે. (આમીન)

# ગીત-સંગીતનાં ભયાનક બુરાં પરિણામો

અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી
(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી) મુંબઈ

અનુવાદક : મૌલાના મુફ્તી મુહમ્મદશાકિર
પટેલ રઝવી મિસ્બાહી-દયાદરા

અલ્લાહ جل جلاله ઈર્શાદ ફર્માવે છે :–

**ومن الناس من يشترى لهو الحديث ليضل عن سبيل الله--**

**(અર્થાત):** અમુક લોકો ખેલની વાતો ખરીદે છે, કે ના સમજી અલ્લાહની રાહ અને રસ્તાથી બેહકાવી દે અને તેને મજાક બનાવે, તેમના માટે અપમાન ભર્યો અઝાબ છે. *(લુકમાન, આયત-૬)*

''ખેલની વાત'' (લહવ-લ-હદીષ) વિશે મુફસ્સિરીને કિરામનું મંતવ્ય છે કે તે ગીત, સંગીત છે.

મુફસ્સિરે આ'ઝમ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અહમદ ઈબ્ને મહમૂદ નસફી رحمۃ اللہ علیہ ફર્માવે છે : (અર્થાત) : બનાવટી કિસ્સા તથા વાર્તાઓ બયાન કરવી અને ગીત સંગીત વગેરે 'ખેલની વાતો' (લહવ-લ-હદીષ) છે. *(તફસીરે મદારિક, ૩/૨૭૮)*

હદીષ શરીફમાં છે : હુઝૂર صلی اللہ علیہ وسلم ઈર્શાદ ફર્માવે છે કે **જે માણસ ગીત ગાતા સમયે પોતાના સ્વરને બુલંદ કરે છે, અલ્લાહ તઆલા તેના પર બે શૈતાનોને મુસલ્લત (લાગુ) કરી આપે છે જે બંને ખભા પર બેસી ત્યાં સુધી તેને મારતા રહે છે જ્યાં સુધી તે ચૂપ ન થઈ જાય.** *(નફસે મસ્દર)*

જો કોઈ માણસ ગીતો (Songs)ની કેસેટ ખરીદે છે, સંગીત (Music)ના સાધનો ખરીદે છે તો આ તે વસ્તુઓ છે જેના કારણે માણસ અલ્લાહના રસ્તા તરફ નથી ચાલી શક્તો અને આ વસ્તુ અલ્લાહના રસ્તા તરફ જવાથી રોકી લે છે. દા.ત. એક માણસ ત્રણ કલાક સુધી સિનેમા ઘરમાં બેસી પિક્ચર જુએ છે તો ત્યાંથી પરત ફર્યા બાદ તે મસ્જિદમાં જવાની કોશિશ નહીં કરે, **ગીતો સાંભળ્યા પછી માણસના દિલ તથા દિમાગમાં હરામ કૃત્યો તથા બદ્કારીની ઈચ્છા થાય છે.** આ બધી તે વસ્તુ છે જે માણસને અલ્લાહ તરફ જવાથી રોકી લે છે.

નઝર ઈબ્ને હારષા મક્કાનો એક ઘણો જ મોટો વ્યાપારી હતો, જ્યારે તેણે જોયું કે મક્કાનું કલ્ચર (Culture) બદલાઈ રહ્યું છે, મક્કાના લોકોમાં ગુનાહો પ્રત્યે આકર્ષણ ઘટી રહ્યું છે, લોકોમાં સ્વચ્છતા વધી રહી છે અને તેમનો સ્વભાવ બદલાઈ રહ્યો છે, તો તેણે છાન બીન કરી કે આખરે તે કઈ વસ્તુ છે જે મક્કાના લોકોના દિલમાં શરાફતના બીજ વાવી રહી છે અને સ્વચ્છતા પૈદા કરી રહી છે. તો તે એ પરિણામે પહોંચ્યો કે મક્કાના લોકો હઝરત મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلمથી કુર્આન સાંભળવાના આદી થઈ ગયા છે અને એ જ નહીં બલ્કે સહાબાથી પણ કુર્આન સાંભળવા લાગ્યા છે, જ્યારે કુર્આન સાંભળે છે તો તેમની જિંદગી સંપૂર્ણ રીતે બદલાઈ જાય છે. જેના વિશે મુફસ્સિરે કુર્આન મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''આ આયત નઝર ઈબ્ને હારષા વિશે નાઝિલ થઈ જે વ્યાપારિક સફર માટે બહાર જતો અને ત્યાંથી અજમીઓ (અરબ સિવાયના લોકો)ની નોવેલ (Novel) અને કિસ્સા કહાનીની ચોપડીઓ ખરીદતો. મક્કાના લોકોને કહેતો કે મુહમ્મદ صلی اللہ علیہ وسلم તમને 'આદ' તથા 'ષમૂદ'ની કહાનીઓ સંભળાવે છે અને હું તમને રુસ્તમ, અસ્કન્દર તથા અજમના બાદશાહોની કહાનીઓ સંભળાવું છું. *(તફસીરે નૂરુલ ઈર્ફાન, ૬૫૬)*

જાણવા મળ્યું કે ગીત સંગીતના સાધનો, પત્તાં,

દારૂ બલ્કે ખેલકૂદનાં સાધનો ખરીદવા પણ મના છે અને વેચવું પણ મના છે કારણ કે ઉપરોક્ત આયત ખરીદનારાઓની બુરાઈ માટે ઉતરી છે. એ જ રીતે નાજાઈઝ નોવેલ, ગંદાં મેગેઝિન, સિનેમાની ટીકીટો, તમાશા વગેરેના સબબો વગેરે તમામનું ખરીદ વેચાણ મના છે કારણ કે આ બધું જ 'લહવલ હદીષ' છે.

## ગીત સંગીતથી બચનારનું ઈનામ

અલ્લામહ્ મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ તફસીરે નૂરુલ ઈર્ફાનમાં ફર્માવે છે કે જે પણ વસ્તુ અલ્લાહના ઝિક્રથી ગાફિલ કરે તે 'લહવલ હદીષ'માં સામેલ છે અને હરામ છે.

જો કોઈ માણસ ગીતોની મેહફિલમાં ન જાય, ગીતોને પસંદ ન કરે, ગીતોથી પોતાને બચાવે તો રસૂલે ગિરામી વકાર ﷺ ફર્માવે છે કે : કયામતના દિવસે પરવરદિગાર ﷻ ઈર્શાદ ફર્માવશે કે, ક્યાં ગયા તે લોકો જે પોતાના કાનોને ગીતોથી બચાવતા હતા ? જે પોતાના વજૂદને સંગીતથી દૂર રાખતા હતા ? ક્યાં છે તે લોકો ? જ્યારે ફરિશ્તા તેઓને પેશ કરશે તો મૌલા તઆલા ઈર્શાદ ફર્માવશે : જાવ ! એમને મુશ્કના બગીચાઓમાં દાખલ કરી દો !

એ વાત ધ્યાનમાં રહે કે ગીત હોય કે સંગીત એ માણસને તબાહ કરવા માટે છે. કુર્આનથી દૂર કરવા તથા અલ્લાહના ઝિક્રથી ગાફિલ કરવા માટે હોય છે. દુશ્મનો પોતાના મકસદમાં કામયાબ થઈ ગયા. આજે કુર્આન મુકદ્દસ સાંભળવાની તબીયત નથી થતી, આજે કુર્આને મુકદ્દસના મુઝાહેરાનો પ્રોગ્રામ હોઈ તો લોકો જોવામાં નથી આવતા, કોઈ કુર્આન સાંભળવા પણ તૈયાર નથી થતા.

મુસલમાનો ! તમે (કુર્આન) સાંભળતાં સાંભળતાં ઉકતાઈ ગયા છો ! ગીતો (Songs)ની વાત લઈએ તો ઠેક ઠેકાણે ગીત સંગીત આમ થઈ ગયાં છે. કુર્આન તથા હદીષની રોશનીમાં ગીતો સાંભળનાર તથા સંગીત પ્રત્યે દિલચસ્પી ધરાવનાર ખૂબ જ સખત તથા બેઈજ્જતીભર્યા અઝાબમાં સપડાશે.

તે કઈ બુરાઈ છે જેને મનમોહક બનાવવા માટે સંગીત (Music)નો ઉપયોગ ન થતો હોય ? કોઈપણ જગ્યા ગીત સંગીતથી ખાલી નથી. કાશ ! મુસલમાન સમજવાની કોશિશ કરત કે આ ગીત સંગીત આપણા સમાજમાં શા માટે આમ કરવામાં આવી રહ્યાં છે ? ગીતો (Songs) સાંભળનાર વિશે હુઝૂર ﷺએ જે વઈદ (ચેતવણી) ઈર્શાદ ફર્માવી છે તેને સાંભળી બદનના રુંવાં રુંવાં ઉભાં થઈ જાય છે ! ધ્યાનથી વાંચશો :–

## ગીત સંગીતના શોખિનોને ચેતવણી ?!

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી સરકાર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, હે ઈબ્ને મસ્ઊદ ! **મારી ઉમ્મતમાં એક એવી કૌમ થશે જે રાત્રે સૂઈ જશે તો ઈન્સાની શક્કલમાં પણ સવારે ઉઠશે તો તેઓની શક્કલ વાંદરા તથા ભૂંડ જેવી થઈ જશે.** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદે અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! આપ પર મારાં માં–બાપ કુર્બાન ! શું તે કૌમ આપને અલ્લાહના રસૂલ નહીં માનતી હોય ? અલ્લાહના રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, તે કૌમ અલ્લાહને એક અને લા–શરીક પણ માનતી હશે, અને મને અલ્લાહનો રસૂલ માનતી હશે, નમાઝ, રોઝા, હજ્જ તથા ઝકાતની પાબંદ પણ હશે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما ઉછળી પડયા કે સરકાર ! જ્યારે તેઓ આ બધાં જ કામો કરતા હશે તો તેમની શક્કલ શા માટે બદલાઈ જશે ?! સરકારે ﷺએ ફર્માવ્યું કે, **શક્કલો બદલાવાનું કારણ એ હશે કે તેઓ ગાવાવાળીઓ થકી ગીતો સાંભળશે, તેઓ વાજિંત્રોથી મહોબ્બત કરશે, દારૂડીયા હશે. આ બુરાઈના કારણે રાત્રે તેઓ સૂઈ જશે તો તેમની શક્કલ ઈન્સાનો જેમ હશે અને સવારમાં ઉઠશે તો અલ્લાહ તઆલા તેમની શક્કલ બદલી નાખશે."**

આજના સમયમાં નબી ﷺની સુન્નત પર

અમલ કરવામાં પણ નબી ﷺની નાપસંદ વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવે છે. દા.ત. શાદી, નિકાહ આપણા નબીની સુન્નત છે પણ તેમાં પણ ગીત સંગીત અને ડાન્સનો રિવાજ એટલી હદે પહોંચી ગયો છે કે અલ્લાહની પનાહ !

## હસન બસરી અને શાદીમાં બેન્ડબાજા

જયારે કોઈ હઝરત હસન બસરી رضی اللہ عنہને વલીમાની દા'વત આપતો તો આપ પૂછતાછ કરતા કે તેમાં ગીતો તો નથી ?! સંગીત તો નથી ?! જો કોઈ માણસ કહી આપતો કે, હા ! તેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. તો આપ ફર્માવતા કે તેમાં કોઈ જ ભલાઈ નથી, તે મેહફિલમાં કોઈ બરકત નથી, કોઈ જ રહમત નથી ! તે નબી ﷺની સુન્નત નથી બલ્કે નબીની સુન્નત વિરુધ્ધ છે. આવી મેહફિલોથી બચો ! નહીં તો અલ્લાહનો અઝાબ નાઝિલ થઈ જશે.

આજે કારખાનાંઓમાં ચાલ્યા જાવ, તો ત્યાં પણ સંગીત (Music) ! કારણ ? કારીગર વિના સંગીતે કામ જ નથી કરી શક્તો ! ગીતોની કેસેટો વિના કિચનમાં કામ જ નથી થઈ શક્તું ! ન તો ગાડીમાં સફર થઈ શકે છે. મુસલમાનો ! કઈ દિશામાં જઈ રહ્યા છો ? પ્યારા નબી ﷺ તમને સુકૂન આપવા માટે તશરીફ લાવ્યા, તમારી બેકરારી દૂર કરવા માટે તશરીફ લાવ્યા, તમારી જિંદગીમાં ઈન્કેલાબ પૈદા કરવા માટે પધાર્યા પોતે પ્યારા આક઼ા ﷺએ પથ્થર ખાધા અને તમને સુકૂનની દૌલત અતા ફર્માવી. આજે ઉમ્મતે મુસ્લિમા પોતાની તબાહી અને પરેશાનીનું માતમ કરી રહી છે, પરંતુ આ મુસીબતો તથા પરેશાનીનાં કારણો આપણે પોતે જ કમાયેલાં છે.

## ગીતો દિલોમાં નિફાક પેદા કરે છે !

આપણે ગીતો તથા સંગીતથી દિલચસ્પી પૈદા કરી લીધી. ગીતો (Songs) માણસના દિલોમાં નિફાક઼ (મુનાફિક઼તપણુ) પૈદા કરે છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ تعالیٰ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : **ગીતો માણસના દિલમાં નિફાક પૈદા કરે છે જેમ કે પાણી લીલોતરીને પૈદા કરે છે.**

મુનાફિકોની જે સિફતો છે તે બધી ગીતોના કારણે માણસના દિલમાં પૈદા થાય છે. અને મુનાફિકોનું ઠેકાણું શું છે ? ઈર્શાદે રબ્બાની છે, (અર્થાત) : બેશક ! મુનાફિક દોઝખના સૌથી નીચલા તબક્કામાં છે.

## લાંબાવાળવાળો ગવૈયો શૈતાન !

આજે પોપ સિંગર (Pop Singer) અને ન જાણે ભાત ભાતના ધમાકેદાર નાચ શરૂ થઈ ગયા છે, લાંબા લાંબા વાળ, કાનોમાં હેરીંગ નાખી તેઓ ડાન્સ કરે છે. આ આજની સિસ્ટમ અને રીત નથી, આ ચૌદસો વરસ જૂની સિસ્ટમ છે. ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે કે હું મારા ભાઈના ઘરે ગઈ, મારા ભાઈની પુત્રીઓ પરેશાનીમાં હતી માટે તેમની ખબર લેવા માટે પહોંચી. ત્યાં હું શું જોઉં છું કે એક લાંબાવાળવાળો માણસ ગાઈ રહ્યો છે અને ઝુમી રહ્યો છે. આપ ફર્માવે છે કે, મેં તેને ત્યાં જોયો અને કહ્યું કે, અફસોસ ! શૈતાન ! અહીંથી તેને કાઢી મૂકો ! અહીંથી તેને કાઢી મૂકો !''

હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે જે માણસ ગીતો (Songs) સાંભળવા માટે ગીતો ગાનારી પાસે બેઠો તો અલ્લાહ તઆલા ક઼યામતના દિવસે તેના કાનોમાં સીસુ પીગળાવી નાખશે. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૫/૨૨૦)* અલ્લાહની પનાહ !

## નબી ﷺની બારગાહમાં નઅત પઢવાનો અદબ

આજનો મુસલમાન કેપ્રેટ ડાન્સ તથા બ્રેક ડાન્સ કરનારા અય્યાશો સાથે ઉભા રહી ફોટા પડાવવામાં

ખુશી અનુભવે છે ! અને ખૂબ જ મજબૂર થઈને ઉલ્લેખ કરવા ચાહું છું કે અમુક નઅતો પણ એવી પઢવામાં આવી છે કે લોકો ડાન્સ કરવાનું શરૂ કરી દે ! અલ્લાહની પનાહ ! કાલ સુધી નઅતો સાંભળી દિલ મહબ્બતે રસૂલથી એટલું નરમ થઈ જતું કે આંખોથી અશ્રુઓ ટપકી પડતાં, અને આજે ધુનો પર અને એ રસ્તાઓ પર લોકો જઈ રહ્યા છે જે ગૈરોના છે. ખબરદાર ! નઅત શરીફ સાંભળતી વખતે આમ ઝુમો તેમ ઝુમો એવું ક્યાં છે શરીઅતમાં ?! ઈતિહાસમાં નથી મળતું કે નઅત શરીફ પઢતા સમયે એ રીતે ઝુમો, બલ્કે કાઝી અયાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે નબી ﷺની બારગાહમાં સલામ પેશ કરતા સમયે એ રીતે ઉભા રહો જેમ કે નમાઝમાં ઉભા રહો છો, સંપૂર્ણ અદબ સાથે.

એકવાર સરકાર ﷺએ જે ફર્માવ્યું તે સાંભળો, અને બોધ મેળવો : અમુક લોકોના ચહેરા અલ્લાહ તઆલા બદલી નાખશે, તેઓને જમીનમાં ધસાવી દેશે, તેમના પર આસમાનથી પથ્થરોનો વરસાદ થશે. સહાબાએ કિરામ ધ્રુજી ઉઠયા અને અર્ઝ કરી કે અમારા માં બાપ આપના પર કુર્બાન ! યા રસૂલલ્લાહ ! ﷺ જમીનમાં શા માટે ધસાવી દેવામાં આવશે ? ચહેરા શા માટે બદલી કાઢવામાં આવશે ? આસમાનેથી પથ્થરોની વર્ષા શા માટે થશે ? સરકાર ﷺએ ફર્માવ્યું કે **ગાનારા (Singers) થકી ગીતો સાંભળવાના કારણો અને રાત્રે દારૂ પીવાના કારણે અલ્લાહ جل جلالہ તેઓ પર આસમાનથી પથ્થર વરસાવશે અને જમીનમાં ધસાવી દેશે અને તેમના ચહેરા બદલી નાખશે.**

શું આજે ધરતીકંપના ઝટકા નથી આવતા ? શું સુનામી, ધરતીકંપ આ બધી વસ્તુઓ નથી બતાવતી કે આ શા માટે થઈ રહ્યું છે ? અરે નાદાન મુસલમાનો ! ગૈરોના ધોકા તથા પ્રપંચના શિકાર થઈ પોતાનો તાલ્લુક કુર્આનથી કમજોર કરી લેશો તો કૌમ પર પથ્થરોનો વરસાદ અને તબાહી નહીં આવે તો શું થશે ?

### એ અવાજ નબી ﷺને સખત નાપસંદ હતો !

ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ના ઘરમાં એક નાની બાળકી આવી, ઘણી જ નાની બાળકી ! જેના પગમાં ગુંગરુ હતાં. **ત્રણ વરસની બાળકી ગુંગુર પહેરી ઘરમાં પ્રવેશી જેનો અવાજ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ના કાનોમાં પડયો તો આપ કાંપી ઉઠયાં !! અને બાળકીને પકડી તેના ગુંગરુ કાઢયાં અને ફર્માવ્યું ! બાળકી ! આ પહેરી હરગિઝ મારી ઘરમાં આવીશ નહીં ! આ અવાજ પ્યારા નબી ﷺને સખત નાપસંદ હતો.**

વિચારો ! આજે યુવાન યુવાન છોકરીઓ ગીત સંગીત સાથે નાચે તેનાથી રસૂલેપાક ﷺ કેટલા નારાજ થતા હશે !

મુસ્લિમ સોસાઈટી (Society)ની પોઝિશન તો એવી હોવી જોઈએ કે ઈસ્લામ બતાવવાની જરૂરત ન પડે. કોઈ આપણા મહોલ્લામાં આવે તો મહોલ્લાના રંગ ઢંગ જોઈને સમજી જાય કે નબી ﷺની તા'લીમ આવી જ હશે, એટલા માટે જ તો મુસલમાન આટલા સાફ સુથરા જણાઈ રહ્યા છે. પણ ના ! આપણે સુધરવું જ નથી ! આપણે પોતાનામાં કોઈ જ ફેરફાર લાવવો નથી. તો પછી તેનું પરિણામ શું થશે ? માર ખાઈ રહ્યા છે, બેઈજ્જત થઈ રહ્યા છે, આબરુ સલામત નથી, દર દરની ઠોકરો ખાઈ રહ્યા છે અને સચ્ચર કમિટીએ સાચો ચહેરો આપણને બતલાવી દીધો ! શું નબી ﷺને માનનાર આટલી હદે પહોંચી ગયો છે ?! શું જેની પાસે કુર્આન જેવી અઝીમ કિતાબ હોય તે આટલી હદે બેઈજ્જત થઈ શકે ? **આપણે એટલા**

**માટે પડતી દશામાં થયા કે ગૈરો થકી કુર્આને મુકદ્દસથી દૂર કરવાની કોશિશ કરવામાં આવી અને આપણે કુર્આનથી દૂર પણ થઈ ગયા !** નહીં તો આપણા ઘરોની ઓળખ હતી કે રાતના અંધકારમાં આપણા જ ઘરોએથી કુર્આનની તિલાવતનો અવાજ આવતો હતો, જ્યારે આજે **રાત્રે ત્રણ વાગ્યે પણ મુસલમાનોના ઘરોમાંથી વીડીયોનો અવાજ આવે છે !** ગીતો (Songs)નો અવાજ આવે છે.

## અલ્લાહના અઝાબનું એક કારણ

હું જ્યારે પોતાના મુહલ્લાનો દોરો કરું છું તો બુદ્ધિ દંગ રહી જાય છે. નાનો છોકરો અથવા ઘરડો માણસ નાનું વોકમેન લઈ ગીતો સાંભળી રહ્યો હોય છે, મસ્ત હોય છે ! અલ્લાહના અઝાબનું એક કારણ એ પણ દર્શાવવામાં આવ્યું છે કે, "બે જણ મળીને ગીતો ગાઈ રહ્યા હોય છે." મેં બે બાળકોને જોયાં કે એક ગીત ગાઈ રહ્યો છે અને બીજો ડાન્સ કરી રહ્યો છે. મેં તેમને પૂછયું કે શું કરી રહ્યા છો ? તો તેઓએ કહ્યું કે અંતાક્ષરી રમી રહ્યા છીએ. મને આશ્ચર્ય થયું, કે આ ક્યા પ્રકારની રમત છે ?! બતાવવામાં આવ્યું કે એક ગીત ગાતા અટકે અને બીજો ત્યાંથી શરૂ કરે. મેં જ્યારે હદીષનો અભ્યાસ કર્યો તો માલૂમ થયું કે આ રમત વર્તમાન સમયની છે પણ તેનો અઝાબ ૧૪૦૦ વરસ અગાઉ બતાવી દેવામાં આવ્યો છે !

## આ છે આપણા નવયુવાનો !

આ વરસના હજજના સફર દરમ્યાન હું હાજીઓને મદીના શરીફના આદાબ બતાવી રહ્યો હતો કે મદીના શરીફમાં જાઓ તો આ રીતે પ્રથમ પ્યારા નબી ﷺની બારગાહમાં સલામ પેશ કરો, ત્યાર પછી હઝરત સિદ્દીકે અકબર અને હઝરત ઉમર رضی اللہ عنہما ની બારગાહમાં સલામ અર્ઝ કરો. મેહફિલ ખતમ થયા પછી એક બાવીસ વરસના નવ યુવાને મને સવાલ કર્યો કે આ સિદ્દીકે અકબર કોણ છે ?! તે જ નવયુવાનને કોઈ ફિલ્મી હીરો વિશે સવાલ કરવામાં આવે તો તેના બાળપણથી લઈને તેની જુવાની સુધીનો આખો ઈતિહાસ જણાવી આપે, પણ પ્યારા નબી ﷺ પછી **ઉમ્મત પર જેનું સૌથી મોટુ એહસાન છે તેમના વિશે તેને કોઈ જ જાણકારી નથી !** જેમના સદકામાં ઉમ્મતના વૃદ્ધો પર અઝાબ નહીં આવે, તે સિદ્દીકે અકબર વિશે તે નવયુવાનને કોઈ જ જાણકારી નથી ! આજે આપણી ટેવો તથા હાલત એવી થઈ ગઈ છે કે અલ્લાહની રહમત આપણા તરફ માઈલ નથી થતી, એ તો તેનું એહસાન છે કે હુઝૂર ﷺના સદકામાં આપણને રોજી મળી રહી છે, નહીં તો આપણા કૃત્યો એવાં નથી જ.

## કુર્આન સાંભળવા પર રહમતની વર્ષા !

અલ્લાહ તઆલાનું ફર્માન છે કે :–

(અર્થાત) : "જ્યારે તમારી સમક્ષ કુર્આનની તિલાવત કરવામાં આવે તો ચૂપ રહી તેને ધ્યાનથી સાંભળો."

રબ તઆલાની અઝમત પર કુર્બાન જાવ કે અમલ માટે ન ફર્માવ્યું, સમજવાનો પણ હુકમ ન ફર્માવ્યો, બલ્કે ફર્માવ્યું કે ચૂપ રહો અને તેને ધ્યાનથી સાંભળો. જો મારા કલામને માત્ર ચૂપ રહી સાંભળશો તો પણ હું તમારા પર રહમતની વર્ષા ફર્માવીશ. (સુબ્હાનલ્લાહ !)

**રહમતે હક્ક બહા ન મી જોયદ**
**રહમતે હક્ક બહાના મી જોયદ**

## સહાબાનો કુર્આનથી લગાવ !

તેની રહમત બહાનુ શોધે છે પણ આપણા દિલમાંથી કુર્આન સાંભળવાનો જઝબો ખતમ થઈ ચૂક્યો છે. સહાબાએ કિરામની કેફિયત શું હતી ? જંગના સમયે એક લશ્કર પરત ફરી રહ્યું હતું, રસ્તામાં પડાવ કરવામાં આવ્યો અને એક

સહાબીને લશ્કરની દેખરેખની જિમ્મેદારી આપવામાં આવી. તેઓ આખી રાત પેહરો આપતા રહ્યા. જ્યારે તેમને ઈત્મિનાન થઈ ગયું કે કાફલાના બધા જ લોકો આરામથી સૂઈ રહ્યા છે અને દુશ્મન કોઈ પણ રીતે હુમલો નથી કરી શક્તો, તો તેમણે નમાઝ શરૂ કરી દીધી. જેવી તેમણે નમાઝમાં કિરઅત શરૂ કરી તો ઘાટમાં બેઠેલા દુશ્મનોએ તીરોનો વરસાદ શરૂ કરી દીધો, પરંતુ તેમના કાનો સુધી તેનો અવાજ ન પહોંચ્યો. કાફલાવાળા જાગી ગયા પણ આપ નમાઝમાં મશ્ગૂલ રહ્યા. જ્યારે આપે નમાઝ પૂરી કરી તો જોયું કે લોકો હોશિયાર છે અને જાગી રહ્યા છે. તો આપે સવાલ કર્યો કે શું થયું ?! તો લોકોએ જવાબ આપ્યો કે આપ ઈબાદતમાં લાગેલ હતા એવામાં તીરોનો વરસાદ થવા લાગ્યો જેથી અમે જાગી ગયા. અમને યક઼ીન થઈ ગયું કે દુશ્મનો તીર વરસાવી રહ્યા છે. અમે સૂઈ રહ્યા હતા અને આપ જાગી રહ્યા હતા છતાં સૂવાની હાલતમાં તીરના અવાજથી અમારી આંખ ખુલી ગઈ, જ્યારે તમે જાગી રહ્યા હતા અને નમાઝ પઢી રહ્યા હતા તો આપને તીરનો અવાજ ન સંભળાયો ? આપે ફર્માવ્યું કે **હું કુર્આનની તિલાવતમાં લાગેલ હતો અને તેમાં એટલો આનંદ મળી રહ્યો હતો કે આસપાસમાં શું થઈ રહ્યું છે તેની મને કાંઈ જ ખબર ન હતી** ! આ હતો કુર્આન શરીફથી લગાવ અને મહોબ્બત !

આપણે ત્યાં કુર્આને મુકદસ પર માટી જામી ગઈ છે તેને ખોલવાનો સમય જ નથી મળતો અને શિકાયત કરે છે કે દુનિયા આપણા પર જુલ્મ કરી રહી છે. નાદાન ! તું પોતે જ પોતાના પર જુલ્મના દરવાજા ખોલી રહ્યો છે. અને સાંભળો ! એવી દા'વતોમાં પણ શરીક ન થવું જોઈએ જેમાં નાચગાન અને સંગીતના પ્રોગ્રામો હોય. પરહેઝ કરો એનાથી !

## નાચ ગાનવાળી શાદીમાં ન જાવ !

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ ને વલીમાની દા'વત આપવામાં આવી. આપ તશરીફ લઈ ગયા. જ્યારે આપ દરવાજા પર પહોંચ્યા તો અંદરથી ગીતોનો અવાજ આવી રહ્યો હતો. આપ અટકી ગયા અને પરત ફરવા લાગ્યા. લોકોએ આપને રોક્યા અને કહ્યું કે હઝરત ! વલીમાની દા'વત સુન્નત છે ! ક્યાં જઈ રહ્યા છો ? દા'વતમાં પણ શરીક ન થયા ?! આપે ફર્માવ્યું કે, **સરકારે મદીના ﷺ એ એવી મેહફિલોમાં સામેલ થવાથી તથા તે મેહફિલની ખુશીમાં વધારો કરવાથી રોક્યા છે જેમાં આપની પ્યારી શરીઅત વિરુધ્ધ કામો થઈ રહ્યાં હોય.** જો હું તેમાં હાજર થઈશ તો એનો અર્થ એ થશે કે હું તેમનાં બુરાં કામમાં તેમનો સાથ આપી રહ્યો છું અને તેમની મેહફિલમાં ભાગ લઈ રહ્યો છું. હું એનાથી બચીશ તો લોકો કહેશે કે હું આવી મેહફિલની ઝીનત ન બન્યો. બલ્કે ફર્માવવામાં આવ્યું કે આવી મેહફિલો નજીકથી કદાચ પસાર પણ થઈ રહ્યા હોય અને ગીતો તથા ગઝલો ચાલી રહી હોય તો પોતાને બચાવી ઈજ્જત તથા આબરૂ સાથે ત્યાંથી નીકળી જાવ, તેમાં કોઈ જ પ્રકારની દિલચસ્પી ન લો. જો કોઈ આ રીતે દિલમાં પાક નિય્યત રાખી ત્યાંથી પસાર થઈ જશે અને પોતાની આબરૂ બચાવી ઈજ્જત તથા આબરૂ સાથે રહેશે તો અલ્લાહ તઆલા તેને બંને જહાનની સઆદતો (ખુશનસીબીઓ) તથા બરકતોથી માલમાલ ફર્માવશે.

માટે આવી દા'વતોથી (જેમાં નાચગાન, બેન્ડ બાજા હોય) દૂર રહેવું જોઈએ અને તેમાં શરીક ન થવું જોઈએ, ભલે ને તે કોઈ ખાસ સગા સંબંધીને ત્યાં કેમ ન હોય ! વળી મુસલમાન ઉપરોક્ત વસ્તુની વ્યવસ્થા નથી કરતો, આ બધી વસ્તુથી બચે છે, યુવાન સ્ત્રીઓ અને પુરૂષો કહે કે અમારે

શાદીમાં નાચ ગાન અને ગીત સંગતથી કોઈ જ જરૂર નથી. જો કોઈ આ રીતે કરશે તો હું ઝમાનત લઉં છું કે રસૂલે આ'ઝમની રહમતો તે પ્રસંગ પર ખૂબ વરસશે. ખુદાની રહમતો પણ નાઝિલ થશે જે પ્રસંગમાં શરીઅત વિરુધ્ધ કોઈ કામ ન થતું હોય.

## નબી ﷺ વાજિંત્રોને તોડવા આવ્યા

સંગીતને તોડવા માટે સરકાર ﷺ તશરીફ લાવ્યા હતા. પ્યારા નબી ﷺનો ઈર્શાદ છે : ''મારા રબ તઆલાએ મને વાજિંત્રોને તોડવા માટેનો હુકમ કર્યો છે.'' *(મિશ્કાત શરીફ, પેજ–૩૧૮)*

તમે પણ તોડી નાખો ! ગાડીઓમાંથી કાઢી ફેંકો ! ઘરોમાંથી બહાર કાઢી ફેંકો ! સોસાયટી, મહોલ્લા, શાદી કોઈ પણ પ્રસંગમાં નાચ ગાન અને ગીત સંગીત તથા ડાન્સ હવે ન થવું જોઈએ. મને યાદ છે કે ખાનદાનની જ એક શાદી પ્રસંગના સમયે આ જ બધી વાતો મેં સમજાવી કે આ બધુ શાદીમાં ન થવું જોઈએ. સર્વ લોકોએ મારી વાત માની લીધી, ખાનદાનવાળા હતા, મોભો જાળવતા તથા ઈજ્જત પણ કરતા હતા. પણ અલ્લાહ રહમ ફર્માવે સ્ત્રીઓ પર કે અમુક સ્ત્રીઓએ કાંઈક ચું ચું કરવાનું શરૂ કર્યું કે એવું લાગતું જ નથી કે શાદી છે ! એવું લાગે છે કે જાણે કોઈનું મૃત્યુ થયું હોય ! માતમ જેવો માહોલ છે ! શાદી હોય અને નાચ, ગાન, ગીત, સંગીત અને ડાન્સ ન હોય ?! ઢોલ ત્રાસાં પણ ન હોય, દાંડીયા પણ ન હોય તો વળી શાદી કેવી ?! (અલ્લાહની પનાહ !)

જ્યારે કે પ્યારા નબી ﷺ ઈર્શાદ ફર્માવે છે :

**''જે માણસ નાચ ગાન જોવા અને સંગીત સાંભળવા માટે કોઈ મજલિસમાં બેઠો તે મલઊન છે.''** *(મુસ્નદે ઈમામ અહમદ ઈબ્ને હંબલ, ૫/૩૮૪)* (મલઊન એટલે લઅનતી, અલ્લાહની રહમતથી દૂર થઈ ચૂકેલો, છે કોઈને પસંદ કે તે કરીમની રહમતથી દૂર થઈ જાય ?!)

## આ રીતે હલ્દી લગાડવી હરામ !

આ શાદી નથી બરબાદી છે ! આજકાલ સિસ્ટમ ચાલી છે કે ઘણી છોકરીઓ (નામેહરમ સ્ત્રીઓ, કાકી ભાભી વગેરે) ભેગી થઈ દુલ્હાને હલ્દી લગાડે છે. આ **હરામ** અને **હરામ** છે. આખી રાત ગીતો ગાય છે, સાસરીયાવાળા માટે ભૂંડા શબ્દો બોલે છે. આ બધી જ વસ્તુ **હરામ** અને **સખત હરામ** છે. જો આ બધી બુરાઈઓનો ઉપાય ન કરવામાં આવ્યો અને રોકવામાં ન આવી તો ઈંગ્લેન્ડ અને અમેરિકામાં જેવી બેહયાઈ અને બેશરમીના નાચ નાચવામાં આવી રહ્યા છે તે બધી જ ગંદકી અને બેહયાઈ આપણા સમાજમાં પણ પ્રવેશ કરી જશે.

## હે યુવાનો ! અલ્લાહથી ડરો !

નવયુવાનો ! અલ્લાહના અઝાબ તથા તેની પકડથી ખૌફ કરો ! કોઈ ભલે ને તમને જોઈ રહ્યું હોય કે ન જુએ, પણ અલ્લાહ જોઈ રહ્યો છે ! તેની પકડ ખૂબ જ સખત છે. ફિલ્મી ગીતો (Songs) સાંભળી આંખોથી અશ્રુ નીકળે તેની પકડ ખૂબ જ સખત છે. ગીતો (Songs) સાંભળી આંખોથી અશ્રુ નીકળે તો તે બેકાર અને બરબાદ જાય છે પરંતુ **અલ્લાહના ખૌફથી જે અશ્રુ નીકળે તે તો બેકાર નથી જતાં ભલે ને તે મચ્છરની પાંખ બરાબર હોય, તે બદનના જે પણ ભાગ પર પડે છે. સરકાર ﷺ એ ફર્માવ્યું, તે હિસ્સાને જહન્નમની આગ નથી સળગાવી શક્તી.**

ખૌફ કરો તેનાથી ! તૌબા કરો કે આજ પછી ગુનાહ તરફ કદમ નહીં વધે. નાચ ગાન અને ગીત સંગીતથી પોતાને બચાવો અને દૂર રાખો. અલ્લાહ તઆલા આપણા સૌ પર કરમ ફર્માવે અને ઉપરોક્ત બધી જ બુરાઈઓથી દૂર રાખે. આમીન.

*(ત્રિમાસિક સુન્ની દા'વતે ઈસ્લામી ઉર્દૂ, જુલાઈથી સપ્ટે. ૦૭)*

# અમેરિકી પોલીસીઓ જ આતંકવાદને ઉત્તેજન આપે છે !

## (રજૂ.) મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી ટંકારવી

આજે આંતરરાષ્ટ્રીય કક્ષાએ અમેરિકા થકી આતંકવાદને જુલ્મ તથા ઉગ્રવાદને લોકશાહી તથા સેક્યૂલરિઝમ અને અમન તથા શાંતિ માટે ખતરો ગણવામાં આવે છે, અને માત્ર એટલું જ નહીં કે ખુલ્લા શબ્દોમાં તેની સખત નિંદા તથા વિરોધ કરવામાં આવે છે બલ્કે આતંકવાદી પ્રવૃતિઓમાં મગ્ન વ્યક્તિઓની વિરુધ્ધ તમામ આવશ્યક કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે. પરંતુ ઈરાન, દક્ષિણ કોરીયા તથા વેનેઝુએલા સિવાય કોઈ પણ દેશ સુપર પાવર અમેરિકાની પોલીસી તથા તેના નાપાક ઈરાદાઓ વિરુધ્ધ હોઠ હલાવવાની પણ હિંમ્મત નથી કરતાં, બલ્કે ખામોશ રહેવામાં જ પોતાની ભલાઈ તથા સુરક્ષા સમજે છે. જ્યારે કે **અડધી સદીથી પણ અધિક અરસાથી લઈને અત્યાર સુધીની અમેરિકી પોલીસીઓ ઉપર ઉડતી નજર કરવામાં આવે તો એ હકીકત ખુલીને સામે આવી જશે કે આજે દુનિયાના અધિક્તર દેશોમાં પ્રગતિ પામી રહેલ આતંકવાદ તથા અત્યાચારનું મૂળ કારણ અમેરિકી અત્યાચારભરી કાર્યવાહીઓ અને અન્યાયી પોલીસીઓ જ છે.**

બીજા વિશ્વ યુદ્ધ ઈ.સ. ૧૯૩૯ પછી જ અમેરિકા સંપૂર્ણ દુનિયામાં પોતાની દાદાગીરી અને ચૌધરીપણાને કાયમ કરવા માટે કોશિશોમાં હતું. પરંતુ એક અન્ય તાકત ધરાવતો દેશ એટલે કે રશિયાની ઉપસ્થિતિમાં તેને પોતાના મક્સદમાં કોઈ ખાસ સળફતા મળી શકતી ન હતી. પરંતુ કોમ્યુનિઝમના પતન તથા મોસ્કોના આથમકાળ પછી તેના માટે (અમેરિકા માટે) રસ્તો એકદમ સાફ થઈ ગયો અને તે સંપૂર્ણ રીતે મનમાની કરવા લાગ્યું. એકાએક ૧૧ સપ્ટેમ્બરે અમેરિકાની વ્યવસાયિક તથા વ્યાપારિક નિશાની કહેવાતા બે જોડવા ટાવરો તથા સુરક્ષા સેન્ટર પેન્ટગોન ઉપર આતંકવાદી હુમ્લાઓ થઈ ગયા. જે એક રીતે તો તેના માટે એક બિન માંગી નેઅમત સાબિત થયા. આ હુમ્લાઓ પછી તો મુસલમાનોને હતાશ, પરેશાન કરવા માટે અમેરિકાને એક બહાનુ મળી ગયું. આ જ કારણે વિમાનોનું અપહરણ કરવા અને હુમ્લાની જિમ્મેદારી વિના પુરાવાએ અલ કાઈદા ઉપર ઠોકી દેવામાં આવી. ત્યારબાદ તાલિબાન ઉપર અલ કાઈદા અને બિન લાદેનનું સમર્થન કરવાનો આરોપ ઘડીને એક સ્વતંત્ર રાષ્ટ્ર અફઘાનિસ્તાન ઉપર કોઈપણ કાનૂની મંજૂરી વિના આંતરરાષ્ટ્રીય કાનૂનોનો ભંગ કરીને પોતાના બ્રિટન તથા બીજા સમર્થક દેશોની સંગીતમાં હલ્લો બોલાવી દેવામાં આવ્યો અને નિઃશસ્ત્ર કમજોર લોકો ઉપર જબરદસ્ત બોમ્બવર્ષા કરીને બે મહીનાના અંતર્ગત તાલિબાન શાસનની ઈંટથી ઈંટ બજાવી આપી. ત્યાર બાદ હમીદ કરઝાઈના નેતૃત્વમાં કઠ પૂતલી સરકાર રચવામાં આવી. પરંતુ અમેરિકાની આ આક્રમક કાર્યવાહી વિરુધ્ધ UNOમાં નિંદાભર્યો પ્રસ્તાવ તો ઘણા દૂરની વાત છે કોઈએ અમેરિકાની આ ગુનાહિત કાર્યવાહી અંગે સવાલ કરવાની પણ હિંમત ન કરી !

આટલા ઉપર જ બસ નહીં, બલ્કે કાબૂલના પતન પછી તેની ખૂનની પ્યાસી નજરો ઈરાક તરફ ઉઠવા લાગી. ઈરાકમાં માનવ તબાહી માટેના ખતરનાક હથિયારો (WMD)ની મૌજૂદગીની વાત જાહેર તથા આમ કરવામાં આવી. સાથે સાથે એ વાત પણ પ્રસિદ્ધ કરવામાં આવી કે ઈરાકી જનતા સદ્દામ હુસૈનથી બેઝાર છે એટલા માટે તેમને સદ્દામ હુસૈનથી છૂટકારો અપાવવો જરૂરી છે. છેવટે ઈરાક પાસે આમ તબાહીનાં હથિયારોની અનુપસ્થિતિ અંગે આંતરાષ્ટ્રીય એટમ એનર્જી એજન્સી (IAEA)ના પ્રબંધક ડોકટર મુહમ્મદ અલ બરદાઈનું બયાન હોવા છતાં અને UNOની અનુમતિ વિના અમેરિકાએ

ઈરાક વિરુધ્ધ ફૌજી કાર્યવાહી કરી નાખી અને દોઢ મહીનાના અંતર્ગત ઈરાકને પોતાના કબજામાં કરી લીધું.

ઈરાક તથા અફઘાનિસ્તાનને ખાકો ખૂનમાં તડપાવ્યા બાદ આતંકવાદ વિરોધી અમેરિકી યુદ્ધનું નિશાન હાલમાં ઈરાન છે. અફઘાનિસ્તાન તથા ઈરાક પછી ઈરાન ઉપર પણ આરોપ છે કે તે આંતકવાદને સમર્થન આપે છે, આ ઉપરાંત ઈરાન ઉપર પણ એ જ આરોપ છે કે ઉર્જા શક્તિ પ્રાપ્ત કરવા માટે યુરેનિયમની માત્રા વધારવાની આડ લઈને અણુબોંબ બનાવવાની તૈયારીમાં છે, એ આંતરાષ્ટ્રીય અમનો શાંતિ માટે ખતરો બની શકે છે. આજકાલ અમેરિકા અને તેના સહાયકો, ચાપલૂશો સર્વેની કોશિશ એ છે કે ઈરાન યૂરેનિયમની માત્રા વધારવાના પ્રોગ્રામને છોડી દે, નહીં તો તેના વિરુધ્ધ ફૌજી કાર્યવાહી કરવામાં આવી શકે છે. જ્યારે કે ઈરાન કેટલીયેવાર એ વાતને દોહરાવી ચૂક્યું છે કે અમારો એટમી પ્રોગ્રામ માત્ર પુર અમન તથા શાંતિભર્યા મક્સદ હેઠળ જ છે.

જો અમેરિકાની માત્ર ઈરાકી પોલીસીઓના પરિણામરૂપે ઉભી થયેલ સ્થિતિઓનું નિરીક્ષણ કરવામાં આવે તો ખબર પડશે કે તેના કારણે આતંકવાદી પ્રગૃત્તિઓમાં ઘટાડો થવાને બદલે ખૂબ જ વધારે થયો છે. આ વાતનો અંદાજો અમેરિકાની ૧૬ ગુપ્તચર એજન્સીઓની આ રિપોર્ટથી સારી રીતે લગાડી શકાય છે. જેને એ ગુપ્ત એજન્સીઓ દ્વારા "ઈન્ટરનેશનલ આતંકવાદી પ્રવૃત્તિઓ અને તેના પરિણામે અમેરિકા માટે ઉભી થનારી મુશ્કેલીઓ" સંબંધે તૈયાર કરીને અમેરિકી પદાધિકારીઓને સોંપવામાં આવી હતી. આ રિપોર્ટમાં સર્વ સંમતિથી એ પરિણામ કાઢવામાં આવ્યું કે ઈરાક યુદ્ધના કારણો વિ□ની આતંકવાદી પ્રવૃત્તિઓમાં માત્ર વધારો જ નથી થયો બલ્કે તેના કારણે મુસ્લિમ મુજાહિદોની સંખ્યામાં પણ વધારો થયો છે અને મુસ્લિમ દેશો ઉપર તેઓનો પ્રભાવ તથા તેમની પહોંચ પણ વધારે ફેલાવા લાગી છે. રિપોર્ટ મુજબ જો આ પ્રવૃતિઓ આ જ રીતે બાકી રાખવામાં આવશે તો આવનાર દિવસોમાં આંતર રાષ્ટ્રીય કક્ષાએ આતંકવાદી હુમલાઓની સંખ્યામાં વધારો થવાની શક્યતા છે. રિપોર્ટમાં એ દાવો પણ કરવામાં આવ્યો છે કે ઈરાક યુદ્ધના કારણે આતંકવાદની સમસ્યા સામૂહિક રીતે વધુ કઠીન થઈ ગઈ છે. રિપોર્ટમાં એ વાતની પણ શંકા પ્રકટ કરવામાં આવી છે કે ઈરાક જંગમાં ભાગ ભજવનાર મુજાહિદો પોતાના વતનમાં જઈને ત્યાં પણ આ પ્રમાણેની પ્રવૃત્તિઓ શરૂ કરી શકે છે, અંતિમવાદી વિચારસરણીને ઉત્તેજન આપી શકે છે. અને ઈરાકી જંગ તે અંતિમવાદી મુજાહિદો માટે જેઓ ઈસ્લામી જગતમાં વિના કારણની અમેરિકી દખલગીરીથી નારાજ તથા ગુસ્સામાં છે, તેમના માટે ઉત્તેજનાત્મક નિશાની બની ગઈ છે. ડેમોક્રેટીક પાર્ટીના પ્રબંધક સેન્ટર જોન ડી રોક ફેલર–૪ના મુજબ "ઈરાકી જંગે આપણને અધિક અસુરક્ષિત કરી આપ્યા છે." આ રિપોર્ટમાં એ વાતને પણ સ્પષ્ટ રીતે રજૂ કરવામાં આવી છે કે ત્રાસવાદને નાબૂદ કરવા માટે અમેરિકી નેતૃત્વમાં કરવામાં આવતી કોશિશો દ્વારા ભલે અલ્ કાઈદા સંગઠનને મોટી હદે નુકસાનનો સામનો કરવો પડયો, તેમ છતાંય વિશ્વકક્ષાએ જેહાદી ગ્રુપોમાં રોજ બરોજ વધારો થઈ રહ્યો છે અને આંતકવાદ વિરુધ્ધની આ કોશિશોનો સામનો કરવા માટે આતંકવાદીઓ બીજો અન્ય માર્ગ શોધી રહ્યા છે.

આજે અમેરિકા આતંકવાદી કાર્યાવાહીઓથી એટલું વ્યાકૂળ તથા પરેશાન છે કે આતંકવાદ મિટાવો સંગ્રામ હેઠળ તે લોખંડને લોખંડ દ્વારા કાપવા મુજબ કાંઈ પણ કરી નાખવા તૈયાર છે. પરંતુ કદાચ તે આ વાત ઉપર વિચાર નહીં કરી શકે કે શું પોતાની (અમેરિકી) આ કોશિશો આતંકવાદ ઉપર લગામ લગાડી શકે છે ? અને એ પણ કે આપણી આ કાર્યવાહીઓ કયા ખાનામાં આવે છે ? તેની પ્રશંસા કરવામાં આવશે કે પછી તેને પણ આતંકવાદના જ ખાનામાં સામેલ કરવામાં આવશે ? **વાત એકદમ સીધી છે કે જો અમેરિકી, બ્રિટન તથા બીજા યૂરોપી દેશોમાં થઈ રહેલા ધમાકાઓ આતંકવાદ**

**તથા ત્રાસવાદ છે તો પછી આજે અડધી સદીથી પણ વધારે મુદ્દત પહેલાં (પેલેસ્ટાઇન)માં ખુલ્લેઆમ કરવામાં આવતી હૈવાનિયતનો નગ્ન નાચ અને અફઘાનિસ્તાન તથા ઈરાકમાં કરવામાં આવતી અમેરિકી કાર્યવાહી પણ નિઃસંદેહ, આતંકવાદ તથા ત્રાસવાદ છે.** જો બિન લાદેન, મુલ્લા ઉમર, અયમન અલ જવાહિરી.... વગેરે અન્ય તાલિબાની લીડરો આતંકવાદી છે તો **બુશ, બ્લેયર અને તેમના ચમચાઓ પણ આતંકવાદી જ છે. કેમ કે અમેરિકા તથા બ્રિટનમાં રહેનારાઓનું લોહી લોહી છે તો પેલેસ્ટાઇન, અફઘાનિસ્તાન તથા ઈરાકમાં હલાક થનારાનું લોહી પણ લોહી જ છે, પાણી નથી !** એ વાત ન ભૂલવી જોઈએ કે અત્યાચાર તથા જુલ્મને અત્યાચારથી જ નાબૂદ ન કરી શકાય. આજે અમેરિકા જે પદ્ધતિ અપનાવી રહ્યું છે તેના ઉપર અધિક કાંઈક પગલુ ભરતાં પહેલાં જરા પોતાના દાગદાર દામનમાં ઝાંકવાની કોશિશ કરે અને મધ્યપૂર્વના દેશોના સંબંધે પોતાની પોલીસીઓમાં પરિવર્તન લાવે તો આતંકવાદ ખૂદ બ ખૂદ નાબૂદ થઈ જશે.

ગત વરસે ક્રમસર ૧૭ તથા ૨૭ જુલાઈએ લંડનમાં થયેલ સિરિયલ બોમ્બ ધમાકાઓ ઉપર ટીપ્પણી કરતાં લંડનના મેઅર કેન લિવિંગ્સ્ટને ઘણી કડવી તથા સત્ય હકીકત કહી હતી કે, ''લંડન બોમ્બ ધડકાઓની જિમ્મેદારી તે પશ્ચિમી દેશોના માથે છે જેમણે ભૂતકાળમાં બિન લાદેન જેવા અન્ય વ્યક્તિઓને આતંકવાદની તા'લીમ આપી.'' તેમણે એ પણ કહ્યું કે, ''લંડન ધમાકાઓમાં પશ્ચિમી તાકતોની મધ્યપૂર્વ દેશો પ્રત્યેની પોલીસીઓનો ઘણો ખરો દખલ છે જેમાં તેલ પ્રાપ્ત કરવા માટે ત્યાંની સરકારમાં પરિવર્તન કરતા રહે છે. તેમણે કહ્યું કે, લંડન ધમાકાઓના હુમલાકર્તાઓ પ્રત્યે અમને કોઈ હમદર્દી નથી, પરંતુ અમે તે હુકૂમતોની પણ નિંદા કરીએ છીએ જે પોતાની વિદેશી પોલીસીને આગળ વધારવા માટે વિના ભેદભાવે લોકોની કત્લે આમ કરે છે. જો પશ્ચિમી તાકાતો ગત ૮૦ વર્ષોથી મધ્યપૂર્વીય દેશોમાં ટાંગ ન અડાવતી હોત તો આજે લંડન ધમાકાઓ ન થયા હોત.''

આ હકીકત છે કે અમેરિકાએ ઈ.સ. ૧૯૮૦ના દાયકામાં બિન લાદેનને જંગી ટ્રેનિંગ આપી અને સોવિયત રશિયા વિરુદ્ધનો ઉપયોગ કર્યો, એ જ પ્રમાણે એક મુદ્દત સુધી સદ્દામ હુસૈનનો ઈરાન વિરુધ્ધ ઉપયોગ કરતા રહ્યા, પરંતુ પાછળથી એ જ ઓસામા બિન લાદેન તથા સદ્દામ હુસૈન અમેરિકાની આખોના કાંટા બની ગયા, અને પછી એમનો જે અંજામ થયો તે કોઈથી છુપી વાત નથી. અમેરિકાની હમેશાંથી એ પોલીસી રહી છે કે જ્યાં સુધી કોઈપણ મુસ્લિમ લીડર તેના સ્વાર્થનો પાબંદ રહ્યો અમેરિકાએ તેને પોતાની આંખો તથા માથા ઉપર બેસાડયો અને જયારે પણ તેણે અમેરિકાની ગરજ વિરુધ્ધ વિચારવાની પણ કોશિશ કરી તો તેને હલાક તથા બર્બાદ કરી દેવામાં આવ્યો છે. આ તો એક ઘણો લાંબો વિષય છે જેના માટે કેટલાયે કાગળો દરકાર છે.

ટૂંકમાં ખુલાસો એ છે કે ઉગ્રતા તથા આતંકવાદના પ્રગતિ પામવાના અસલી તથા પ્રારંભિક કારણો સંપૂર્ણ દુનિયામાં વધી રહેલી અમેરિકી દાદાગીરી અને તેની અન્યાયી પોલસીઓ જ છે. આ જ કારણે જુલમ તથા અત્યાચારના ભોગ બનેલા લોકો ''તંગ આમદ બ જંગ આમદ'' એટલે કે, ''તંગ તથા મજબૂર થઈને જંગનો માર્ગ અપનાવે''એ કહેવત મુજબ આતંકવાદી કાર્યવાહીઓ કરી નાખે છે, અને એ રીતે પોતાની બદલાની તથા વેરની આગ બુજાવે છે. જો અમેરિકા ''પોતે જીવો અને બીજાને જીવવા દો''ના નિયમ ઉપર અમલ કરી પોતાની પોલીસીઓ ઉપર પુનઃવિચાર કરે તો ત્રાસવાદ તથા આતંકવાદ આપોઆપ જ નાબૂદ થઈ જશે. નહીં તો આતંકવાદીઓ તથા ત્રાસવાદીઓ તો માર્યા જશે, પરંતુ આતંકવાદ વધતો જ જશે અને સંપૂર્ણ જગતનું ચૈન તથા સુકૂન નષ્ટ થતું રહેશે.

*–(અશ્રફિયહ્ ઉર્દૂ માસિક, ઓગસ્ટ–૨૦૦૭)*

# માહોલની ખરાબીના સબબો અને તેના ઈલાજ

**હરીફાઈમાં પ્રથમ આવેલ લેખ.....**

રજૂકર્તા : **મુહમ્મદ અનીસ રિફાકતી** *(મુતઅલ્લિમ દારુલ ઉલૂમ ગૌષે સમદાની–મુ. પીપળીયારાજ, તા. વાંકાનેર)*

આજે મુસ્લિમોનો માહોલ ખરાબ થવાનાં ઘણા બધાં કારણો છે પણ તેમાંથી આપણે આજે થોડાક મહત્વનાં કારણો વિશે અભ્યાસ કરીએ. તેમાંથી સૌથી મહત્વનું કારણ એ છે કે આપણે આજે **કુર્આન મજીદ** અને **હદીષે રસૂલ** પર અમલ કરવાનું છોડીને ઈસાઈઓ અને અંગ્રેજોના તરીકાને અપનાવી લીધો છે.

આજે આપણા યુવાન, યુવતીઓ, આધેડો પણ પશ્ચિમી, અમેરિકી, યૂરોપી કલ્ચર પ્રતિ ગાંડા બની તેમના જેવા નગ્નતાભર્યા લિબાસો, તેમના જેવી સ્ટાઈલો, તેમના જેવા વિચારો અપનાવી રહ્યા છે. તો સાંભળો મુસલમાનો ! શું તમારી ઔલાદ આવી થઈ જાય તે તેમને ગમશે ?! અહીં એક પ્રસંગ વર્ણવું છે તે ધ્યાનથી વાંચશો અને વિચારશો :–

'ગુજરાત સમાચાર' દૈનિક પત્ર (તા. ૨૧–૮–૨૦૦૭)ના એક લેખમાં લેખક લખે છે કે; "સાઉથ કોરીયાના પાટનગર સિઓલની સબવે ટ્રેનમાં હું બપોરના સમયે મુસાફરી કરી રહ્યો હતો. આખી ટ્રેન કોલેજિયનોથી ભરેલી હતી. કદાચ ત્યાંની કોલેજો છૂટવાનો એ સમય હશે. સિઓલથી ફીફા વર્લ્ડ કપ સ્ટેડિયમ જવાની એકાદ કલાકની મુસાફરીમાં મેં એ ટ્રેનમાં "સી" ગ્રેડની ફિલ્મોમાં જોવા મળે એવાં દશ્યો જોયાં છે. ગણ્યાં ગાંઠયા વડીલો પણ ટ્રેનમાં મુસાફરી કરતા હતા. ન તો યુવાનોને એમની હાજરીની પરવા હતી અને બીજી બાજુ ન તો વડીલો આંખ ઉઠાવીને કંઈ જોતા હતા. એકબીજાને ચોંટીને ઉભા રહેવું, ચુંબનો કરવાં તથા ઘણુ બધું ચાલી રહ્યું હતું. આજના સમયમાં આવી શારીરિક ચેષ્ટાઓને જાતિય પ્રવૃત્તિ કે સેક્સ તરીકે ગણાવીએ તો વેદીયા કહેવાઈએ ! એટલે એને રૂપકડુ નામ આપ્યું છે : પબ્લિક ડીસ્પ્લે ઓફ એક્શન ! એકબીજાના લગાવનું જાહેર પ્રદર્શન !" *(ગુજરાત સમાચાર, તા. ૨૧–૮–૦૭)*

મુસલમાનો ! વિચારો કઈ જાનવરમય સંસ્કૃતિનું તમે અનુસરણ કરી રહ્યા છો ?! જોઈ લીધું ! માટે સંભલી જાવ અને પલટો કુર્આન તથા હદીષના જ્ઞાન તરફ ! આ તે કલ્ચર છે જેમને માનવ જન્મના હેતુની જ ખબર નથી, તો તમે એનું અનુકરણ કરીને ક્યાં જશો ?!

અય મુસલમાનો ! એક વાત હમેશાં યાદ રાખશો કે કુર્આન મજીદ અલ્લાહ તઆલાની એ પાક કિતાબ છે કે જેમાં દુનિયા અને આખેરતની બધી જ વસ્તુનું વર્ણન છે. આ આલમમાં કોઈ વસ્તુ એવી નથી જેનું વર્ણન કુર્આને પાકમાં ન હોય. ખૂદ અલ્લાહ તઆલાએ કુર્આન પાકમાં ફર્માવ્યું : (અર્થ) : "અય મહબૂબ ! અમે તમારા ઉપર એવી કિતાબ ઉતારી જેમાં બધી જ વસ્તુનું ચોખ્ખુ વર્ણન છે." *(આયત નં. ૮૯, સૂરએ નહ્‌લ)*

અને એક જગ્યાએ ફર્માવ્યું, (અર્થ) : "અમે કુર્આનમાં કોઈ વસ્તુને છોડી નથી." *(આયત નં. ૩૮, સૂરએ અન્આમ)*

મુફસ્સિરોના સરદાર અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે : (અર્થ) : "અગર મારા ઊંટના પગની દોરી ખોવાઈ જાય તો હું એને કુર્આનમાંથી તલાશ કરી લઈશ." *(કિતાબ ઈત્તેક઼ાન, ભાગ–૨, પેજ નં. ૧૨૬)*

અય મુસલમાનો ! એ એ જ કુર્આને પાક છે જેનાથી સહાબાએ કિરામે પૂરી જિંદગી ઈલ્મ હાંસલ કર્યું અને કુર્આન સિવાય બીજી કોઈ કિતાબથી ઈલ્મ હાંસલ ન કર્યું. પણ જ્યારે આપણે એમની મુક઼દ્દસ જિંદગી પર દૃષ્ટિ કરીએ છીએ તો એ હુઝૂરના પ્યારા સહાબાઓ બધા જ વિષયોમાં પૂરી દુનિયાથી આગળ નીકળી ગયા !

તો આજે મુસલમાનોનો માહોલ ખરાબ થવાનું મહત્વનું કારણ એ જ છે કે આપણી પાસે આવી કિતાબ હોવા છતાં અંગ્રેજોની ચોપડીઓ ઉપર પરવાનાની જેમ આપણે તૂટી પડીએ છીએ, એમના રીત રિવાજને અપનાવવામાં ફખ્ર સમજી રહ્યા છીએ.

આપણી મિસાલ (દૃષ્ટાંત) એવા માણસ જેવી છે, જેના ખિસ્સામાં લઅલો યાકૂતના હીરાઓ હતા, પણ એ એની કિંમત જાણતો ન હોવાથી કાચના ચમકતા ટુકડા તરફ લાલચની નજરથી જોતો હતો !

અય મુસલમાનો ! સબક હાંસલ કરવા જેવી એક કહાની સાંભળો ! એક ભરવાડ સિંહના બચ્ચાને લઈ આવ્યો અને એને બકરીઓનું દૂધ પીવડાવી મોટુ કર્યું. જ્યારે સિંહનું બચ્ચુ જવાન થઈ ગયું તો બકરીઓ સાથે જંગલમાં ચરવા જતું અને બકરીઓ તેને શિંગડાં મારતી, અને એના પાસે શિંગડા ન હોવાથી બકરીઓથી ભાગતું. એકવાર તેની મુલાકાત એક સિંહથી થઈ. તો ઘરડા સિંહે તેને કહ્યું, તું કેવો સિંહ છે ! બકરીઓ સાથે રહે છે અને કદી કોઈ બકરીનો શિકાર નથી કરતો ?! જુવાન સિંહ બકરીઓ સાથે રહીને પોતાની જાતને એ હદે ભૂલી ગયો હતો કે એને જવાબ આપ્યો કે હું સિંહ ક્યાં છું ?! હું તો બકરી છું !! તો ઘરડા સિંહે કહ્યું કે ચાલ ! આપણે નદીના ચોખ્ખા પાણીનો નઝારો કરી લઈએ. જ્યારે નદીના કિનારા ઉપર બેઠા ત્યારે કહ્યું કે પાણી અંદર તારી સૂરત જો ! જ્યારે જુવાન સિંહે પાણીની અંદર પોતાની સૂરત જોઈ તો તેને પોતાના સિંહ હોવાનું યકીન થઈ ગયું.

તો આપણી મિસાલ (દૃષ્ટાંત) એવી જ છે કે અંગ્રેજોએ આપણને પોતાની તા'લીમનું દૂધ પીવડાવી પીવડાવીને આપણી અસલી સૂરત ભૂલાવી દીધી છે. તમને ખબર જ નથી રહી કે તમે મુસલમાન છો ! તમને યાદ જ ન રહ્યું કે તમારા બુઝુર્ગો અબૂબક્ર, ઉમર, ઉષ્માન તથા હૈદર رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن હતા. મુહમ્મદ બિન ક઼ાસિમ અને તારિક઼ બિન ઝિયાદ તમારી જ ક઼ૌમના મહાન મુજાહિદો હતા. ઔરંગઝૈબ આલમગીર, સલાહુદ્દીન ઐયૂબી તમારા જ બુઝુર્ગોનાં નામ છે. મારી દુઆ છે કે કોઈ ઘરડો મુસલમાન તમને અસ્લી સૂરત દેખાડે !

તો પછી આપણા આગેવાનો અને વડીલોની એ જિમ્મેદારી છે કે આપણા સમાજના બાળકોનું કુર્આન મજીદની તા'લીમ તરફ ધ્યાન દોરે. સૌ પ્રથમ વડીલો પોતાની ખામીઓ દૂર કરે કેમ કે વડીલો જ યૂરોપિયન કલ્ચર જેમ જીવી રહ્યા હોય તો તેમની ઔલાદ કઈ રીતે ઈસ્લામના પવિત્ર માર્ગે જઈ શકે છે ! માટે વડીલોએ પણ ઈસ્લામી તરીકાની પવિત્ર જિંદગી અપનાવવી જોઈએ અને બાળકોને પણ કુર્આન કઈ રીતે જીવન જીવવા કહે છે તે સમજાવવું જોઈએ. જો આજે આપણે આ કામ ન કરી શક્યા તો આવતો સમય બહુ જ ખતરનાક છે ! મુસલમાનોને કોઈ નોકર તરીકે પણ રાખવા તૈયાર નહીં હોય. આગેવાનો અને આપણા વડીલોએ વિચારવાની જરૂર છે કે કુર્આની તા'લીમથી સજ્જ પહેલાંના મુસલમાનો એવા હતા કે તેઓ રસ્તા પરથી નીકળતા તો કાફિરો પર પ્રભાવ છવાઈ જતો. અને અત્યારના મુસલમાનો એ છે જેઓ કાફિરને જોઈને છપાવા લાગે છે ! તો આગેવાનો અને વડીલોએ પોતાના મનથી વિચારવું જોઈએ કે જો આપણું બાળક ઈસ્લામી તા'લીમથી મેહરૂમ રહ્યું તો કાલે દર દરની ઠોકરો ખાશે, ઝલીલો રુસ્વા થશે, બેઆબરૂ થશે, માટે અત્યારે કુર્આન

હદીષની, ઈસ્લામની તા'લીમનો પાકો બંદોબસ્ત દુનિયાવી તા'લીમ સાથોસાથ કરવો જોઈએ.

અને પીરો તથા આલિમોની એ જિમ્મેદારી છે કે મુસલમાનોના ઈમાન અને અક઼ીદાઓને મેહફૂઝ રાખવાના તરીક઼ા શીખવાડે, અને તેમના ઈમાનને વધુમાં વધુ મજબૂત બનાવવાની કોશિશ કરે. તેમને ઈસ્લામના અહકામ શીખવાડે અને તેના પર અમલ કરાવવાની તાકીદથી કોશિશ કરે. પોતે પણ શરીઅતના પાબંદ બને અને પબ્લિકને મુરીદોને શરીઅત પર મજબૂતીથી ચાલવા સમજાવતા રહે, કેમ કે પીરની વાત પબ્લિક આંખો મીચીને માની લે છે.

અય મુસલમાનો ! ખરાબ માહોલથી બચવાનો સૌથી આસાન ઈલાજ એ છે કે તમે **કુર્આન** અને **હદીષે રસૂલ** શીખો અને શીખવાડો. અને એના અહકામ પર ઈખ્લાસ સાથે અમલ કરો. દીની મુદર્રિસની ભરપૂર મદદ કરો કે જેથી આપણા બાળકોને ઈલ્મે દીન હાંસલ કરવામાં કોઈ તકલીફ ન થાય અને આલિમોને એટલો પગાર આપો કે તેને પોતાનાં બાલ બચ્ચાંનાં પેટ ભરવા માટે બીજી જગ્યાએ રખડવું ન પડે, અને દિલથી દીનની ખિદમત કરી શકે. આજે લોકોનું દીની તા'લીમ તરફ લગાવ ન રાખવાનું એક કારણ એ પણ છે કે આજના માં બાપ એ વિચારે છે કે અગર મારો છોકરો આલિમ બનશે તો બે હજાર, ત્રણ હજાર પગારમાંથી તેની જરૂરિયાત કેવી રીતે પૂરી કરશે ?! માટે આ ક્ષેત્રે પણ આગેવાનો ધ્યાન આપી હાફેઝ, મોલ્વી, મુદર્રિસોને મોટા પગારો આપે.

તો જલ્દી કરો ! હજુ સમય ચાલી નથી ગયો, આપણા વિચારો બદલી નાખો ! ઈસ્લામને જીવતો રાખવા માંગતા હોઉ તો આટલુ જરૂર કરવું પડશે. આજના મુસલમાનને તલવાર અથવા રાઈફલ ઉપાડવાની જરૂર નથી. જરૂરત છે તો એ વાતની કે આપણા ખરાબ થઈ ગયેલ અખ્લાક સુધારી કુર્આન અને હદીષ ઉપર અમલ કરીએ. જો આ કામ આપણે કરી લીધું તો આખી દુનિયા આપણા કદમો ચૂમશે. આપણી ઈજ્જત આસ્માનની બુલંદીએ પહોંચી જશે અને ફરીવાર આ દુનિયા પર ઈસ્લામી ઝંડો લહેરાતો જોવા મળશે.

પેજ નં. **૧૩** નું ચાલુ....

જાણવા મળ્યું કે અંધકાર આપણી મૂળ હાલત છે, રોશની રબનો કરમ છે. ગુનાહ આપણે ખૂદ કરીએ છીએ અને નેકી તે કરાવી લે છે, માટીના ઢેફાની જેમ નીચે આપણે ખૂદ પડીએ છીએ અને પોતાના કરમથી તે ઉપર ઉઠાવી લે છે.

**૧૩.** જન્નતના માર્ગની. જેમના પર ગાઢ છાંટો પડયો તે અંબિયા તથા ઔલિયા બન્યા, જેમના પર હલકો (મામૂલી) છાંટો પડયો તેઓ મો'મિન થયા.

**૧૪.** એટલે કે કાફિર રહ્યો. યાદ રાખશો કે આ અંધકારમાં પેદાઈશ એ મીષાક઼વાળા ઈકરારથી પહેલાં છે. સર્વ લોકો પહેલાં જ વહેંચાઈ ચૂક્યા હતા. (મીષાક઼માં) વાયદા વખતે મો'મિનોએ ખુશીપૂર્વક ''બલા'' કહ્યું હતું અને કાફિરોએ નાખુશીમાં ઈકરાર કર્યો હતો. એ જ ઈકરાર પર માના પેટથી પેદા થયા. જેથી આ હદીષ એની વિરુધ્ધ નથી કે દરેક બાળક ફ઼િતરત (પ્રકૃતિ) પર પેદા થાય છે. ત્યાં ફ઼િતરતથી મુરાદ આ ઈકરાર છે.

**૧૫.** એટલે કે જે લખવાનું હતું તે લખી આપ્યું. યાદ રાખશો કે એનાથી માણસની (ઉપર) જબરદસ્તી લાઝિમ નથી થતી. (કે તક઼દીરમાં લખેલું છે તેથી તે કરવા તે મજબૂર છે, નહીં !) કેમ કે **ત્યાં એ જ લખવામાં આવી ચૂક્યું છે કે આ બંદો પોતાની ખુશીથી આ કામ કરશે.** કામ પણ લખાણમાં આવી ચૂક્યાં અને એનો ઈરાદો અને ખુશી પણ લખાઈ ચૂક્યાં.

## કુર્આનનું હક્ક જાહેર થઈ ગયું !

## ડાર્વિનના ઉત્ક્રાંતિવાદની પોકળતાનો પર્દો ચિરાઈ ગયો !

# માનવી આદમની ઔલાદ છે વાનરની નહીં !

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી દયાદરવી**

લગભગ આજથી દોઢસો વરસ પહેલાં બ્રિટનના નાસ્તિક વૈજ્ઞાનિક ચાર્લ્સ રોબર્ટ ડાર્વિને દુનિયા સમક્ષ એક અટકળ રાખી જે સફર દરમ્યાન તેના અનુભવો પર આધારિત હતી. તેનો દાવો હતો કે સફર દરમ્યાન જંગલો તથા દરિયાઓના અનુભવો (પરિક્ષણો)થી દુનિયાના સર્જન વિશે તેને એક નવુ વિઝન, એક અલગ દષ્ટાંત મળ્યું છે. તેણે વિવિધ દલીલો વડે એ સાબિત કરવાની કોશિશ કરી કે, "દુનિયાની દરેક વસ્તુ સ્વભાવિક રીતે પ્રગતિશીલ છે, સમય સાથે વસ્તુઓ સ્વંય પોતાની હકીકત બદલી રહી છે, જંગલો તથા સમુદ્રોમાં જે પ્રાણીઓ જોવામાં આવે છે પહેલાં તે આવાં ન હતાં. ઘસેડાઈને ચાલતાં પ્રાણીઓ સેંકડો વરસોમાં ચાર પગાં થઈ ગયાં અથવા ચાર પગાં પ્રગતિ કરીને બે પગાં થઈ ગયાં. જળ જીવો જમીન પર આવ્યાં તો જરૂરત પ્રમાણે તેમની હકીકતમાં પરિવર્તન થયું." પોતાની આ સોચ સંબંધે ડાર્વિન પાસે કોઈ સાયન્સી તથ્ય ન હતું. વસ્તુઓની વાસ્તવિક્તા, કેમેસ્ટ્રી, સજીવોની પેદાઈશના અમલ, તેમના મૂળ તત્વો તથા શરીરના વિભાગો પર કોઈ ચિંતન કર્યા વિના જાહેરી શક્લો સૂરત પર જ તેણે કાલ્પનિક ઘોડા દોડાવ્યા અને આધુનિક્તા પસંદ તથા મઝહબ બેઝાર પશ્ચિમી સમાજમાં તેની આવી તદ્દન ગલત અટકળોને હાથોહાથ લેવામાં આવી કેમ કે આનું મૂળ કારણ એ હતું કે તેની આ થિયરીથી ખુદાએ બરહક્કના વજૂદનો ઈન્કાર થતો હતો. વસ્તુઓની આપોઆપ પેદાઈશ તથા પ્રગતિ કરી ભિન્ન ભિન્ન આકૃતિઓ અપનાવવાનો મતલબ છે કે ખાલિકે મુત્લક અલ્લાહ ﷻના વજૂદનો ઈન્કાર, જેનો પશ્ચિમે ખૂબ પ્રચાર કર્યો. મનુષ્ય હવે આદમની ઔલાદ હોવાના બદલે વાનરનો પ્રગતિ પામેલ વંશજ ઠર્યો જેની પૂછડી સમય જતાં ગાયબ થઈ ગઈ !

### ડાર્વિનના તરકટની અસલિયત

ડાર્વિનના આ કાલ્પનિક ઉડ્ડયનને સત્ય સાબિત કરવા કેટલાયે પ્રયાસો કરવામાં આવ્યા અને તેના જ આધારે હજારો વરસના ઈન્સાની ઈતિહાસને નવેસરથી સંકલિત કરવામાં આવ્યો. ડાર્વિનના જે અવલોકનોની બુનિયાદ પર આ કાલ્પનિક મહેલ ઊભો કરવામાં આવ્યો હતો તેની હકીકત જાણવાની પણ તકલીફ લેવામાં ન આવી.

ડાર્વિનનો જન્મ ૧૮૦૯માં અને મૃત્યુ ૧૮૮૨માં થયું. એકોત્તેર વરસના જીવનગાળામાં તે માત્ર એકવાર ઈંગ્લેન્ડથી બહાર ગયો હતો જ્યારે તેની ઉંમર બાવીસ વરસની હતી. શક્ય છે કે દક્ષિણ અમેરિકા તથા તેના સમુદ્ર તટોની આસપાસ વસેલા ટાપુઓની યાત્રા દરમ્યાન ઈન્સાની શક્લો સૂરતથી મળતા જંગલી માનવ અથવા એવાં પ્રાણીઓ જોયાં હોય જે એ પહેલાં તેણે ન જોયાં હતાં.

આ સફર દરમ્યાનના અનુભવોથી તેની સોચ બદલાઈ ગઈ. મજાની વાત તો એ છે કે ફક્ત પાંચ વરસમાં ઈંગ્લેન્ડ પરત થયા બાદ ફરી કોઈ વાર બહારની દુનિયાની તેણે મુસાફરી નથી કરી.

પોતાના મકાનની એક ઓરડીમાં સફરના અનુભવોના આધાર પર અટકળો કરવામાં જ તેણે આખી ઉંમર ખપાવી નાખી. જાહેર છે કે તે પોતાના સમયનો ન અલબૈરૂની હતો ન ઈબ્ને બતૂતા કે જેમણે તે સમય સુધી શોધાએલી દુનિયાના અધિક્તમ ભાગોની મુસાફરી કરી હતી. ન તે સમયે સાયન્સે એટલી પ્રગતિ કરી હતી કે તે બેઠાં બેઠાં હજારો પર્દાઓમાં ઝાંકી લેતો, કે સદીઓ આગળ પાછળ જોઈ લેતો. એક અંધકારમય ખંડના કોઈ નાનકડા વિસ્તાર તથા તેના દરિયાઓની આસપાસના અમુક ટાપુઓનું ભ્રમણ કરનાર એ દાવો કરે કે તેણે દુનિયાની ભિન્નતા તથા જમીન પર વસતા સજીવોની હકીકત જાણી લીધી છે તો તેને પાગલ જ કહેવામાં આવશે. પરંતુ ડાર્વિન સાથે આવું કાંઈ ન બન્યું. બલ્કે તેના આ ખોટા દષ્ટાંતને અસામાન્ય મહત્તા આપવામાં આવી.

## ડાર્વિનના ઉત્ક્રાંતિવાદનો છેડો યૂનાની ફિલોસોફીને મળે છે !

આનું કારણ શું હતું એ જાણવા કરતાં મજાની વાત એ છે કે તેના દષ્ટાંતની અસલ શું હતી ? હકીકતમાં સદીઓ પહેલાં યૂનાની ફિલોસોફીમાં આ વિચારધારાનો પાયો જડે છે કે, ''દુનિયાનું અસ્તિત્વ એક ઈલ્લત (સબબ)ના કારણે છે. આ સૃષ્ટિનો હકીકી (ખરેખર) સર્જનહાર ભલે ગમે તે હોય, તેણે માત્ર પહેલા સબબને પેદા કર્યો હતો. તેનાથી બીજો સબબ પેદા થયો અને પ્રથમ સબબનો એ જ રીતે ખાત્મો થઈ ગયો જે રીતે તે પહેલા સબબને પેદા કર્યા પછી તેના સર્જકનું કોઈ અસ્તિત્વ બાકી ન રહ્યું અને રહ્યું તો ફકત નામ માત્રનું જે કોઈ વસ્તુમાં અસરકારક ન હતું. આ જ રીતે બીજા સબબથી ત્રીજો, ત્રીજાથી ચોથો સબબ પેદા થતો રહ્યો અને પ્રત્યેક સબબની પદાઈશ સાથે જ તેને પેદા કરનાર સબબનો અંત થતો રહ્યો. આ રીતે દુનિયા આપોઆપ અસ્તિત્વમાં આવતી રહી અને આજે પણ આ કાએનાત (સૃષ્ટિ) એ જ નિઝામ (બંધારણ) પર કાયમ છે.'' ડાર્વિનના દષ્ટાંતનું મૂળ એ જ પૂરાણી ફિલોસોફી હતી જેને તેણે નવા રૂપમાં રજૂ કરી. તેણે પોતાની વાતોને મજબૂત બનાવવા તેમાં અનુભવોની રામકહાની ઉમેરી દીધી. પછી તેના જ આધારે દુનિયાના અસ્તિત્વમાં આવવાની એક નવી કથા ઘડી લેવામાં આવી કે આ પહેલાં દુનિયા ઉર્જાનો એક ગોળો હતી જેમાં વિસ્ફોટ થવાથી સૃષ્ટિની વિભિન્ન વસ્તુઓ અસ્તિત્વમાં આવી, પૃથ્વીની જમીન તથા દરિયા, ચંદ્ર, સૂર્ય તથા ગ્રહો જે આકર્ષણબળના કારણે પોતપોતાના મંડળમાં પરિભ્રમણ કરી રહ્યાં છે. પછી સૌ પ્રથમ પાણીમાં જીવનનું અસ્તિત્વ થયું અને પહેલીવાર પેદા થનારા તે જ સજીવોથી અગણિત વિભિન્ન પ્રકારના જીવો પ્રગતિ કરી જમીન પર ફેલાઈ ગયા જેમાંથી એક મનુષ્ય પણ છે. આ જ વિચારશૈલીના કારણે આજે પણ દરેક જગાએ જ્યાં પાણી અસ્તિત્વમાં છે ત્યાં જીવનની તલાશ કરવામાં આવી રહી છે. ઉત્ક્રાંતિમય વિચારધારાએ દુનિયાને કેટલું નુકસાન પહોંચાડયું કે દુનિયાનો કોઈ ખાલિક (સર્જનહાર) માલિક નથી, દુનિયા સ્વંય એક ઉત્ક્રાંતિમય પ્રક્રિયાના કારણે વજૂદમાં આવી છે. બસ, એટલું જાણી લેવું જોઈએ કે ડાર્વિન અને તેના પછી ફ્રાઈડ જેવા યૂરોપી ચિંતકોએ માનવને જાનવરોની સફ (લાઈન)માં ઉભા કરી દીધા, ઈન્સાન હવે ઈન્સાન ન રહ્યો, વાનરોની ઔલાદ બની ગયો !

## ડાર્વિનનો વિરોધ દરેક યુગમાં થયો !

મુસ્લિમ ઉલ્મા તથા વૈજ્ઞાનિકોએ દરેક દૌરમાં ડાર્વિનના જૂઠને સાબિત કરવાના પ્રયાસો કર્યા. દુનિયાવાળાઓને જણાવ્યું કે ઈન્સાન હઝરત આદમ علیہ السلامની ઔલાદ છે, બ્રહમાંડનો એક સર્જનહાર છે જેણે દરેક મખ્લૂક (સજીવ, નિર્જીવ)ને તેના વિશિષ્ટ પ્રકાર પર પેદા કરી છે અને તે જ

ખાલિકે હકીકી (અસલ સર્જનહાર) આ સૃષ્ટિની વ્યવસ્થા ચલાવી રહ્યો છે. પરંતુ દોઢસો વરસના ઈતિહાસમાં પહેલીવાર કોઈ વૈજ્ઞાનિકે આટલું દલીલસભર તથા વિસ્તૃત રીતે રદ ન થાય તેવા સાયન્સી સબૂતો સાથે ડ઼ાર્વિનના જૂઠને ઉઘાડુ કર્યું છે અને એ અટકળોનો પાયો હલાવી નાખ્યો છે જેના પર નેચરી વિચારધારાની ઈમારત ખડી કરવામાં આવી છે. હારૂન યહ્યાએ આઠસો પેજ પર ફેલાએલા સબૂતોને કેવળ છપાવ્યા જ નથી બલ્કે યૂરોપ તથા અમેરિકાના સર્વે વિખ્યાત શિક્ષણ કેન્દ્રો તથા વૈધશાળાઓમાં મોકલી ચેલેંજ આપી છે કે તેઓ તેનો જવાબ આપે. જાહેર છે કે જ્યારે બુનિયાદ જ બેઅસલ સાબિત થઈ ગઈ તો પછી ઈમારત ક્યાંથી ઉભી રહી શકે છે જેના પર પશ્ચિમી વિદ્વાનોને અભિમાન હતું. અગાઉના દોઢ સો વરસથી ડ઼ાર્વિનના જૂઠને એ રીતે રજૂ કરવામાં આવી રહ્યું છે જાણે તેણે દુનિયાને અંધકારમાંથી પ્રકાશમાં લાવવાનું મહાન કારનામુ આપ્યું હોય.

ડાર્વિનના જૂઠને જૂઠ કહેનારા લોકો પશ્ચિમી દેશોમાં પણ દરેક દૌરમાં મૌજૂદ રહ્યા છે. દા.ત. અમેરિકાના પ્રોટેસ્ટન્ટ ઈસાઈ સ્કૂલોમાં અપાતા આ જૂઠના શિક્ષણની વિરુધ્ધ અવાજ ઉઠાવતા રહ્યા છે. યૂરોપી દેશોમાં પણ ઘણા લોકો આ જૂઠને ગળ થી ઉતારવાના માટે તૈયાર ન હતા, પરંતુ હવે આ અવાજને તુર્કીના અદનાન ઓકતાર જે હારૂન યહ્યાના નામે મશ્હૂર છે તેમણે ખૂબ જ શક્તિ પૂરી પાડી છે. તેમણે પુષ્કળ સંખ્યામાં એવાં પુસ્તકો વી.ડી.ઓ., ડી.વી.ડી. તૈયાર કરી છે જેમાં અક઼ીદા (માન્યતા) અને સાયન્સની ઘણી બાબતો પર પ્રકાશ વેર્યો છે. એ જ પુસ્તકોમાં એક એટલાસ ઓફ ક્રિએશન (Atlas of Creation) પણ છે. આ પુસ્તક અત્યારે અમેરિકા અને યૂરોપના લગભગ તમામ ઉલ્લેખનીય વૈજ્ઞાનિક, પાર્લામેન્ટના મેમ્બરો, સ્કૂલો, કોલેજો તથા યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ તથા ટીચરોની મેજો સુધી પહોંચી ચૂકી છે. ૧૧ × ૧૭ની મોટી સાઈઝમાં ૮૦૦ પેજીસનું આ સુંદર પુસ્તક ડ઼ાર્વિનની થિયરીને એટલા દલીલબદ્ધ અંદાઝમાં ચેલેંજ કરે છે કે એને જૂઠલાવવું કોઈના માટે પણ સરળ નથી. હારૂન યહ્યાએ રદ ન થઈ શકે તેવી દલીલ વડે સાબિત કર્યું છે કે તબદીલી (Evolution) અશક્ય છે.

આ પુસ્તકે ફ્રાંસની સ્કૂલો, યુનિવર્સિટીઓ તથા વૈજ્ઞાનિક મ્યૂઝિયમોમાં આ મસ્અલા પર ઘણી ગંભીર ચર્ચા છેડી દીધી છે. કોલેજ ઘી ફ્રાંસમાં હિસ્ટોરીકલ બાયોલોજી તથા એવોલ્યુશિઝમના પ્રોફેસર અર્માન્ડ દિ રક્લસ કહે છે કે હજી સુધી તો દેશમાં હક઼ીક઼તમાં એવું સાહિત્ય દુર્લભ છે જે સૃષ્ટિના સર્જનની માન્યતા પર આધારિત હોય, પરંતુ તે એ વાત સ્વીકારે છે કે સ્કૂલોની અતિશય મજબૂત કેન્દ્રિય વ્યવસ્થા છતાં આવા કોઈ પુસ્તકને વિદ્યાર્થીઓ સુધી જતાં અટકાવવું શક્ય નથી. પરંતુ અમેરિકીઓના પ્રતિભાવ એનાથી ઘણા જ વિમુખ છે એવોલ્યુશિઝરી, બાયોલોજીના અમેરિકી પ્રોફેસર ક્યૂન પાડેનનું સાંભળો ! તે કહે છે કે, અમારા દેશમાં આ પ્રકારના બકવાસને કોઈ સ્થાન નથી.

## બકવાસ કોણ કરી રહ્યું છે ?

સવાલ એ છે કે બકવાસ કોણ કરી રહ્યું છે ? જેણે મજબૂત સાબિતીઓ તથા વૈજ્ઞાનિક દલીલોની સાથે એ સાબિત કરી આપ્યું છે કે માનવી વાનરની ઔલાદ નથી, ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ પાયાહિન, કાલ્પનિક, મનઘડત તથા બનાવટી કહાનીઓ પર આધારિત છે તે ? કે પછી તેઓ જેમણે માનવીઓને જાનવરની લાઈનમાં ઉભા કરી આપ્યા અને પોતાના બાતિલ અક઼ીદાઓ (માન્યતાઓ)ની પોલ ખુલી જવા છતાં હક્ક઼ને સ્વીકારવા તૈયાર નથી ? ડાર્વિનની માન્યતા પ્રમાણે પૃથ્વીના પટ પર

જીવનનું અસ્તિત્વ એ રીતે થયું કે અમુક નિર્જીવ કણોના આપસમાં ભેગા થવાથી આકસ્મિક રીતે પ્રથમ જીવ અસ્તિત્વમાં આવ્યો. પછી તે (નિર્જીવ રજકણોના આકસ્મિક મેળાપથી પેદા થયેલ જાનદાર) ખોળિયામાંથી આકસ્મિક રીતે પ્રથમ અદશ્ય તથા અતિશય નાના નાના જીવો અસ્તિત્વમાં આવી ગયાં. અને બેકટેરીયાથી માનવ સુધી સર્વ જીવો આવા આકસ્મિક અમલથી અસ્તિત્વમાં આવ્યાં છે. તો શું આ ગલત માન્યતાને ઠોસ દલીલો તથા સાયન્સી પુરાવાઓ વડે ગલત ઠરાવવું બકવાસ છે કે સદીઓના અનુભવોથી સાબિત થઈ જવા છતાં કે નિર્જીવ રજકણોમાં કોઈ આકસ્મિક ક્રિયા અને પ્રતિ ક્રિયાથી જીવ પૈદા નથી થઈ શક્તો, માનવ ઈતિહાસમાં કદી એવું નથી થયું, કોઈના પણ અનુભવમાં એ સ્થિતિ નથી જોવા મળી કે નિર્જીવ રજકણોના મળવાથી કોઈ જાનદાર ખોળિયુ વજૂદમાં આવી ગયું હોય, તેને અવગણીને પોતાની હઠ પર અડી રહેવું એ બકવાસ તથા અજ્ઞાનતા છે ? હારૂન યહ્યાએ પોતાના પુસ્તક Atlas of Creationમાં માઈક્રો બાયોલોજી, બાયો મેથેમેથિક્સ, સેલબાયોલોજી, બાયો કેમેસ્ટ્રી, એનાટોમી, ફિઝિયોલોજી, એન્થર બાયોલોજી તથા પેલ્યોન્ટોલોજી જેવી વૈજ્ઞાનિક વિદ્યાઓની રૂએ ડાર્વિનના ઉત્ક્રાંતિવાદને ગલત સાબિત કર્યો છે. પણ એમાં સૌથી મહત્વની, સ્પષ્ટ, સરળ સામાન્ય સમજવાળી, રદ ન થઈ શકે તેવી તથા અતિશય મજબૂત સાબિતી તે હજારો વરસોનો ફોસેલ રેકોર્ડ છે જે હારૂન યહ્યાએ પોતાના પુસ્તકમાં તસ્વીરો સાથે રજૂ કર્યો છે. નેચરીઓ (નાસ્તિકો)ના ભોઠા પડવાનું મૂળ કારણ પણ એ જ છે, કેમ કે એ હકીકતમાં ડાર્વિનના હથિયાર વડે જ તેનો શિકાર કરવાની કક્ષા ધરાવે છે.

## શૈતાની માન્યતાનો પાયો હચમચી ઉઠયો !

ડાર્વિને પોતાની શૈતાની માન્યતાનો પાયો અનુભવો પર રાખ્યો અને તેણે એના માટે એક અતિ આકર્ષક કહાની ઘડી હતી. તે પોતાની જિંદગીમાં કેવળ એકવાર ઈંગ્લેન્ડથી બહાર દક્ષિણ અમેરિકા ગયો હતો. પરંતુ ખૂદ તેણે તથા તેના અનુયાયીઓએ તેની આ મુસાફરીને એ રીતે વધારી ચઢાવીને રજૂ કરી કે જાણે તેણે ઘણી બધી દુનિયાની સૈર કરી લીધી હોય, પછી કલ્પનાના ઉડયનને અનુભવોનું નામ આપી દેવામાં આવ્યું. હારૂન યહ્યાએ ફોસેલ રેકોર્ડની મદદ વડે એ અનુભવોની વાસ્તવિક્તાને ઉઘાડી કરી આપી છે. તેમણે દર્શાવ્યું કે ડાર્વિન તથા તેના અનુયાયીઓ જે અનુભવોની વાત કરે છે તે દુનિયાનો સૌથી મોટો ધોકો છે. આ તત્વો કેટલાય વરસોથી દુનિયાને મૂર્ખ બનાવી રહ્યા છે અને માનવજાતની આંખોમાં ધૂળ ઝોંકી રહ્યા છે, નહીં તો હકીકત એ છે કે આ દુનિયાનો હજારો વરસોનો અનુભવ દર્શાવે છે કે જાનદારોની સ્થિતિમાં કદી કોઈ તબદીલી નથી આવી. માછલી હજારો વરસોથી પહેલાં પણ માછલી જ હતી. સબકલીની શક્લ તથા સૂરત હજારો વરસ પહેલાં પણ એવી જ હતી જેવી આજે છે. ઝાડ, છોડવા, જાનવર તથા માનવીમાં હજારો વરસોની મુદ્દતમાં કદી પણ કોઈની સ્થિતિ દેખાવામાં કોઈ પરિવર્તન અનુભવમાં આવ્યું નથી. કદી એવું નથી થયું કે પ્રગતિ કરીને એક ચીજ બીજી ચીજમાં ફેરવાઈ ગઈ હોય.

## ફોસેલ રેકોર્ડ શું છે ?

હવે પ્રશ્ન ઉઠે છે કે ફોસેલ રેકર્ડો શું છે ? વૈજ્ઞાનિક પરિભાષાના અર્થમાં કોઈ જાનદારના તે શરીરને ફોસેલ કહે છે જે એક લાંબા કાળ પહેલાં મરી ચૂક્યો હોય પરંતુ તે આજે પણ પોતાની પ્રાકૃતિક સ્થિતિમાં બાકી હોય. દા.ત. માનવી કે જાનવરનો તે ઢાંચો (માળખુ) જે હજારો વરસો પહેલાં દફન કરવામાં આવ્યો અથવા જમીનમાં દબાવવામાં આવ્યો. આજે જ્યારે કે સાયન્સ એવી

પ્રગતિની મંઝિલે પહોંચી ગયું છે કે કોઈ ચીજની કેટલી ઉમર તથા કેટલી પૂરાણી છે તે માલૂમ કરી શકાય છે, કાર્બન ડેટીંગ વડે ભાળ મેળવી શકાય છે કે કોઈ ચીજ ગમે તેટલી પૂરાણી છે તો દુનિયાભરમાં જોવા મળતા એવા શરીરો પોતાની કહાની પોતે સંભળાવવા કાબેલ થઈ ગયાં છે. આ બાકી રહેલાં શરીરોના વિશાળ અભ્યાસ અને વૈજ્ઞાનિક અખતરાઓથી પ્રાપ્ત થયેલ જાણકારીને ફોસેલ રેકોર્ડ કહેવામાં આવે છે ફોસેલ એ સન પૂર્વેની હજારો વરસોની પૂરાણી જિંદગીની વિગતવાર માહિતીની સૌથી વિશ્વસનીય સાબિતી છે. દુનિયાના વિવિધ ભાગોમાં લાખોની સંખ્યામાં ફોસેલ હાંસલ કરી શકાય છે જે પૃથ્વીના પટ પર જીવ સૃષ્ટિની સ્થિતિ અને ઈતિહાસનું પરિક્ષણ કરવામાં મદદગાર સાબિત થઈ રહ્યાં છે. આ લાખો ફોસેલ બતાવે છે કે તેઓ પોતાના સંપૂર્ણ વિકસિત તથા ગુંચવણભર્યા સ્વરૂપમાં અચાનક ઉપસ્થિત થયાં, ન કે તેઓ પ્રથમ અસ્તિત્વમાં હતાં અને ક્રમે ક્રમે પ્રગતિ કરીને વર્તમાન સ્વરૂપમાં આવ્યાં. દા.ત. એક દેડકાને લઈ લો, કે જેવો તે આજે છે તેવો આજથી ૨૮૦ મિલિયન વરસનો ફોસેલ બતાવે છે કે તે ત્યારે પણ એવો જ હતો, એક ૨૮૦ મિલિયન વરસના દેડકા અને આજના દેડકામાં કોઈ ફરક નથી જોવા મળતો.

પાછલા ૧૫૦ વરસો અથવા એથી અધિક અરસામાં દુનિયાભરમાં જમીનથી હાંસલ થનારા લાખો ફોસેલ બતાવે છે કે માછલી હમેશાંથી માછલી છે, કીડા મકોડા હમેશાંથી કીડા મકોડા હતા, પક્ષીઓ હમેશાંથી પક્ષી જ હતાં, અને સરકનારાં જાનવરો હમેશાં સરકનારાં જ રહ્યાં છે. આ ગાળામાં કોઈ એક પણ એવા ફોસેલનો નિર્દેશ નથી થઈ શક્તો જેનાથી જરા પણ નિર્દેશ મળતો હોય કે કોઈ જાનદારના દેખાવ કે સ્થિતિમાં કોઈ તબદીલી આવી હોય. બીજા શબ્દોમાં કે કોઈ માછલી જળ વનસ્પતિમાં ફેરવાઈ ગઈ હોય અથવા સરકનારાં જાનવરો પક્ષીઓ બની ગયાં હોય. જ્યારે હજારો બલ્કે લાખો વરસમાં એ કદી અનુભવમાં ન આવ્યું, તો પછી ડ઼ાર્વિન તથા તેના અનુયાયીઓ કયા અનુભવો (અખતરાઓ)ની વાત કરે છે ? હારૂન યહ્યાના આ પ્રશ્નનો દુનિયાભરના નેચરીઓ (નાસ્તિકો)માંથી કોઈની પાસે જવાબ નથી. કુર્આને કરીમના આ સત્યને જૂઠ લાવીને "દુનિયા તથા એમાં જે કાંઈ પણ જાનદાર કે નિર્જીવ ચીજો છે સૌને અલ્લાહે પેદા કરી છે" તેઓ આજે પણ નુકસાનમાં છે અને હમેશાં નુકસાનમાં રહેશે. કુર્આને કરીમે તો ખૂબ જ સ્પષ્ટ તથા સાફ સાફ બતાવી આપ્યું કે માખી, મચ્છર તથા ચાંચડથી લઈને મોટાં મોટાં મહાન જાનવરો સુદ્ધાંને એ જ ખાલિકે મુત્લકે (અલ્લાહે) બનાવ્યાં છે જેની કુદરતથી કાંઈપણ બહાર નથી. તેણે કેવળ છ દિવસમાં આ દુનિયા બનાવી. જમીન તથા આસ્માન બનાવ્યું, ચાંદ તારાઓ, સૂરજ, માનવ તથા જાનવર સૌનું સર્જન તેની જ કુદરતના હાથોનો કરિશ્મો છે. કોઈ સબબ અથવા આકસ્મિક ક્રિયાનું પરિણામ નથી ! આ સૃષ્ટિમાં જે આકસ્મિક તબદીલી તથા પ્રાકૃતિક વ્યવસ્થા જોવા મળે છે તે પણ એ જ કાદિરે મુત્લક રબની કુદરત છે જેના પર કુર્આને કરીમે માનવોને વારંવાર ચિંતન મનન કરવાનું નિમંત્રણ આપ્યું છે, એના પર જેટલું પણ ચિંતન વિચારણા કરવામાં આવશે એટલું જ અલ્લાહની કુદરત પર માનવીનું ઈમાન મજબૂત થતુ જશે. કુદરતના જાહેર થતા કરિશ્માઓના અનુભવો અલ્લાહના વજૂદ તથા તેની જાત તથા સિફાત (ખૂબીઓ) પર માનવીના ઈમાન તથા યકીનને મજબૂત કરે છે ન કે કમજોર. પણ એ પોત પોતાના નસીબ તથા તૌફીકની વાત છે કે એનાથી કોણ હિદાયણ પામે છે અને કોણ અધિક ગુમરાહીમાં ડૂબતો જાય છે ?!

*(નઈ દુન્યા અઠવાડિક, ૬ થી ૧૨ ઓગસ્ટ–૨૦૦૭)*

## બરકાતે ખ્વાજાની ટપાલ

કાર્યાલય

**'બરકાતે ખ્વાજા' (માસિક) અંક અઝીમ સરમાયા**

જનાબ એડિટર સાહબ ! બઅદ અઝ્ સલામ, હાફિઝ ઈબ્રાહીમ સાહબ હિંમતનગર તશરીફ લાએ થે ઉનસે લેકર માહનામા 'બરકાતે ખ્વાજા' પઢા. જો મિલ્લતે ઈસ્લામિયા કે લિએ એક અઝીમ સરમાયા હૈ. યે માહનામા વક્તકી અહમ તેહરીક હૈ. યે વો શમ્અ હૈ જો હર ઉસ દિલમેં મુનવ્વર રહેગી જિસમેં ઈશ્કે રસૂલ ﷺ કી ચિન્ગારી મૌજૂદ હૈ. યે માહનામા વક્ત કા અહમ દીની મવાદ ફરાહમ કરતા હૈ. ઉમ્મીદ હૈ કે હમેશા ઈસમેં દિનદૂની રાત ચોગુની તરક્કી હોતી રહે. –(મૌલાના મુહમ્મદ ગુલઝાર અશરફ સિદ્દીકી, ચીફ એડિટર 'અલહસન' ત્રિમાસિક વ સદર મુદર્રિસીન દા.ઉ. હસનિયા–હિંમતગર)

**દયાદરાના મિસ્બાહી ઉલમાનો ઈસ્તકબાલિયા પ્રોગ્રામ યોજાયો**

ચાલુ વર્ષે મશહૂર અરબી યુનિ. જામિઆ અશરફિયા–મુબારકપુર (જિ. આઝમગઢ, યુ.પી.)થી આલિમ ફાઝિલની સનદ મેળવીને આવનાર દયાદરા ગામના યુવાન ઉલમા (૧) જનાબ મૌલાના ગુલામદસ્તગીર મિસ્બાહી (૨) મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી (૩) મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી તેમજ (૪) જનાબ મૌલાના મુફ્તી મુહમ્મદ શાકિર મિસ્બાહી (S/o. શબ્બીર પટેલ રઝવી, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)ના માનમાં પીરે તરીકત, રહબરે શરીઅત, શેરે સૌરાષ્ટ્ર ખલીફા તાજુશ્શરીઅહ્ હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા (જામનગર)ની સદારતમાં શાનદાર પ્રોગ્રામ થયો જેમાં ચારેવ મિસ્બાહી મૌલાનાઓએ શાનદાર બયાનો પણ કર્યા અંતમાં હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ સાહબે ઈમાન અફરોઝ બયાન કરીને મિસ્બાહી મૌલાના હઝરાતની મહેનતને દુઆઓ સાથે બિરદાવી હતી તથા માંબાપને ગામવાળાઓને મુબારકબાદ પેશ કરી હતી.

**એક જરૂરી એલાન**

દારુલ ઉલૂમ હસનિયા (જામા મસ્જિદ કેમ્પસ, હિંમતનગર, જિ. સાબરકાંઠા) ખાતે હાફિઝ, આલિમ, ફાઝિલ, કારી, ઈમામત કોર્સ ચાલે છે તેમજ બહેનો માટે મદ્રસા ફાતિમતુઝ્ઝહરા જેમાં કેવળ સ્થાનિક બહેનો માટે દીનીયાત તથા તજવીદની તાલીમ આપવામાં આવે છે. આ ઈદારામાંથી એક ત્રિમાસિક ''અલ હસન'' નામથી પ્રસિદ્ધ થાય છે જે ગુજરાતી લિપિ ઉર્દૂ બોલીમાં છપાય છે જે હઝરત અલ્લામા મુફ્તી કમર આલમ સાહબ કિબ્લા કાદરી રિફાકતી (શૈખુલ હદીષ દા.ઉ. જમદાશાહી, યુ.પી.)ની સરપરસ્તીમાં હઝરત મૌલાના સૈયદ કમર કુત્બી કારંટવી સાહબની ઝેરે હિમાયત ચાલે છે. ચીફ એડિટર : મુફ્તી મુહમ્મદ ગુલઝાર અશરફ સિદ્દીક સાહબ છે. જેનું વાર્ષિક લવાજમ રૂા. ૪૦/– ભરી ગ્રાહક થવા ગુઝારિશ છે.

**સરનામુ** : સેહમાહી અલહસન, દારુલ ઉલૂમ, હસનિયહ્, જામા મસ્જિદ કેમ્પસ, હિંમતનગર, પિન. ૩૮૩ ૦૦૧, સાબરકાંઠા (૦૨૭૭૨) ૨૪૧૭૬૪

**દસ્તારબંદીના જલ્સા યોજાયા**

★ દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામ (તા. જિ. ભરૂચ)માં ચાલુ સાલે હાફિઝ થનાર **૦૩** તલબાની દસ્તારબંદીનો પ્રોગ્રામ હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા તથા હઝરત સૈયદ હશ્મતઅલી મજુમિયાં બરકાતી જંબુસરવાળાની સરપરસ્તી તથા સદારતમાં યોજાયો જેમાં મૌલાના હબીબુલ્લાહ વસોવાલા, મૌલાના ઈદરીસ સાહબ પાનવાળા બાલાસીનોરીએ બયાનો ફર્માવ્યાં તથા જામિઆ સિદ્દીકા અલ્બનાતમાંથી **૫૪** આલિમા **૬૦** ફાઝિલાની સનદે રિદાનો પ્રોગ્રામ યોજાયો જેમાં હજીયાણી ખદીજા આપા એ બયાન કર્યું હતું.

★ખાનકાહે નક્શબંદિયા મુજદ્દિદિયા ઉસ્માનિયા હેઠળ ચાલતા દારુલ ઉલૂમ હઝરત સૈયદના સિદ્દીકે અકબર (رضی اللہ عنہ), ફઝલે રબ પાર્ક, સરખેજ રોઝા પાસે, મકરબા, અમદાવાદ ખાતે હાફિઝ કારી થનાર **૫** તલબાની દસ્તારબંદીનો જલસો તા. ૧૭–૯–૨૦૦૭ના રોજ સવારે સાડા નવ વાગ્યે પીરે તરીકત હાજી મુહમ્મદ ઈકબાલ સાહબ કુરૈશી નક્શબંદી મુજદ્દિદીની સદારતમાં યોજાયો જેમાં હઝરત અલ્લામા મૌલાના અબ્દુલ અઝીઝ સાહબ નઈમી અશરફી ભાગલપુરીએ બયાન કર્યું હતું. ઘણા નામી ગિરામી ઉલમા તથા આગેવાનોએ હાજરી આપી હતી.

★ દારુલ ઉલૂમ અન્વારે મુસ્તફા રઝા–ધ્રોલમાંથી તથા દારુલ ઉલૂમ હુસૈનિયા રઝવિયા લાલપુરમાંથી ૨૪ આલિમ ફાઝિલ, ૧૧–હાફિઝ, ૧૫–કારી થયા જેમની દસ્તારબંદી બહરુલ ઉલૂમ હઝરત અલ્લામા મુફ્તી અબ્દુલ મન્નાન સાહબ (ઘોસી), અશરફુલ ઉલમા હઝરત અલ્લામા મુફ્તી અશ્ફાક હુસૈન સાહબ (જોધપુર), હઝરત સૈયદ નજીબ હૈદર

સાહબ મારહરવી, મુફતી મતીઉર્રહમાન સાહબ–બિહાર વગેરે નામી ગિરામી ઉલમાએ હાજરી આપી બયાનો કર્યા હતાં તેમજ જામિઆ આઈશા મદ્રસતુલ બનાતમાં ફાઝિલા થનાર ૨૧–બહેનોને સનદે રિદાએ ફઝીલતથી નવાઝવામાં આવી હતી જેમાં મોહતરમા સલમા આપા મુંબઈએ હાજરી આપી બયાન કર્યું હતું.

★ દારુલ ઉલૂમ ગૌષે આ'ઝમ–પોરબંદર ખાતે ૧૪–આલિમ, ૧૫–હાફિઝ, ૩૬–કારી થનારાઓની દસ્તારબંદીનો પ્રોગ્રામ હઝરત સૈયદ નજીબ હૈદર સાહબ મારહરવીની સદારતમાં હઝરત અલ્લામા મુફતી અશ્ફાકહુસૈન સાહબ, હઝરત સૈયદ મોઈનુદ્દીનબાવા (વડોદરા)ની મૌજૂદગીમાં ગુજરાત તથા ગુજરાત બહારના નામી ગિરામી ઉલમાની હાજરીમાં તા. ૨૫–૮–૦૭ના રોજ રાત્રે ઈશાબાદ શાનો શૌકતથી રાખવામાં આવ્યો હતો.

### પોસ્ટકાર્ડ લખી મફત મંગાવો

★ ઈસ્લામી વર્ષની ઈબાદત ★ ફિરદોસે નિસ્વાં અર્થાત ઔરતોની જન્નત ★ તોહફાએ દુરૂદ

પ્રકાશક : **હુસૈની કમિટી (સુન્ની)**, ૮ લાટી પ્લોટ સામે, મોરબી–૩૬૩૬૪૧, જિ. રાજકોટ

### કિતાબો મફત મંગાવો

★ ઈલ્મે દીન (ભાગ–૩) તથા ★ હદીષ શરીફ

પ્રકાશક : **ગરીબ નવાઝ કમિટી,** રેલ્વે કોલોની, કવા નં. ૯૧–ડી, મુા. હાપા. જિ. જામનગર

### શાદીખાના આબાદી

**મુંબઈ** : ખાતે તા. ૨૩–૮–૨૦૦૭ના રોજ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી સાહબની નેક સાહબઝાદી હજ્યાણી સાદીયાબાનુના નિકાહ હાફિઝ અહમદ (S/o. અલ્હાજ હુઝૂર અહમદ ગફુર અહમદ ફુટવાલા) સાથે ખૂબ જ સાદગીથી અસર બાદ ઈસ્માઈલ હબીબ મસ્જિદમાં પુષ્કળ ઉલમા, સાદાત તથા મુબલ્લિગીન તથા અવામની હાજરીમાં થયા હતા અને જમવાની દા'વત હજ્જ હાઉસ ખાતે સંપૂર્ણ પર્દાની વ્યવસ્થા સાથે ઔરતો માટેના અલગ ઈન્તેઝામ સાથે રાખવામાં આવી હતી. દુલ્હા–દુલ્હનને તેમજ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીને તેમજ તેમના વડીલબંધુઓ જનાબ રફીકભાઈ, જનાબ અમીનભાઈ તથા સર્વ કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! મૌલા કરીમ તેના હબીબેપાક ﷺના સદકામાં આ જોડાની જિંદગીને બરકતો, રહમતો તથા ખૂબ નેઅમતોથી નવાઝે અને આપસમાં અતિશય મહોબ્બત અતા કરે. આમીન *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**હલદરવા** : (તા. કરજણ) મુકામે જનાબ દાઉદ ઈસ્માઈલ ભાઈજીના નેક ફરઝંદ હુસૈનની શાદી ફઝીલાબાનુ (D/o. હાજી ઐયૂબભાઈ મુહમ્મદ ઝંઘારવાળા) સાથે તા. ૧–૯–૨૦૦૭ના રોજ રાખવામાં આવી. સર્વેને મુબારકબાદ ! *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ઈમદાદની અપીલ

સરખેજથી મદ્રસએ ગુલશને બગદાદના સરપરસ્ત સૈયદ કારી, અલ્લામા પીરઝાદા સફીયુલ્લાહ બાવાની યાદી જણાવે છે કે, ગામ સરખેજ ઠે, આયશા પાર્કમાં મદ્રસએ ગુલશને બગદાદ ચાલે છે તેના નિભાવ ખર્ચ અને બાંધકામ માટે સખીદાતાઓને અપીલ છે કે માહે રમઝાનમાં આપની ઝકાત, ખૈરાત, ઈમદાદ વિગેરે મની ઓર્ડર કે ચેક યા ડ્રાફટથી "તરક્કીએ ઈસ્લામ"ના નામથી મોકલી આપી સવાબના હક્કદાર થશો. મદ્રસાનું બાંધકામ અંદાજે અઢી લાખનું બાકી છે. ગરીબ વસ્તીમાં ચાલી રહેલ છે.

**લખો** : તરક્કીએ ઈસ્લામ C/o. મદ્રસએ ગુલશને બગદાદ, સરખેજ, ઠે. આયશા પાર્ક, અહમદબાદ, ફોન : (૦૭૯) ૨૬૮૨૫૧૧૨

### મૌતુલ આલિમ મૌતુલ આલમ

નબીરએ આ'લા હઝરત ઉસ્તાદે ઝમન હઝરત હસન રઝાખાં رحمۃ اللہ علیہના પૌત્ર મુહદ્દિષે બરેલ્વી હઝરત અલ્લામા મૌલાના મુફતી તેહસીન રઝાખાં સાહબનો નાગપુર નજીક ગમખ્વાર રોડ અકસ્માતમાં તા. ૩–૮–૦૭ જુમ્આના રોજ ઈન્તેકાલ થઈ ગયો. તેમની સાથે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના જમાઈ હઝરત મૌલાના સાજિદમિયાં સાહબના જમાઈ હઝરત મૌલાના ઝહીર રઝાખાં સાહબનો પણ ઈન્તેકાલ થઈ ગયો. આ ગમખ્વાર સમાચાર ભરૂચ વડોદરા જિલ્લામાં ફેલાતાં સુન્ની જગતમાં સન્નાટો છવાઈ ગયો હતો. આપના ઈસાલે સવાબ અર્થે દયાદરા જામેએ મસ્જિદ તથા મદ્રસામાં, દા.ઉ ગુલશને અજમેર–ભરૂચ, દા.ઉ. બરકાતે ખ્વાજા–આમોદ, દા.ઉ. મોઈનુલ ઈસ્લામ–થામ, દા.ઉ. મુસ્તફાઈય્યા–હલદરવા તેમજ જંબુસર વડોદરા વગેરે સ્થળોએ કુર્આન ખ્વાની કરવામાં આવી હતી. નાગપુર ખાતે મોડી સાંજે બંને હઝરાતને આખરી ગુસ્લ આપી જનાઝાને હઝરત મૌલાના મુજીબ અશરફ સાહબના રહેઠાણ પર લાવવામાં આવ્યા, જ્યાં લગભગ છ હજાર જેટલા સુન્ની બિરાદરોએ જનાઝાની પઢી હતી. બીજા દિવસે બંને મુબારક દેહોને નાગપુરથી

દિલ્હી વિમાન માર્ગે રવાના કર્યા. ત્યાંથી એમ્બ્યુલન્સ મારફતે બરેલી શરીફ લાવવામાં આવ્યાં. બરેલી શરીફ ખાતે રવિવારે બપોરે અઢી વાગે તેમને સુપુર્દે ખાક કરવામાં આવ્યા. હુઝૂર અખ્તર રઝા સાહબ કિબ્લા અઝહરીમિયાં مدظلہ العالیએ નમાઝે જનાઝા પઢાવી જ્યાં ૬ લાખ જેટલી મહામેદની દેશભરમાંથી એકત્ર થયેલી. રબ તઆલા તેના હબીબે પાક ﷺના સદકામાં બંનેવ હઝરાત رحمۃ اللہ علیہماની મગફેરત ફર્માવે, તેમની કબ્રો પર અન્વારો તજલ્લિયાતની વર્ષા ફર્માવે તેમની રૂહ મુબારકને જન્નતુલ ફિરદોસમાં આ'લા મકામ અતા ફર્માવે અને દરજાત બુલંદ ફર્માવે. આમીન. *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

★ પાકિસ્તાનના મહાન સુન્ની આલિમ શૈખુલ હદીષ હઝરત અલ્લામા અબ્દુલ હકીમ શરફ કાદરી સાહબનો લાહોર મુકામે તા. ૧–૯–૦૭ના ઈન્તેકાલ થઈ ગયો એવા સમાચાર **U.K.**થી મૌલાના ઈકબાલ મિસ્બાહી થકી મળતાં દિલ રંજો ગમથી ભરાઈ ગયું. એક પછી એક મહાન હસ્તીઓ દુનિયાથી વિદાય થઈ રહી છે. જામિઆ અમજદિયા રઝવિય્યહ લાહોરના આપ મહાન શૈખુલ હદીષ હતા, આપે એટલી કિતાબો લખી કે સાહિબે તસાનિફે કષીરા (પુષ્કળ કિતાબો લખનાર)ના લકબથી આપને યાદ કરવામાં આવતા હતા. મસ્લકે આ'લા હઝરતના મજબૂત પ્રચારક હતા. આ'લા હઝરતના ઈશ્કમાં ચૂર હતા. એકવાર ચાર પાંચ વરસ પહેલાં અમે મુંબઈ આઝાદ મેદાન ખાતે "સુન્ની દા'વતે ઈસ્લામી"ના આલમી ઈજતેમામાં આપનો ઈમાન અફરોઝ ઈલ્મી ખિતાબ સાંભળ્યો હતો. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં આપને જન્નતમાં ઉચ્ચથી ઉચ્ચ મકામ અતા કરે. આમીન. *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

★ **વડોદરા** : ખાતે હુઝૂર અઝીમે મિલ્લત علیہ الرحمۃ والرضوانના સાહબઝાદી અને હુઝૂર મોઈને મિલ્લત હઝરત સૈયદ મોઈનુદ્દીનબાવા (ખાનકાહે અહલે સુન્નત વડોદરા)ના બહેન સૈયદા મખ્દૂમજહાં આપાનો તા. ૧૨–૯–૦૭ના રોજ ઈન્તેકાલ થયાના સમાચાર અખ્બારો થકી જાણવા મળતાં અમોએ રંજની લાગણી અનુભવી. મર્હૂમાની નમાઝે જનાઝા હઝરત સૈયદ નઝમી મારહરવી સાહબે પઢાવી હતી. મૌલા કરીમ મર્હૂમા સૈયદઝાદીની મગફેરત ફર્માવે અને જન્નતમાં આ'લાથી આ'લાથી મકામ અતા ફર્માવે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. આમીન
*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

★ **વડોદરા** : દારુલ ઉલૂમ આ'લા હઝરત (બાવામાનપુરા)ના ટ્રસ્ટી જનાબ હાજી અબ્દુલઅઝીઝ મેમણ ધનાની બરકાતી જણાવે છે જનાબ માસ્તર યુસુફ મૂસા કાપડીયા ટંકારીઆવાળા જેમણે સતત ૩૭ વરસ દા.ઉ. આ'લા હઝરતમાં નાઝિમે આ'લા તરીકેની ખિદમત અંજામ આપી તેમનો ઈન્તેકાલ તા. ૧૩–૯–૦૭ના રોજ તેમના નિવાસ સ્થાને ભરૂચ ખાતે થઈ ગયો છે. મર્હૂમની દફનવિધિ ટંકારીઆ મુકામે કરવામાં આવી. મર્હૂમ દીનદાર, પ્રમાણિક, નેક ખયાલ ચુસ્ત સુન્ની હતા. મૌલા કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમની ખિદમતોને કબૂલ ફર્માવે અને મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા દરજ્જો અતા કરે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. આમીન *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

★ **દયાદરા** : મુકામે જનાબ મુહમ્મદ મૂસા અલીભાયજી તા. ૧૯–૮–૨૦૦૭ તથા જનાબ અલીભાઈ ટીંડુનો તા. ૮–૯–૦૭ના રોજ ઈન્તેકાલ થઈ ગયો. મૌલા તઆલા તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમોની મગફેરત ફર્માવી જન્નતમાં ઉચ્ચ મકામ અતા કરે તથા કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. આમીન
*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

★ **ભાવનગર** : ખાતે હબીબખાન અ. રહમાનખાન પઠાણના પત્ની જેતુનબહેન (ઉ. ૭૨)નો ઈન્તેકાલ તા. ૧૭–૭–૦૭ મંગળવારે થયો હતો. મર્હૂમા સખી દિલ, નમાઝી, પરહેઝગાર, મિલનસાર સ્વભાવનાં હતાં. તેમની ઝિયારતમાં વિરમગામથી પીર સૈયદ હાજી હાજીમિયાં બાપુએ હાજરી આપી દુઆએ મગફેરત કરી હતી. રબ તઆલા તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે. આમીન
*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

★ **પાલેજ** : થી અ. મજીદ શેખ ઓપરેટર જણાવે છે કે ૬–રજબના રોજ અશરફભાઈ અબ્દુલભાઈ, ૭–રજબના રોજ ઈબ્રાહીમભાઈ કાસમભાઈ, શબે મેઅરાજની રાત્રીએ જુમ્આ મસ્જિદના ટ્રસ્ટી અને સુન્નિયતના ખિદમતગાર જનાબ હાજી સૈયદ અહમદઅલી અલ્લીમિયાં ઈન્તેકાલ કરી ગયા. તથા ૨૯–૭–૦૭ના રોજ 'કાશ્મિર બોમ્બ વિસ્ફોટ'માં નર્મદા–વડોદરા જિલ્લાના ૬ મર્હૂમો અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં છે. મૂસાભાઈ ઈસ્માઈલ શેખ, મલંગભાઈ સામરવાળા, રઝીયાબેન વડોદરા, રાબીયા બેન રાજપીપળાવાળા, અમીના બેન–ડભોઈ અને ૨૦ થી ૨૫ માણસો ઘાયલ થયાં છે. મૌલા કરીમ મર્હૂમોની મગફેરત ફર્માવે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે અને ઘાયલ થનારાંઓને જલ્દીથી શિફા અતા કરે. આમીન. *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ફોન, SMS કે પોસ્ટકાર્ડ લખી મફત મંગાવો !**

કિતાબ : **ધાર્મિક એકતાના નામે ધર્મોમાં ભેળસેળથી બચો !** (પેજીસ : ૪૮)

સંપાદક : **પટેલ શબ્બીરઅલી રઝવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)* પ્રકાશક : **અંજુમને રઝાએ મુસ્તફા,** મુ. **દયાદરા**, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૪૨૭૮ ૧૭૩૯૯ **નોંધ** : રૂા. ૨૦૦ ભરી અંજુમનના મેમ્બર થનાર તેમજ ડોનરોને પણ કિતાબો વિના જાણ કરે ફીમાં મોકલવામાં આવે છે. લિલ્લાહ, ઝકાત વગેરેથી સહકાર કરવા વિનંતિ છે.

**ઉર્સે સૈયદ નૂરાની-પેટલાદ**

પીરે તરીકત, મોહસિને સુન્નિયત હઝરત કિબ્લા સૈયદ નૂરાનીબાવા رحمۃ اللہ علیہનો સાતમો સાલાના ઉર્સ મુબારક તા. ૨૦-શવ્વાલ હિ.સ. ૧૪૨૮ના રોજ પેટલાદ મુકામે પીરે તરીકત સજ્જાદાનશીન હઝરત સૈયદ યૂસુફબાવા નૂરાનીની સદારતમાં શાનો શૌકતથી મનાવવામાં આવશે. જુલૂસ, સંદલ, ગુલપોશી વગેરે રસ્મો સાહિબે સજ્જાદાના હસ્તે થશે.

*રજૂ. નૂર મુહમ્મદભાઈ નૂરાની (થામવાળા)*

## બરકાતે ખ્વાજા માસિક થકી ચાલતી લેખ હરીફાઈનું પરિણામ

કાર્યાલય

## વિષય : માહોલની ખરાબીના સબબો અને તેનો ઈલાજ

**લેખ હરીફાઈમાં ભાગ લેનારા ખુશનસીબો**

(૧) **ઈનાયતહુસૈન ઈકબાલહુસૈન શેખ** *(M.E.S. નૂરાની સ્કૂલ-રાજપારડી)*

(૨) **મુહમ્મદ સલીમ મસ્તુ-આંતી** *(દારુલ ઉલૂમ અશરફિયા મુસ્તફાઈયા-ટંકારીયા)*

(૩) **મુહમ્મદ અનીસ રિફાકતી** *(દારુલ ઉલૂમ ગૌષે સમદાની, મુ. પીપળીયારાજ, તા. વાંકાનેર)*

(૪) **ડો. અસ્મા વસીવાલા (કારીઆ)** *(દારુલ ઉલૂમ ફાતિમતુઝ્ઝોહરા-હિંમતનગર)*

(૫) **વાઝા જાવિદહુસૈન ગુલામહુસૈન** *(ભાલોદ રોડ, રાજપારડી, તા. ઝઘડીયા)*

(૬) **ખોખર આબિદઅલી ઈકરારઅલી** *(મૂળ-સવાલા, હાલ-પાટણ, જિ. મહેસાણા)*

**★ લેખ હરીફાઈમાં પ્રથમ ત્રણ નંબર મેળવનારાઓનાં નામો ★**

| | | |
|---|---|---|
| **નંબર ૧** : મુહમ્મદ અનીસ રિફાકતી-પીપળીયારાજ | રૂા. ૩૦૦/- | (પ્રથમ ઈનામ) |
| **નંબર ૨** : ઈનાયત હુસૈન ઈકબાલ હુસૈન શેખ-રાજપારડી | રૂા. ૨૦૦/- | (બીજુ ઈનામ) |
| **નંબર ૩** : ખોખર આબિદ અલી ઈકરાર અલી-પાટણ | રૂા. ૧૦૦/- | (ત્રીજુ ઈનામ) |

**હવે ક્યા વિષય પર લેખ મોકલશો ?!**

**ઈસ્લામમાં સ્ત્રી અધિકાર તથા માનવ હક્કોનું મહત્વ અને વર્તમાન જગત**

તા. **૧૨-૧૧-૨૦૦૭** સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો.

**આપ ﷺએ સ્ત્રી, પુરૂષ સર્વના હક્કોની સાચવણી તથા દુશ્મનો-કેદીઓ પર પણ કૃપા વરસાવી, ખુંખાર મુજરિમોને પણ માફી બખ્શી વિશ્વશાંતિનો અનોખો કાનૂન જગતને આપ્યો તે સંબંધે સંશોધનાત્મક સચોટ હવાલા સાથે લેખો મોકલો.**